# આશીર્વાદ



શ્રી ભાગવત વિદ્યાપીઠ અને
માનવમંદિરના સૌજન્યથી

પ્રથમ વર્ષ
બીજો અંક
ડિસે. '૬૬

सत्यम् शिवम् सुं ।

# આશીર્વાદ

સર્વે સુખિનઃ સન્તુ

વર્ષ : ૧ ] સંવત ૨૦૨૩: કાર્તિક : ડિસેમ્બર ૧૯૬૬ [ અંક : ૨

સંસ્થાપક

દેવેન્દ્રવિજય
'જય ભગવાન'

*

અધ્યક્ષ

કૃષ્ણશંકર શાસ્ત્રી

*

સંપાદનસમિતિ

એમ. જે. ગોરધનદાસ
કનૈયાલાલ દવે

*

માનદ્ વ્યવસ્થાપક

'શિવશક્તિ'

*

કાર્યાલય

ભાઉની પોળની બારી પાસે,
રાયપુર, અમદાવાદ-૧

*

વાર્ષિક લવાજમ

ભારતમાં રૂ. ૩-૦૦
વિદેશમાં શિલિંગ ૬-૦૦

## તને કોણ જુએ છે?

एकोऽहमस्मीत्यात्मानं यत् त्वं कल्याण मन्यसे ।
नित्यं स्थितस्ते हृद्येष पुण्यपापेक्षिता मुनिः ॥

હે ભાઈ, તું જે એમ માને છે કે હું જે સારાં-ખોટાં કર્મો કરું છું તેને તું એકલો જ જાણે છે, તે તારી ભૂલ છે. તારા હૃદય ઉપર અંતર્યામી પરમાત્મા નિત્ય બેઠેલો છે. તે તારાં કર્મોને જાણે છે એટલું જ નહિ તે નિત્ય તારાં પુણ્ય-પાપ-કર્મોને જોતો પણ હોય છે. તે વિશ્વનો દ્રષ્ટા, વિશ્વનો નિયંતા અને વિશ્વવ્યાપી પરમાત્મા છે. તું ખરી રીતે તેનાથી જુદો કે એકલો નથી. એથી તું તને વિશ્વથી જુદો કે એકલો ગણીને તારા એકલા માટે સ્વાર્થી કે હીન કર્મો ન કરતાં સર્વ પ્રાણીઓમાં તને પોતાને જોઈને, સર્વને પરમાત્મારૂપ જોઈને, સર્વના અર્થે-વિશ્વના હિતમાં, કર્મો કરનારો થા. એથી તને પરમાત્માના આશીર્વાદ મળશે અને તું ક્ષુદ્ર જીવ-ભાવમાંથી નીકળીને પરમાત્મભાવને પામીશ.

ૐ

# અનુક્રમ


| | | |
|---|---|---|
| તને કોણ જુએ છે? | "ૐ" | ૧ |
| શ્રી રામચરિતમાનસ | શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજી | ૭ |
| ધ્યાનયોગ | સ્વામી શ્રી શિવાનંદજી | ૯ |
| આપણે શાને આધારે કામ કરવાનું છે? | વિનોબા ભાવે | ૧૦ |
| સાચા આશીર્વાદ | ,, | ,, |
| કર્મયોગ | સ્વામી વિવેકાનંદ | ૧૧ |
| સૌભાગ્યની ક્ષણ | રવીન્દ્રનાથ ટાગોર | ૧૨ |
| હું મને શોધી રહ્યો છું (કાવ્ય) | શ્રી કરસનદાસ માણેક | ૧૨ |
| અમંગલ વેશમાં મંગલ તત્ત્વ | શ્રી 'મધ્યબિંદુ' | ૧૩ |
| સિદ્ધિનો ઉપાય | ગાંધીજી | ૧૩ |
| પ્રાર્થના | શ્રી 'જય ભગવાન' | ૧૪ |
| રામને ઋણી રાખ્યા | શ્રી દુલા ભાયા 'કાગ' | ૧૪ |
| બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ | મુનિ શ્રી સંતબાલજી | ૧૫ |
| જન્મ અને મૃત્યુનો સમન્વય | શ્રી ફિરોઝ કા. દાવર | ૧૬ |
| દેખાયું (કવિત) | શ્રી કનૈયાલાલ દવે | ૧૬ |
| માનવતાનો મરજીવો | શ્રી પૃથ્વીસિંહ ઝાલા | ૧૭ |
| લોકશાહી સાથે વિસંગત | શ્રી પુ. ગ. માવલંકર | ૧૯ |
| થઈ બેઠા (કવિત) | શ્રી કનૈયાલાલ દવે | ૨૦ |
| ગોરક્ષા માટે આપણે શું કરવું જોઈએ? | શ્રી 'મધ્યબિંદુ' | ૨૧ |
| રજકણ (સંકલિત) | શ્રી 'શિવશક્તિ' | ૨૪ |
| સમુદ્રમંથન (૧) | શ્રી ડોંગરે મહારાજ | ૨૫ |
| વિશ્વવિચિત્રતાનું રહસ્ય | પં. શ્રી ભાનુવિજયજી ગણિવર્ય | ૨૭ |
| સ્વદોષદર્શન (કવિત) | સૂરદાસ | ૨૮ |
| દરદો અટકાવનારા ઇલાજો | શ્રી 'હૃદયયોગી' | ૨૯ |
| ઈશ્વરી તત્ત્વનો અનુભવ | શ્રી 'મધ્યબિંદુ' | ૩૦ |
| માનવમંદિર (સેવાપ્રવૃત્તિ-સમાચાર) | | ૩૧ |
| માનવતા | શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજી | ૩૩ |
| સંતતિનિયમન | શ્રી મંગળદાસ જ ગોરધનદાસ | ૩૬ |
| શ્રી ભાગવત વિદ્યાપીઠ (રૂપરેખા) | | ૩૭ |

# સંદેશાઓ

'આશીર્વાદ' માસિકના પ્રકાશન માટે શુભેચ્છાના સંદેશાઓ આવેલા, તેમાંથી કેટલાક પ્રથમ અંકમાં મૂકયા છે. તે પછી 'આશીર્વાદ'નું ઉદ્‌ઘાટન થયા પછી આવેલા સંદેશાઓમાંથી કેટલાક અહીં રજૂ કરીએ છીએ:

"શ્રી ભાગવત વિદ્યાપીઠ અને 'માનવમંદિર' તરફથી એક માસિકનું પ્રકાશન શરૂ કરો છો જાણી આનંદ થયો. 'આશીર્વાદ'નું વાચન એના વાચકોને પ્રેરણાપ્રદ અને માર્ગદર્શક નીવડો એવી મારી શુભેચ્છા છે."

**મોરારજી દેસાઈ**

"'આશીર્વાદ'ના ઉદ્‌ઘાટનપ્રસંગે હું મારી શુભેચ્છાઓ વ્યક્ત કરું છું."

**ટી. ડી. કંસારા**

(જનરલ મેનેજર, બેંક ઑફ ઇંડિયા)

"શ્રી ભાગવત વિદ્યાપીઠ અને 'માનવમંદિર' જેવી આદરણીય સંસ્થાઓ તરફથી પ્રકટ થનાર માસિક આ યુગને અનુરૂપ સંસ્કૃતિને સુસંગત સાહિત્ય પ્રકાશિત કરી પ્રજાને સાચે જ આશીર્વાદરૂપ નીવડશે એવી આશા રાખું છું."

**નવનીતલાલ રણછોડલાલ**

"આશીર્વાદ જેવા સાંસ્કારિક સાહિત્યના માસિકના ઉદ્‌ઘાટનથી મને ખૂબ આનંદ થયો છે. તમારી આ બધી ઉત્સાહભરી પ્રવૃત્તિ ભારતીય સંસ્કૃતિનું નવનિર્માણ કરનારી થાઓ એવી આશા રાખું છું. મારી સદ્‌ભાવનાઓ અને શુભેચ્છાઓ તમારી સાથે છે."

**કે. જે. સોમૈયા**

આજે જ્યારે સમાજમાં રાગ, દ્વેષ, ઈર્ષા, દંભ અને અભિમાનનું જોર વ્યાપી રહ્યું છે ત્યારે 'આશીર્વાદ' જનતાજનાર્દનને આશીર્વાદરૂપ નીવડે એ જ પ્રભુ પ્રત્યે અભ્યર્થના.

**શંભુ મહારાજ**

ગુજરાતની જનતાને 'આશીર્વાદ' દ્વારા ભારતીય સંસ્કૃતિનું રસદર્શન થાય અને ધાર્મિક જગતમાં નવીન શક્તિનું નિર્માણ થાય એવી મા જગદંબા પ્રત્યે પ્રાર્થના કરું છું.

**૧૦૮ આચાર્ય શ્રી ભગવતી**
**માઈમંદિર, નડિયાદ**

# પ્રથમ અંકને પગલે

'આશીર્વાદ'ના પ્રથમ અંકનું પ્રકાશન જનતા સમક્ષ રજૂ થતાં જ તેને સારો આવકાર મળ્યો છે. આ અંગે શુભેચ્છા દર્શાવતા, અભિનંદન આપતા અને પ્રગતિ ઇચ્છતા પત્રો આવતા રહ્યા છે. વાચકજનતાની આ શુભેચ્છા અને સદ્‌ભાવનાથી આશીર્વાદ માટે એક નવું બળ અને પ્રેરણા પ્રાપ્ત થાય છે.

સમાજ અને રાષ્ટ્રના ઘડતરમાં "આશીર્વાદ" દ્વારા નવનિર્માણનું કાર્ય થાય, એક નવીન વિચારધારા સમાજમાં પ્રવાહિત થાય તે જોવાની અભિલાષા છે. આ અભિલાષાને મૂર્તિમંત બનાવવા માટે "આશીર્વાદે" પોતાની તમામ શક્તિ જનતાજનાર્દનને ચરણે સમર્પિત કરવાનો નિર્ધાર કર્યો છે. આ એક ભગીરથ કાર્ય છે, છતાં પણ આપ સૌના સહકારનું બળ અમારી આ વિચારધારાને મૂર્ત બનાવશે એવી શ્રદ્ધા પ્રકટે છે.

"આશીર્વાદ"ના સેવાભાવી પ્રતિનિધિ ભાઈઓનો તથા 'જય ભગવાન સત્સંગ મંડળ'ના સભ્યોનો ઉત્સાહ ખરેખર પ્રશંસનીય છે. 'આશીર્વાદ'ની પ્રગતિમાં તેઓ આરંભથી જ સહાયક બન્યા છે, એમ કહેવામાં જરાયે અતિશયોક્તિ નથી.

'આશીર્વાદ'ને પસંદ કરનાર સૌકોઈ જનોને સહૃદય ભાવે વિનંતિ કે તેનો વધુમાં વધુ પ્રચાર કરી, અન્ય મિત્રોને ગ્રાહક થવાની પ્રેરણા આપી, 'આશીર્વાદ'ને ઘરઘરનું માસિક બનાવવામાં સહાયરૂપ થશો.

'શિવશક્તિ'

## આવશ્યક માહિતી

**પ્રકાશનના સામાન્ય નિયમો**

- દર મહિનાની ૧૫મી તારીખે પ્રકટ થાય છે.
- તા. ૨૨મી સુધીમાં અંક ન મળે તો પોસ્ટ ઑફિસ સાથે સંપર્ક સાધી તેના જવાબ સહિત કાર્યાલયને જાણ કરવી.
- પત્રવ્યવહાર સમયે ગ્રાહક નંબર અથવા લવાજમ પહોંચ નંબર જણાવવો જરૂરી છે.

■

આશીર્વાદ ન મળવા બાબત, અગર કોઈ પણ ફરિયાદ અંગે પત્રવ્યવહાર કરતી વખતે આપનો ગ્રાહક નંબર અથવા લવાજમ પહોંચ નંબર જણાવવા ખાસ વિનંતી છે.

## આશીર્વાદમાં—

- જીવનનાં સત્યોનું દર્શન આપનારું સાહિત્ય પ્રકટ કરવામાં આવે છે.
- કોઈ પણ મનુષ્યને તેના વ્યાવહારિક ક્ષેત્રમાં વાસ્તવિક માર્ગદર્શન, ઉચ્ચ પ્રેરણા–પ્રકાશ મળે તેવું સાહિત્ય આપવામાં આવે છે.
- સર્વ ધર્મો, ધર્મ–સંપ્રદાયો, આગમો–દર્શનો–શાસ્ત્રો–માંથી જીવનનો વિકાસ કરનાર સારભૂત તત્ત્વ આપવામાં આવે છે.
- આ ધોરણના લેખો, સત્ત્વયુક્ત વાર્તાઓ, કાવ્યો, ઉપયોગી જીવનપ્રસંગો, બોધક અનુભવો વગેરેનું સાહિત્ય પ્રકટ કરાય છે.
- આ પ્રકારનું સાહિત્ય મોકલવા સૌકોઈ લેખકોને આમંત્રણ છે.
- પ્રસિદ્ધ કરાયેલ કૃતિ માટે પુરસ્કાર આપવામાં આવે છે.

# "આશીર્વાદ" : ઉદ્‌ઘાટનસમારંભ

'આશીર્વાદ' માસિકના પ્રકાશનના પ્રથમ અંકનો ઉદ્‌ઘાટનવિધિ તા. ૬-૧૧-૬૬ રવિવારના રોજ સવારે ૯-૩૦ વાગે જ્યોતિસંઘ હૉલ, રીલીફરોડ, અમદાવાદમાં જાણીતા સંનિષ્ઠ કાર્યકર શ્રી પ્રભુદાસ પટવારીના પ્રમુખપદે ગુજરાતના રાજ્યપાલ શ્રી નિત્યાનંદ કાનુન્ગોના વરદ હસ્તે ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે અતિથિવિશેષ તરીકે સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જસ્ટીસ અને બનારસ હિન્દુ યુનિવર્સિટીના માજી ઉપકુલપતિ શ્રી નટવરલાલ હીરાલાલ ભગવતી હાજર રહ્યા હતા. આ ઉપરાંત ગુજરાત હાઈકોર્ટના જસ્ટીસ શ્રી પી. એન. ભગવતી, શેઠશ્રી રમણલાલ ખંભાતવાળા, અમદાવાદ કેમીસ્ટ મરચન્ટ એસોસિયેશનના માનદ મંત્રી શ્રી શાન્તિલાલ શાહ તથા શહેરના જાણીતા નાગરિકો, શુભેચ્છકો અને સ્થાનિક તેમજ બહારગામના સેવાભાવી પ્રતિનિધિઓએ ખાસ હાજરી આપી હતી.

પ્રારંભમાં શ્રી પ્રભુદાસ પટવારીએ પ્રાસંગિક પ્રવચન કરતાં જણાવ્યું કે સમાજમાં આવાં ઉચ્ચ માસિકોની ખાસ જરૂર છે, જે દેશના યુવાન વર્ગને નવી પ્રેરણા અને ભારતની સંસ્કૃતિનો નવો સંદેશો આપે.

ત્યારબાદ માનવમંદિરના સ્થાપક અને 'આશીર્વાદ'ના સંસ્થાપક પંડિત શ્રી દેવેન્દ્રવિજયે પોતાના ટૂંકા પ્રવચનમાં જણાવ્યું કે ભજન, કીર્તન અને સત્સંગ દ્વારા સમાજના નૈતિક સ્તરને ઊંચે લાવવાનો પ્રયાસ કીર્તનકારો, સંતો, ભક્તો કરે જ છે, છતાં સાહિત્યના માધ્યમ દ્વારા વિચારોની ક્રાન્તિ કરવાનો આ નમ્ર પ્રયાસ છે. જનતા તેને અપનાવશે એવી મારી સંપૂર્ણ શ્રદ્ધા છે.

ઉદ્‌ઘાટનના આ શુભ પ્રસંગે મુંબઈથી ખાસ હાજર રહેલા જાણીતા સાહિત્યકાર અને 'આશીર્વાદ'ના સ્તંભસમા શ્રી કનૈયાલાલ દવેએ પોતાની વિશિષ્ટ કાવ્ય કૃતિ "જન્મ થયો" રજૂ કરી શ્રોતાઓને મુગ્ધ કર્યા હતા. આ ઉપરાંત જાણીતા વિદ્વાન પ્રાધ્યાપક શ્રી રમેશ ભટ્ટે પોતાની લાક્ષણિક શૈલીમાં 'આશીર્વાદ'નો આછો હેવાલ રજૂ કર્યો હતો.

'આશીર્વાદ' માસિક પત્રનું ઉદ્‌ઘાટન કરતાં રાજ્યપાલશ્રી નિત્યાનંદ કાનુન્ગોએ જણાવ્યું કે વાચન દ્વારા મનુષ્યના જીવનનું પરિવર્તન થાય છે. આજે સમાજના જીવનઘડતર માટે ઉત્તમ પ્રકારના સાહિત્યની ખાસ જરૂર છે. ધર્મ અને સંસ્કારનું સિંચન કરનારાં પત્રો સમાજના ઘડતરનાં મહત્ત્વનો ફાળો આપે છે. આપણા સમાજમાં સારા વાચનની અને આવા



**જ્યોત પ્રકટાવી 'આશીર્વાદના'ના પ્રથમ અંકનું ઉદ્‌ઘાટન કરતા માનનીય રાજપાલ શ્રી નિત્યાનંદ કાનુન્ગો**

વાચનને જીવનમાં પચાવવાની જરૂર છે. ગુજરાતમાં શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજી અને પંડિત શ્રી દેવેન્દ્રવિજય જેવા ધર્મના સંસ્કારોનું સિંચન કરનારા મહાનુભાવો છે તેને કારણે મને આશા છે કે ગુજરાતનું સંસ્કાર-ધન ગુજરાતનાં યુવક–યુવતીઓમાં પ્રકટ થશે અને આ ગુણો પેદા કરવામાં "આશીર્વાદ" પત્ર મહત્ત્વનો ફાળો આપશે

અતિથિવિશેષ તરીકે હાજર રહેલા સુપ્રિમ કોર્ટના નિવૃત્ત જસ્ટીસ શ્રી ભગવતીએ બોલતાં જણાવ્યું કે હાલનો જમાનો ઘણો કઠિન છે. આપણા દેશમાં માનવજીવનને ધાર્મિક ભાવ તરફ વાળવાની ખૂબ જરૂર છે. કારણ કે ધાર્મિક ભાવના દ્વારા જ ઉચ્ચ જીવન તરફ જઈ શકાય છે. 'આશીર્વાદ' આવા પ્રકારનું ઉચ્ચ વાચન જનતાને આપશે એવી આશા રાખું છું.

અંતમાં કાર્યાલય તરફથી શ્રી કાન્તિભાઈ શાહે આભારવિધિ કર્યો હતો અને પ્રસાદ લીધા બાદ ખુશનુમા વાતાવરણમાં સભારંભ પૂરો થયો હતો.



રાજ્યપાલશ્રીનું સંમાન કરતા 'આશીર્વાદ'ના સંસ્થાપક શ્રી દેવેન્દ્રવિજય



આમંત્રિત મહેમાનો

# શ્રી રામચરિતમાનસ

શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રી

રામાયણનું લક્ષ્યબિંદુ છે શાંતિ. શાંતિ ને તૃપ્તિ મનુષ્યની સંજીવની છે. વસ્તુ ક્રિયા અને વિધાન એક છે. વિધાનના બે શબ્દો. એક છે દંડ અને બીજો દંભ. દંભ અને દંડમાં ફેર કેટલો ? શાસનથી થાય તે દંડ અને સમજથી થાય તે દંભ. સમજથી મનુષ્યને સમાધાન મળે. સમાધાનથી વિધાન અઘરું લાગતું નથી. વૃત્તિને અનુસરીને માર્ગદર્શન થયું તે શાસ્ત્ર. શાસ્ત્રમાં કોમળતા લાવવા માટે સ્વરૂપ અનુકૂળ લેવા માંડ્યું. અને તેનું નામ કાર્ય. એ કાર્યને કલ્યાણનું પ્રદાન કરવું હતું. આનંદ નિત્યમાં છે, આગંતુકમાં નથી. આગ્રહ સ્વભાવમાં રહે છે ને દુઃખ દે છે. અને એ આગ્રહ માનવને માનવતાથી દૂર કરી દે છે. દિલથી દિલને દૂર કરી દે તેને પ્રમાણ કહેવાય, સ્વભાવ કહેવાય કે દુરાગ્રહ કહેવાય. સ્નેહ પર અને તત્પર છે. સ્નેહ તત્પર ક્યારે બને છે કે જ્યારે દેહથી દૂર હોવાનો વખત આવે ત્યારે. શંકાનું સર્જન એ પ્રકૃતિનું લક્ષણ છે. અને શંકાનું વિસર્જન એ પ્રકૃતિનું ઉપાર્જન (સુખ) છે. શાસ્ત્રનું ઉપાર્જન પોતાને ઉપયોગી નહીં નીવડે પણ વારસદારને ઉપયોગી થશે. શ્રદ્ધાનું સર્જન શાસ્ત્રોનું દ્રવ્ય છે ને શ્રદ્ધા શંકાનો નાશ કરશે. માનવ ઉપદ્રવમાં કેમ મુકાયો ? કોઈના દુઃખમાં દ્રવીભૂત થઈ જાય એને દેવ કહેવાય. સમજનું સર્જન શાસ્ત્ર છે અને શાસ્ત્ર સમાધાન કરશે. જે માનવ સમાધાન કરશે એ સુખ મેળવશે, શાંતિ મેળવશે. આગ્રહ એક વસ્તુના અકારણ બે ટુકડા કરશે. માટે બધું સમજાશે સમાધાનથી. સમજને ત્યાંથી શાંતિ ને તૃપ્તિ મળશે. શાંતિ એ ચિત્તની મિલકત છે. અને તૃપ્તિ વિત્તની મિલકત છે. વિત્ત એટલે વસ્તુ. પદાર્થ કે ભોગોને હદ હોય છે. વિંધિનાં નક્કી કરેલાં વિધાનો ઘરમાં જ રહેશે, પણ ક્યારે–જ્યારે સમાધાન થશે ત્યારે. સકારણ અકળામણમાં ઈશ્વર સહાય થાય છે પણ અકારણ અકળામણમાં ઈશ્વર નિરુપાય છે. પોતાના સ્વરૂપને જોવું એ પ્રેમ. પ્રભુની ઉપાસના એ જ્ઞાન. આંખથી જોવાય એ સ્વર્ગ અને બુદ્ધિથી અનુભવાય એ અપવર્ગ. શ્રદ્ધા આવી અને વૈકુંઠ બોલ્યું 'સેવા', ગોલોક બોલ્યો 'વિરક્તિ', મુક્તિ બોલી 'પ્રીતિ', ભક્તિ બોલી 'નિઃસ્વાર્થ,' ભોગ બોલ્યો 'સંયમ,' યોગ બોલ્યો 'વિનિયોગ, એટલે વ્યાજબી રીતે વાપરવું. સમાધાને 'સાકેત' કહ્યું. સમર્પણ એ સાકેતધામ છે–શ્રીરામનું સ્થાન. વૈષ્ણવનું સ્થાન વૈકુંઠધામ. સેવકનું સ્થાન ગોલોકધામ. ચિંતાનું ધામ મુક્તિ. સર્વેને માટે ખપી જવાનું સ્થાન ભક્તિ સર્વમાંથી મન ઉઠાવી લેવું એ વિરક્તિ સ્વાર્થ આવ્યો ને ભોગ બોલ્યો. નામ પડે એટલે સ્થાન જુદાં પડ્યાં. જ્યાં સુધી અખંડ ત્યાં સુધી બંડ નહિ.

શ્રી રામનું નામ શાંતિ ને તૃપ્તિ આપશે. રામનું નામ મનમાં રહેશે તો શાંતિ, અને ધનમાં રહેશે તો તૃપ્તિ. શાંતિ અને તૃપ્તિ એ બે સહચરીઓ છે. તૃપ્તિ શાંતિને બારણે જાય છે એટલે શાંતિનું પૂજન થાય છે તૃપ્તિને તપશ્ચર્યા કરવાની નહીં. પદાર્થો પાસે હોવા છતાં ભોગવવાના નહીં. પદાર્થો પોતાના નથી એવી સમજ એ તૃપ્તિ. તૃપ્તિ ત્યાગના ઘરમાંથી પેદા થઈ. તૃપ્તિને સહેવાનું પણ કહેવાતું નહીં. તરીએ એટલો દરિયો નહીં પણ ડૂબ્યો એટલો દરિયો. શાંતિ અને તૃપ્તિના સંયોગથી પ્રભુદર્શન થાય. માનવનો સત્સંગપ્રયોગ એટલે પરણ્યાની સાર્થકતા. તૃપ્તિ થઈ ન હોય તો તાપ, સંતાપ, પાપ હોય છે. સંતાપ એટલે અપ્રાપ્ય પદાર્થો માટે મનસૂબો. તૃપ્તિને બારણે તપ છે અને સંતોષ છે. બળાત્કારે વેઠવું એ તાપ, પણ સમજીને વેઠવું એ તપ સત્કારીને વેઠવું એ તપ કહેવાય. આખું રામાયણ તૃપ્તિ અને શાંતિનું આંગણું છે. રામનામ આપે છે શાંતિ, ચિત્તસંપત્તિ અને તૃપ્તિ. ચિત્તની સંપત્તિ એટલે શાંતિ ખૂટે ત્યારે નામનો આશરો લેવો. તો શાંતિ જરૂર આવશે. ભગવન્નામ અને રામ એ બે ભેટ છે તો તેના ઉપર તાપને બદલે તપ છે. સંતાપને બદલે સંતોષ છે અને પાપને બદલે પ્રેમ છે. આવશ્યકતા આપ્ત પુરુષની નક્કી કરેલી હોવી જોઈએ.

કિનારો નથી એવી કઈ નદી છે ? તો એ નદી આશા અને ઇચ્છા છે. તાટકા, શૂર્પણખા, અહલ્યા અને કૈકેયી એ કિનારા વિનાની સરિતા છે. એમાં જે કોઈ ડૂબ્યા છે તે મૂર્ખા છે. તાટકા, અહલ્યા ને શૂર્પણખા આ ત્રણે ભેગી થઈ એટલે કૈકેયી. કશું ખરચાવ્યા વિના સુખ આપશે એ કથા અને બધું જ ખરચાવ્યા પછી દુઃખ આપશે એ થાક. અધિકાર નહોતો પણ આશા કરી એટલે શૂર્પણખા. આશા નહોતી છતાં પણ ઇચ્છા કરી એ કૈકેયી ઇચ્છાએ આવશ્યકતાનો વિચાર ન કર્યો. વ્યવસ્થા માટે રામ

રાજા હતા. પણ સુખ માટે સહુકોઈ રાજા હતા. જેટલું સુખ રામરાજાને હતું તેટલું જ સુખ તેમનાં પ્રજાજનોને હતું. અને આ છે રામાયણનું પ્રધાન તત્ત્વ શાંતિ મનમાં અને તૃપ્તિ તનમાં રહેશે.

ધ્યાનથી મળતું હતું તે સત્યયુગ, ત્રેતા અને દ્વાપર. અને ધનથી મળવા માંડ્યું એ કલિયુગ રાવણને ત્યાં બધું ધનથી મળવા માંડ્યું, રામને ત્યાં બધું ધ્યાનથી મળતું. વિભીષણે ધ્યાનથી લેવાનું નક્કી કર્યું. ધ્યાનમાંથી નીકળીને ધનથી લેવાનું કૈકેયીએ નક્કી કર્યું.

વ્યવસ્થા થાય ત્યારે વનમાં જવું એ રામનો સિદ્ધાંત નહોતો પણ વ્યવસ્થા સંભાળનાર થાય ત્યારે વનમાં જવું એ રામનો સિદ્ધાંત હતો અને એ જ રામાયણનો સિદ્ધાંત. ઉત્તરાવસ્થામાં વાનપ્રસ્થ કે સંન્યાસ નહોતો પણ ઉત્તરાવસ્થામાં વાનપ્રસ્થ થવાતું. ઉત્તરાવસ્થામાં વાનપ્રસ્થ થાય એ રામચંદ્રજીના પૂર્વજો. ઉત્તમાવસ્થામાં વાનપ્રસ્થ થાય એ રામ.

રામ એટલે ચરિત્ર, જીવન અને કવન. જીવન એટલે પ્રત્યક્ષ કાળમાં રામ. કવન એટલે પરોક્ષ કાળમાં રામનામ.

ભરતને ગાદી આપવાની કઈ જરૂરિયાત ઊભી થઈ? ધ્રુવ અને ઉત્તમ આ બેની વચમાંનો અસાધારણ દોષ, વૈષમ્ય સુરુચિને લીધે. જો આવા અસાધારણ દોષ અને વૈષમ્ય રામ અને ભરતની વચમાં હોત તો રામને માટે કૈકેયીએ વિષમતા સેવી હોત તે બરાબર છે. કૈકેયીની અકારણ આશા અને ઇચ્છાએ ભરતને ગાદી આપવાની જરૂરિયાત ઊભી કરી. રામચરિતમાનસ ભગવાન રામનું મહાકાવ્ય છે. તૃપ્તિ વિના મનને સુખ નહીં મળે. મન સંગ્રહ, સંદેહ કે શંકા કરે ત્યારે કહેવું 'શાંતિ'. મન સંકલ્પ કરે ત્યારે તે સક્રિય બને. મન સ્વાભાવિક રીતે સર્વ કંઈ કરે તો તૃપ્તિ મળે.

રામાયણના ચાર પ્રકાર :

(૧) યોગવાસિષ્ઠ–અધ્યાત્મ જ્ઞાનભંડાર. આમાં ઇતિહાસ કમ છે પણ જ્ઞાન પ્રચુર છે.

(૨) વાલ્મીકિ-વિવિધ ઇતિહાસસંગ્રહ.

(૩) આનંદરામાયણ–અલ્પ કાવ્ય છે.

(૪) અદ્દ્ભુત રામાયણ–ચમત્કૃતિ ભરેલું કાવ્ય છે. આ કાવ્યમાં પ્રત્યેક પાત્રોની જે સ્વરૂપપ્રતિષ્ઠા છે તે વિશ્વપ્રતિષ્ઠા માટે અને વિશ્વની મનોનિષ્ઠા માટે અત્યંત આવશ્યક છે. જે મનોનિષ્ઠા વિના વિશ્વ દુઃખી છે તે મનોનિષ્ઠા રામચરિતમાનસ પૂરી પાડે છે. રામચરિતમાનસ ભગવાનનું નામાત્મક સ્વરૂપ છે.

શ્રી રામનાં સાત અંગ માટે રામાયણનાં સાત અંગ છે :

| | | | |
|---|---|---|---|
| (૧) | બે ચરણારવિંદ | – ઉદ્યોગ, યોગ | = બાલકાંડ |
| (૨) | કટિવિભાગ | – સંયમ | = અયોધ્યાકાંડ |
| (૩) | ઉદર | – તપ | = અરણ્યકાંડ |
| (૪) | વક્ષઃસ્થળ | – હૃદય, ત્યાગ | = કિષ્કિંધાકાંડ |
| (૫) | કંઠ | – યોગ, સમતોલપણું | = સુંદરકાંડ |
| (૬) | મુખ | – પ્રેમ | = લંકાકાંડ |
| (૭) | મસ્તક | – વેદ | = ઉત્તરકાંડ |

બાળકાંડ એટલે બ્રહ્મચર્ય અને વિદ્યા. ૨૪ વર્ષનું વય એટલે બાલકાંડ.

અયોધ્યાકાંડ એટલે બક્ષિસ કે વસ્તુ આપીને ત્યાગ અને પ્રીતિ સંપાદન કરવી. ત્યાગ હંમેશાં ભીતિ સાથે રહેલો છે. પરવશ થાય ને કરવું પડે તે ભીતિ. રામાયણમાં Will નથી પણ Gift છે. Will(વસિયતનામું)મા ઝઘડા છે પણ બક્ષિસમાં બલિદાન (Sacrifice) છે. જીવન, ધન અને યૌવન પર જપ્તી બેસે તે પહેલાં બક્ષિસ કરી દેજો. અયોધ્યા–કાંડે ગમ ખાતાં શીખવાડ્યું. ગમ ખાના ચીજ બડી હૈ. કોઈ દેખ લીયો જો ગમ ખાય. રામચરિત-માનસમાં ચારે ગમથી એક ગમ મળે છે. ગમ મળે તો ગમ્મત મળે.

અરણ્યકાંડ – ૪૦ મે વર્ષે તપ અને ત્યાગ તથા પ્રીતિ અને ત્યાગ. આ છે અયોધ્યાકાંડના પ્રાણ. ઋષિઓ સાથેનો સંપર્ક તે અરણ્યકાંડ.

કિષ્કિંધાકાંડ – સત્પુરુષોનો સંબંધ. જેવો કે હનુમાનજી, સુગ્રીવ વગેરે સત્પુરુષના સંપર્કથી સદાચાર અને સંતસંગતિ પ્રાપ્ત થાય. જો વાનરમાં સત્સંગતિ અને સદાચાર આવે તો નરમાં તો આવે જ ને? દુરાચાર અને દુઃસંગતિ એટલે વાલી.

સુંદરકાંડ – સેવા ને સંતોષ શીખવે છે. સેવા એટલે સીતા અને હનુમાન.

લંકાકાંડ એટલે કાળ. જરાવસ્થામાં વિવેક અને વિરક્તિ જોઈએ. વૃદ્ધાવસ્થામાં આસક્તિ ને ભોગથી સુખ ખરાબ બને છે. લંકામાં આસક્તિ અને ભોગ એટલે ત્યાગ અને પ્રીતિ તે રામ.

ઉત્તરકાંડ એટલે મુક્તિ અને આનંદ. જ્ઞાન, પ્રીતિ, શાંતિ ને તૃપ્તિ એટલે ઉત્તરકાંડ. (ક્રમશઃ)

# ધ્યાનયોગ

**સ્વામીશ્રી શિવાનંદજી**

આ ધ્યાનયોગ કંઈ ફક્ત યોગીઓએ જ કરવાનો નથી. સંસારીઓએ–ગૃહસ્થોએ પણ પોતાના માનસની સ્વસ્થતા અને શાન્તિ માટે નિત્ય યથાશક્તિ આનો અભ્યાસ કરવાનો છે. એથી વ્યાકુળતા ઓછી થાય છે, મન સૂક્ષ્મ અને મજબૂત બને છે

સવારે ચાર વાગ્યે બ્રાહ્મમુહૂર્તમાં ઊઠી જાઓ. તમને જે અનુકૂળ પડે તે આસને બેસો. સિદ્ધાસન, પદ્માસન, સુખાસન કે સ્વસ્તિકાસને બેસો. અથવા પલાંઠી વાળીને બેસો. ગરદન અને કરોડ એક સીધી લીટીમાં રાખો સ્નાયુઓ, નાડીઓ અને મગજને તંગ રાગશો નહિ; સાધારણ ઢીલાં અર્થાત્ સ્વાભાવિક સ્થિતિમાં રાખો પછી સ્થૂલ બાબતોમાં બહાર રખડતા મનને શાન્ત કરો. આંખો બંધ કરો. ચંચળતથી ફર્યા કરતા મન સાથે એકદમ ઝઘડતા નહિ. તમને ધ્યાનમાં ડખલ કરતા વિચારોને કડકપણે હાંકી કાઢતા નહિ. મન અને વિચારોના દ્રષ્ટા બનીને તમે તેમને જોતા રહો. સ્થૂલ પદાર્થો અને તેમની વાસનાના વિચારોનો ત્યાગ કરો. તમે સ્થૂલ પદાર્થોના ભૂખ્યા કે તેમના ગુલામ નથી પણ સ્થૂલના સર્જક છો એવો ભાવ ધારણ કરો. ઉચ્ચ, વિવેકયુક્ત અને સાત્ત્વિક વિચારો કરો એથી વાસનામય વિચારો આપોઆપ જ નાશ પામશે.

ધ્યાનના અભ્યાસ સમયે પણ જો મન બહાર દોડી જાય તો કંટાળો ન કરશો. એકવાર એને દોડી જવા દો. પછી ધીમે ધીમે તેને તમારા લક્ષ્ય તરફ લાવવા પ્રયત્ન કરો. આ પ્રમાણેના વારંવારના અભ્યાસથી મન છેવટે તમારા અંતઃકરણના કેન્દ્રમાં કેન્દ્રિત થશે. શરૂઆતમાં મન એંશી વાર નાસી જશે છ મહિના પછી એ સિત્તેર વાર નાસી જશે બે વર્ષમાં ત્રીસ વાર, પણ પાંચ વર્ષના હૃદયપૂર્વકના પ્રયત્નથી એ સાક્ષીચૈતન્યમાં સ્થિરતાથી રહી શકશે. વાસનારહિત મનુષ્યનું સાક્ષીભાવમાં સ્થિર થયેલું ચિત્ત ઈશ્વરી વ્યાપક સત્યોનો બોધ સ્વાભાવિક રીતે જ પામી શકે છે કોઈ પણ બાબતની સત્યતાને અથવા અસત્યતાને તે બરાબર સમજી શકે છે, અને આમાંથી તેને દિવ્ય જ્ઞાનનો દિવ્ય આનંદ પ્રાપ્ત થાય છે. જેમ રખડુ બળદ લીલું ઘાસ ચરવા માટે ગમે તેના ખેતરમાં ઘૂસી જાય છે, પરંતુ જો તેને તેના ખીલા ઉપર જ સારું ખાણુ મળતું હોય છે તો પછી તે ખીલો છોડીને ક્યાંય જવાનો વિચાર પણ કરતો નથી, એમ નિર્લેપ સાક્ષીભાવમાં મનને પરમ આનંદ મળતો હોવાથી પછી તે જુદા જુદા સ્થૂલ પદાર્થો ભોગવવાની વાસનાવાળા વિચારોમાં ડૂબી ન જતાં તટસ્થ નિર્લેપ ભાવમાં તરતું–જાગ્રત રહી શકે છે.

જો ધ્યાનમાં બહુ શ્રમ કે કંટાળો લાગતો હોય તો થોડા દિવસ માટે ધ્યાનનો સમય ઘટાડી નાખો. હળવું જ ધ્યાન કરો અથવા કેવળ નામજપ કરો. ફરીથી જ્યારે શક્તિ આવે ત્યારે ધ્યાનનો સમય વધારો. ચિત્તને કેમ વાસનામુક્ત બનાવવું તે માટે તમારી સામાન્ય બુદ્ધિનો ઉપયોગ કરતા રહો. પછી તો તમે જાતે જ મનના દોષો પકડી પાડવાનો અને તેમને દૂર કરવાનો પ્રકાશ તથા તેના ઉપાયોનું માર્ગદર્શન તમારી અંદરથી જ મેળવી શકશો.

આખા વિશ્વમાં સર્વવ્યાપક એક જ પદાર્થ છે એવી ભાવના રાખો. દરરોજ વૈરાગ્ય, ધ્યાન, ધૈર્ય, ખંત, દયા, પ્રેમ, ક્ષમા વગેરે સદ્‌ગુણો વધારવા જોઈએ. વૈરાગ્યની સાથે આ સદ્‌ગુણો ધ્યાનયોગ સિદ્ધ થવામાં મદદ કરે છે.

જેમ તમે મૌન રહીને શક્તિ એકઠી કરો છો, તેવી જ રીતે મનમાં નકામા વિચારોને આવતા રોકીને માનસિક શક્તિ ભેગી કરવી જોઈએ. પછી તમને ધ્યાન માટે પુષ્કળ પ્રમાણમાં તમારી અંદર રહેલી શક્તિનો લાભ મળશે.

ગરીબીથી નિરાશ ન થાઓ. સત્‌-ચારિત્ર્ય, સ્વાશ્રય અને પુરુષાર્થનો આશ્રય લો. દુનિયામાં આપોઆપ તમારે માટે માર્ગ બની જશે. મહાનમાં મહાન પુરુષો ગરીબીમાંથી જ પાક્યા છે.

# આપણે સૌએ શાને આધારે કામ કરવાનું છે? વિનોબા ભાવે

આપણા શાસ્ત્રકારોએ ખૂબ બારીક નિરીક્ષણ કરીને એમ નક્કી કર્યું કે માણસમાં ચાર પ્રેરણા છે: ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. માણસમાં કામપ્રેરણા છે તે માન્ય, અર્થપ્રેરણા છે તે પણ માન્ય, પણ તે ઉપરાંત ધર્મપ્રેરણા પણ છે અને મોક્ષપ્રેરણા–મુક્તિની પ્રેરણા પણ માણસમાં પડી છે. માણસમાં આ ચારે પ્રેરણાઓ હોય છે. કોઈમાં અમુક પ્રેરણા કંઈક ઓછી હોય તો કોઈમાં કંઈક વધુ, પરંતુ દરેક માણસમાં આ ચારે પ્રેરણા હોય છે. એવો એક માણસ નથી કે જેમાં આ ચારમાંથી એકે પ્રેરણા ન હોય.

મોક્ષની પ્રેરણા માણસના હૃદયમાં છે. તે માટે એનો જીવ આકુળવ્યાકુળ થાય છે. આ જે ખોળિયું પહેરી લીધું છે તેમાં કેદ ન થઈ જઈએ પણ મુક્ત ભાવે વર્તી શકાય એવી એક વાસના માણસના દિલમાં પડી છે. તે ઊંડી છે. ધર્મ પ્રવર્તે, સૌનું ભલું થાય, સૌની સાથે પ્રેમથી રહું, એ વાસના પણ માણસમાં છે. પોતાનો વ્યક્તિગત સ્વાર્થ સધાય તે વાસના પણ છે. પછી પોતાના કુટુંબનું, બાળબચ્ચાંનું સારું ચાલે એ વાસના પણ છે. આ ચારે વાસના માણસમાં પડી છે.

ધર્મની ને મોક્ષની પ્રેરણા પ્રધાન બને તથા કામ અને અર્થની પ્રેરણા ગૌણ બને તો માણસની ઉન્નતિ થશે, સામાજિક ક્રાન્તિ થશે, માણસ ઊંચે ચઢશે. અર્થ અને કામની પ્રેરણા જોરાવર બને અને તેની અપેક્ષાએ ધર્મ ને મોક્ષની પ્રેરણા નબળી હોય તો માણસનું પતન થશે. આ તેનો હિસાબ છે. એથી જ કહું છું કે આપણે સૌએ વ્યાપક ભાવથી વિશ્વ-શક્તિને આધારે કામ કરવાનું છે.

••••••••••••

## સાચા આશીર્વાદ

એક દિવસ એક કઠિયારો વિનોબાજી પાસે આવ્યો અને બોલ્યો, "મહારાજ, મને આશીર્વાદ આપો." આ સાંભળી વિનોબાજી બોલ્યા: "આશીર્વાદ હું એને જ આપું છું જે માનવી પોતાના આત્માને કદી ન છેતરે." કઠિયારાએ ઉત્તર આપ્યો: "હું મારા આત્માને કદી નહિ છેતરું." વિનોબાજી બોલ્યા: "તને પંદર દિવસનો સમય આપું છું. આ પંદર દિવસના સમયમાં તું તારી બૂરી ટેવોનો સદાને માટે ત્યાગ કરજે અને પછી મારી પાસે આવજે. હું તને આશીર્વાદ આપીશ."

કઠિયારો ઘેર ગયો. એને દારૂ પીવાનું મન થયું. એને વિનોબાજી યાદ આવ્યા. વિનોબાજીની અમૃતવાણી યાદ આવી. એણે દારૂનો ત્યાગ કર્યો. એને જુગાર રમવાનું મન થયું. પાછું વિનોબાજીનું વચન યાદ આવ્યું. એણે જુગાર રમવાનો વિચાર માંડી વાળ્યો. પછી એ લાકડાં વેચવા શહેરમાં ગયો. એને વજન વધારે લખાવવાનું મન થયું. વિનોબાજીની સત્ય વાણી એને યાદ આવી તેથી સાચું વજન લખાવ્યું. આમ એક પછી એક એણે કુટેવોનો ત્યાગ કર્યો અને પછી એ વિનોબાજીને મળવા આવ્યો. વિનોબાજીમાં એને ભગવાનનાં સાક્ષાત્ દર્શન થયાં અને ચરણોમાં ઢળી પડયો. વિનોબાજી એની માનવતા સમજી ગયા અને બોલ્યા વગર જ માથે હાથ મૂકી દીધો. સાચે જ, સંતો પ્રભુની ઝાંખી કરાવનારા છે.

—બિપિનચંદ્ર જે. છેલ

જે કાર્ય તમે સારામાં સારી રીતે કરી શકતા હો, જે કાર્યથી જગતનો ઉપકાર થતો હોય, જે કાર્યથી કોઈનું પણ અહિત થતું ન હોય અને કોઈનું પણ હિત થતું હોય, તે કાર્ય તમારે માટે કર્તવ્યરૂપ છે. એવા કાર્યથી ભલે અંગત રીતે તમને દુન્યવી લાભ ઓછો થતો દેખાતો હોય અને બીજા કામમાં અંગત લાભ વધુ દેખાતો હોય, પરંતુ તમારા જે કાર્યથી વધુમાં વધુ લોકોને લાભ થઈ શકતો હોય અને જેમાં તમારી કાર્યશક્તિનો સારામાં સારો ઉપયોગ થઈ શકતો હોય એ જ કામ તમારે માટે કર્તવ્યરૂપ છે. એવું જ કાર્ય કર્યાથી છેવટે તમને આત્મસંતોષ થશે, સાચી પ્રસન્નતા થશે અને એમાં જ તમારા આત્મકલ્યાણનો માર્ગ છે.

જગતમાં શ્રેષ્ઠ કર્મવીર પુરુષો ધન, કીર્તિ કે સુખભોગના લાભની દૃષ્ટિએ કાર્યની પસંદગી કરતા નથી; તેઓ માત્ર નિષ્કામ રહીને કર્મ કરી જાણે છે. જ્યાં અભાવ હોય, તંગી હોય, દુઃખ હોય, દીનતા હોય, ત્યાં તેઓ સહાયતા કર્યે જ જાય છે.

અન્ય મનુષ્યોને સહાયતા કરવી એ જ આપણું કર્તવ્ય છે. પ્રશ્ન થશે કે શા માટે આપણે જગત ઉપર ઉપકાર કરવો ? જોકે આપણને એમ જણાય છે કે આપણે જગત ઉપર ઉપકાર કરીએ છીએ, પરંતુ વાસ્તવિક રીતે આપણે આપણા ઉપર જ ઉપકાર કરીએ છીએ. જગતમાં વાસ્તવમાં આપણા સિવાય (આત્મા સિવાય) બીજો કોઈ પદાર્થ જ નથી. જગત ઉપર ઉપકાર કરી આપણે આપણી જ લઘુતાને, સંકુચિતતાને દૂર કરીએ છીએ અને આત્માના વાસ્તવિક સ્વરૂપની અનુભૂતિના માર્ગે આગળ વધીએ છીએ.

આ રીતે આપણે જગત માટે જે કંઈ કાર્ય કરીએ છીએ તે આપણા ક્ષુદ્ર અહં-મમત્વને દૂર કરે છે, એથી જ તે સત્કાર્ય છે. સૌથી ઉચ્ચ આદર્શ તો એ છે કે અનંત કાળને માટે આપણે પૂર્ણરૂપ થવા ક્ષુદ્ર અહંભાવનો ત્યાગ કરવો. એમાં કેવળ મનથી પોતાને પૂર્ણરૂપ માનવાથી નહીં ચાલે, પણ ક્રિયા દ્વારા અને લાગણી દ્વારા પણ પોતાનું સમષ્ટિ પ્રત્યે સમર્પણ થવું જોઈએ. આ સમર્પણ સિદ્ધ થવા માટે સમષ્ટિમાં આત્મભાવપૂર્વક કર્મો થવાં જ જોઈએ. આપણે કિંચિદ્ અંશે પણ 'અહં' નથી, પણ સંપૂર્ણરૂપે આપણે જ સર્વત્ર વિરાજી રહ્યા છીએ. અને આ પૂર્ણભાવવાળી સ્થિતિમાં કર્મયોગ આપણને લઈ જાય છે.

કર્મયોગ આપણને શિક્ષણ આપે છે કે સંસારનો ત્યાગ કરશો નહીં, સંસારમાં નિવાસ કરો, સંસારના પદાર્થો સાથે ઇચ્છાનુસાર વ્યવહાર કરો, પરંતુ એ યાદ રાખો કે સંસારમાં સુખો ભોગવવા માટે તમે સંસારમાં રહ્યા નથી. તમારી ભોગવાસનાને, આસક્તિને મારી નાખો અર્થાત્ તમારી ભોગસુખની વાસનાનો સમષ્ટિ માટે ત્યાગ કરો. માતાપિતા જેમ બાળકોને મીઠાઈ અને રમકડાં આપીને (પોતે ન ખાવા-રમવા છતાં) પ્રસન્ન થાય છે, ઈશ્વર જેમ જગતને ભોગ્ય પદાર્થો આપીને પોતે નિજાનંદથી તૃપ્ત રહે છે, તેમ તમે જગતના સુખ અર્થે કાર્યો કરવામાં, જગતના હિત અર્થે તમારા સર્વસ્વનું સમર્પણ કરવામાં આનંદ લેતા થાઓ. આ રીતે તમારી ભોગવાસનાનું ઊર્ધ્વીકરણ થશે, તમારો આનંદ પારમાર્થિક બનશે અને તમે વ્યાપક ભાવમાં ઓતપ્રોત થતા જશો.

કર્મ કરતી વખતે કર્મમાં તમને પોતાને લિપ્ત કરશો નહીં. કર્મમાં આસક્તિ, મમતા કે અભિમાન ધારણ કરશો નહીં. તમે પોતે તો સાક્ષીરૂપે અવસ્થિત રહેજો અને કર્મ કર્યે જજો.

આપણે જોઈએ છીએ કે સમગ્ર જગત કાર્ય કરી રહ્યું છે તે શાને માટે ? જાણ્યેઅજાણ્યે સૌ કોઈ પૂર્ણતાની પ્રાપ્તિ માટે જ કાર્ય કરી રહ્યું છે. પરમાણુથી લઈ મહાન ઉચ્ચ જીવો સુધી સૌ કોઈ એ જ ઉદ્દેશથી કામ કરી રહ્યાં છે.

આ રીતે જો તમારે પૂર્ણ બનવું છે તો કર્મયોગ સિદ્ધ કરવો જ પડશે. કોઈ પણ કર્મ કરવું જ પડશે, તો પછી ઉચ્ચ, વ્યાપક ઉદ્દેશ ધારણ કરી ઉત્તમ કાર્ય કરો. એવાં કાર્યો તમને ક્ષુદ્ર ભાવમાંથી પૂર્ણતાના વ્યાપક ભાવની સિદ્ધિને માર્ગે લઈ જશે.

# સૌભાગ્યની ક્ષણ

**શ્રી રવીન્દ્રનાથ ટાગોર**

ગામડાને માર્ગે હું ઘેર ઘેર ભિક્ષા માગતો ચાલી રહ્યો હતો, ત્યાં એક ભવ્ય સ્વપ્ન જેવો તારો સોનેરી રથ દૂરથી દેખાયો, ને મને આશ્ચર્ય થયું કે આ રાજાઓનો રાજા કોણ હશે?

મારી આશાઓ ઊંચી ચડી ને મને લાગ્યું કે હવે મારા હીન દિવસોનો અંત આવ્યો છે. માગ્યા વગર પણ તારા તરફથી ભિક્ષા મળશે તથા ચારે તરફ ધૂળમાં દ્રવ્ય ઉછાળવામાં આવશે, એની રાહ જોતો હું ઊભો રહ્યો.

તારો રથ નજીક આવ્યો અને હું ઊભો હતો ત્યાં અટક્યો. તારી દૃષ્ટિ મારા પર પડી અને તું સ્મિત કરતો નીચે આવ્યો. મને લાગ્યું કે મારા જીવનનું સૌભાગ્ય આખરે આવી પહોંચ્યું છે. પછી અચાનક તેં તારો જમણો હાથ લાંબો કર્યો અને મારા પ્રત્યે કહ્યું: 'તારે મને શું આપવાનું છે?'

અહો! એક ભિખારી પાસે માગવા રાજા હાથ લાંબો કરે, એ કેવી મશ્કરી! હું ગભરાઈ જઈને કંઈ નિશ્ચય પર આવ્યા વિના ઊભો રહ્યો. પછી મારી ઝોળીમાંથી મેં ધીમે રહીને એક નાનામાં નાનો અનાજનો કણ કાઢ્યો અને તે તેને આપ્યો.

પણ દિવસના અંતે જ્યારે મેં ભોંયતળિયા ઉપર મારી ઝોળી ખાલી કરી ત્યારે કણોની એ તુચ્છ ઢગલીમાં એક સોનાની કણી જોઈ મને કેટલું બધું આશ્ચર્ય થયું! તે પછી હું ખૂબ જ રડ્યો અને પસ્તાવો કરવા લાગ્યો કે તને મારું સર્વસ્વ આપવા જેટલી જો મારામાં છાતી હોત તો કેવું સારું?

તને સમર્પિત કર્યા વિનાનું મારી પાસે જે કંઈ છે, તે બધું મને ક્ષુદ્ર અને ભિખારી જ રાખે છે.

*

જગતમાં પ્રભુ ગમે તે કોઈ સ્વરૂપે આવીને તમારી પાસે માગણી કરે છે. એ જ તમારા ઉદ્ધારની પળો હોય છે. જોજો, અવસર હાથથી ન જાય.

★

## હું મને શોધી રહ્યો છું

હું મને શોધી રહ્યો છું, લાખ પડછાયા મહીં:
હું જ ખોવાઈ ગયો છું મેં રચી માયા મહીં!

એક વેળા હું હતો હું, આજ પણ હું હું જ છું,
તોય હું હુંને જડું ના: ખોજતો કાયા મહીં!

હું અ-મન કેરા ચમનમાં પર હતો દિક્કાલથી,
મન થયું: મહોર્યો, પુરાયો સૃષ્ટિના પાયા મહીં!

હું મને શોધી રહ્યો છું, લાખ પડછાયા મહીં,
હું જ ખોવાઈ ગયો છું મેં રચી માયા મહીં!

**કરસનદાસ માણેક**

# અમંગલ વેશમાં મંગલ તત્ત્વ

શ્રી 'મધ્યબિંદુ'

મુશ્કેલીઓ અથવા પ્રતિકૂળ સંજોગો મનુષ્યમાં અધિકાધિક શક્તિ, સામર્થ્ય, પ્રતિભા અથવા તેજસ્વિતા પ્રકટાવવાના હેતુથી જ તેને પ્રાપ્ત થતાં હોય છે. જે મનુષ્ય ધૈર્ય અને વીરતાપૂર્વક તેમને જીતે છે અથવા પાર કરે છે, તે દીનતા, દુર્બળતા અને ભયને પાર કરી જાય છે. તેને માટે જગતમાં એ પદાર્થો રહેતા નથી. તેનામાં આત્મશક્તિનું પ્રાકટ્ય થાય છે, તેને જીવનમાં કૃતાર્થતા અને સંતોષ અનુભવાય છે.

આવા ખમીરવંતા પુરુષોનું કથન છે કે અમે જીવીશું તે પણ હસતાં હસતાં અને મરીશું તે પણ હસતાં હસતાં.

મુશ્કેલીઓરૂપી વિષને જોઈને જ જે ડરી કે મરી જતો નથી, પરંતુ પૂરી તાકાતથી જે તેમને સ્વીકારી લે છે અને ઘોળીને પી જાય છે, તેને પ્રાપ્ત થયેલું એ મુશ્કેલીઓરૂપી વિષ તેને મારી શકતું નથી, પરંતુ તેનામાં અમૃતત્વનો અનુભવ પ્રકટાવે છે. ગમે તેટલી મુશ્કેલીઓ આવે છતાં જેનામાં ધૈર્ય અને આત્મશક્તિ ખૂટતાં નથી, મુશ્કેલીઓની સામે જે અધિકાધિક ધૈર્ય, બળ, પુરુષાર્થ અને હિંમત પ્રકટ કરવાનો આત્મશક્તિનો અખૂટ ભંડાર પોતાની અંદર ખુલ્લો કરી જાણે છે, તેને માટે મુશ્કેલીઓ એ મુશ્કેલીઓ નથી, પણ પોતાને અધિકાધિક પ્રકાશવાનું મેદાન બની જાય છે. ગાઢ અંધકારની ભૂમિકા ઉપર જ સૂર્ય અધિકાધિક પ્રકાશે છે, ઊંડા પાણીમાં ડૂબેલી સ્થિતિ હોય છે અને નીચે કાદવની ભૂમિકા હોય છે છતાં એમાંથી જ બહાર આવીને કમળ અધિકાધિક સૌંદર્યથી ખીલે છે અને બીજાઓને પણ પ્રસન્નતા અર્પે છે. જંગલમાં હાથીને આવેલો જોઈ શિયાળિયાં ત્યાંથી ભાગી જાય છે, પરંતુ સિંહબાળક ખૂબ નાનું હોય છતાં પોતાને માટે આવેલો ખૂબ મોટો સુંદર શિકાર જોઈને ઉત્સાહિત થાય છે અને તેના ઉપર તરાપ મારવા તૈયાર થઈ જાય છે. આ આત્મશક્તિને લીધે જ સિંહ એ વનનો—વનનાં તમામ પ્રાણીઓનો બેતાજ બાદશાહ અથવા રાજા હોય છે.

મોજશોખ ભોગવવામાં શરીરને સડાવવું એમાં ખરું સુખ નથી, સંસારમાં કોઈ સાચું સુખ હોય તો સત્યને માર્ગે ચાલતાં તેમાં આવે તે મુશ્કેલીઓ જીતવામાં છે અથવા એ પ્રયાસથી પ્રાપ્ત થતો આનંદ અથવા પ્રસન્નતા એ જ સાચું સુખ છે. આ રીતે જોતાં મુશ્કેલીઓ એ દુઃખ આપનારી મુશ્કેલીઓ નથી, પણ બહારથી ખરાબ દેખાતી છતાં અંદરથી સાચું સુખ અને જીવનસાફલ્યને પ્રાપ્ત કરાવનારી પ્રસાદી છે. તેનો ન્યાયપૂર્વકનો ઉપાય શોધી કાઢી તે માર્ગે ચાલવામાં મનુષ્યને આનંદ અને આત્માનો અમૃતસ્વરૂપ પ્રકાશ પ્રાપ્ત થાય છે. અને એ રીતે સંસારનાં દુઃખો અથવા મુશ્કેલીઓને સુખ કરીને સ્વીકારવાની અથવા ઝેરને અમૃત કરી પી જવાની ચાવી એને પ્રાપ્ત થાય છે.

## સિદ્ધિનો ઉપાય

જ્યારે જ્યારે દાખલાનો જવાબ બરાબર આવતો નથી ત્યારે ત્યારે વિદ્યાર્થી પોતાનો દાખલો ફરી તપાસે છે. જ્યારે જ્યારે ધાર્યું પરિણામ નથી આવતું ત્યારે ત્યારે વિજ્ઞાનશાસ્ત્રી પોતે કરેલો પ્રયોગ ફરી તપાસી જુએ છે અને જ્યારે જ્યારે જીવનયાત્રામાં અપયશ આવે છે ત્યારે ત્યારે ધાર્મિક માણસ અંતર્મુખ થઈ પોતાની ભૂલ તપાસે છે અને પોતાની તપશ્ચર્યા વધુ તીવ્ર કરે છે. વિશ્વામિત્રે આમ જ કરેલું. દેવોએ એ જ માર્ગ સ્વીકારેલો. રાજા ભર્તૃહરિએ અનેક વાર આત્મપરીક્ષણ અને આત્મશુદ્ધિ કરી હતી એમ કહેવાય છે. સિદ્ધિનો ઉપાય આત્મપરીક્ષણ અને તપસ્યા એ જ છે એમ અનુભવી ઋષિમુનિઓ કહેતા આવ્યા છે. આજે આપણે પણ તેમ જ કરીએ.

...ગમે તેમ કરીને પરિણામ લાવવાની ઉતાવળ કરવા કરતાં આપણે દરેક જણ પોતપોતાનું અંતર તપાસીએ, જે ભૂલ હોય તે સુધારીએ, દંભ હોય તે દૂર કરીએ, મેલ હોય તે બાળી નાખીએ, દ્વેષ હોય તે ભૂલી જઈએ, નબળાઈ હોય તે તજી દઈએ અને પશ્ચાત્તાપથી પાવન થઈ, ઈશ્વર પાસેથી ફરી આશીર્વાદ માગી લઈએ.

(નવજીવન, ૨૬-૨-'૨૨) ગાંધીજી

# પ્રાર્થના

પ્રતિદિન અમારે આંગણે, સહુ સંતનાં સન્માન હો,
હો કથાકીર્તન પ્રભુનાં, ભક્તિનાં ગુણગાન હો;
અજ્ઞાન ઉરથી દૂર હો, ઘટઘટ પ્રભુમય જ્ઞાન હો,
યુગયુગ સુધી મારી મઢૂલી, પ્રાર્થનાનું સ્થાન હો.
શ્રીપતિ બુદ્ધિપતિ, ભુવનપતિ અય ભવપતિ,
જિસસે ભઈ ભવ ઉત્પત્તિ, જિસસે અધમકી ઉન્નતિ,
જો સંતકી નિર્મલ ગતિ, હરત હૈ સદા દુર્મતિ,
વો શ્યામ સબ પર પ્રસન્ન હો ગોકુલપતિ ગોપીપતિ.

"જય ભગવાન"

---

# રામને ઋણી રાખ્યા

જગતમાં એક જ જન્મ્યો રે, જેણે રામને ઋણી રાખ્યા–ટેક
રામને ચોપડે થાપણકેરા, ભંડાર ભરીને રાખ્યા (૨)
ન કરી કદીયે ઉધરાણી તેમ (૨) સામા ચોપડા ન રાખ્યા;
જગતમાં–૧

માગણકેરાં વેણ હરખથી, કોઈને મોઢે ન ભાખ્યાં (૨)
રામકૃપાનાં સુખ સંસારી, સ્વાદભર્યાં નવ ચાખ્યાં;
જગતમાં–૨

હરિએ કંઠમાં હાર પહેરાવ્યો, મોતી મોઢામાં નાખ્યાં (૨)
મોતીડાં કરડી માળા ફેંકી (૨), તાગડા તોડી નાખ્યા;
જગતમાં–૩

રામનાં સઘળાં કામ કર્યાં ને, બેસણાં બારણે રાખ્યાં (૨)
રાજસભામાં ભડકા ભાળ્યા (૨) ધૂળમાં ધામા નાખ્યા;
જગતમાં–૪

અજની માતની કૂખ ઉજાળી, નિત રખોપાં રાખ્યાં (૨)
ચોકી રામની કદી ન છોડી (૨), ઝાંપે ઉતારા રાખ્યા;
જગતમાં–૫

કાગ કે' બદલો કયારે ન માગ્યો, પોરસ કદીયે ન ભાખ્યાં (૨)
જેણે બદલો લીધો એનાં (૨), મોઢાં પડી ગયાં ઝાંખાં;
જગતમાં–૬

**પદ્મશ્રી દુલા ભાયા "કાગ"**

સત્ય અને અહિંસાનું જ સાકાર સ્વરૂપ છે—

# બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ

મુનિશ્રી સંતબાલજી

ધર્મનું વ્યાપક સ્વરૂપ એટલે સત્ય અને અહિંસા. આજે પણ સૌથી મોટું અને અસરકાર કોઈ હથિયાર હોય તો તે અહિંસા છે. અહિંસાથી જે કામ થશે તે પાકું અને નક્કર થશે. એમાં હારનાર હારશે તોપણ તેના દિલમાં ડંખ રહેશે નહિ. ફરીથી યુદ્ધ કરશે તોપણ કાયમી શાન્તિ માટે પ્રેમની શૃંખલા ચાલુ રાખવા માટે અહિંસાની જરૂર છે. એ અહિંસાનું હથિયાર પકડીને ગાંધીજીએ આખી દુનિયાને ચકિત કરી દીધી એનો આથી ઉત્તમ નમૂનો બીજો કયો જોઈએ ? ભગવાન મહાવીરે માત્ર મનુષ્યથી જ નાતો ના જોડયો પણ સાપ જેવા ઝેરી પ્રાણી સાથે પણ આત્મભાવથી મિલન કર્યું; એટલું જ નહિ તેને ઉપદેશ આપી પોતા જેવો બનાવી દીધો. શાસ્ત્રકારો કહે છે કે સાપે ડંખ માર્યો તો તેમના શરીરમાંથી લોહીને બદલે દૂધ જેવો સફેદ પદાર્થ નીકળ્યો. વિજ્ઞાને સિદ્ધ કર્યું છે કે, શરીરના રંગ અને રસો બદલાતા રહે છે. જે મનુષ્યની નસેનસમાં વાત્સલ્ય વહે છે તેના શરીરના બધા રસો બદલાઈ જાય છે તેમાંથી માત્ર અમૃત નીકળે છે! જ્યારે ક્રોધ આવે છે ત્યારે ખૂન ગરમ થઈ જાય છે, તેમાં આગ લાગે છે. એક ગુસ્સાવાળી માતાએ બાળકને ધવડાવ્યું તો બાળકનું મૃત્યુ થઈ ગયું. ગુસ્સાથી શરીરના પરમાણુ બદલાઈ જાય છે. જૈન શાસ્ત્રોમાં લેશ્યાની વાતો આવે છે. છ લેશ્યા છે શરીરનાં ગંધ, સ્પર્શ, રંગ, રસ બધુંય લેશ્યા પ્રમાણે બદલાતું જાય છે. પ્રાણીમાત્રમાં એક આત્મા, એક ચેતના પ્રકાશી રહી છે તેનો અનુભવ વિશુદ્ધ પ્રેમથી થઈ શકે છે. જ્યારે માણસ પ્રેમી બને છે ત્યારે વિશ્વપાત્ર નાનું પડે છે. એકવાર મહાત્મા ગાંધી ઉપર પ્રાર્થનાસભામાં એક સાપ પાછળથી ચડયો. ખભા ઉપર માથું કાઢ્યું. લોકોએ આ જોયું બૂમ મારે તો ગાંધીજી હલનચલન કરે અને સાપ ડંખ મારી દે એટલે ધીમે કહ્યું : બાપુ ! હાલશો ના. એમ કહેતાંક રાવજીભાઈએ આખી પછેડી ઉપાડીને બહાર ફેંકી દીધી. સાપ ચાલ્યો ગયો પછી કાકાસાહેબે પૂછ્યું : બાપુ ! આપને સાપની ખબર પડી ત્યારે શું વિચારો આવ્યા હતા ? બાપુએ કહ્યું : "પ્રથમ તો બીક લાગી પણ પછી સ્થિર થઈ ગયો. પછી વિચાર્યું કે કદાચ સાપ કરડે અને મારું મૃત્યુ થાય તો તે પહેલાં એટલું કહીશ કે સાપને અભય કરજો."

ભગવાન બીજો કોઈ નથી. જૈન આગમોએ કહ્યું : 'સત્ય જ ભગવાન.' ગાંધીજીએ પણ એ જ કહ્યું. કબીર સાહેબે કહ્યું : સત્ય નામ સાહેબનું. આમ તો ભગવાનની ત્રણ સ્થિતિ બતાવી છે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ. એ ત્રણેનો અનુક્રમ ઉત્પત્તિ, સ્થિતિ અને લયનો છે. એમાંથી અ, ઉ અને મ્નું રૂપક બનાવી ૐ શબ્દ આપ્યો. માણસ આકારવાળો છે તેથી સમજવા માટે ભગવાનને આકારનું રૂપ આપ્યું તે જ કહેવાય છે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ.

## કોઈ પણ કામ નાનું નથી

કાદવમાં પડેલો એક નાનો ચીરો આગળ જતાં વધીને આમાઝોન જેવી મોટી નદી બને છે. તેમ શરૂઆતમાં એક પાઈની ચોરી કરનાર ભવિષ્યમાં મોટો ઉઠાવગીર બને છે. માટે જગતમાં કોઈ પણ કામ નાનું નથી, કોઈ પણ વસ્તુ ઓછા મહત્ત્વની નથી.

# જન્મ અને મૃત્યુનો સમન્વય

શ્રી ફીરોઝ કા. દાવર

આ તમામ વિશ્વ એકબીજાથી વિરુદ્ધ જતાં બળોનો સુમેળ સાધવનો પ્રયાગ કરી રહ્યુ છે. એ સુમેળ ઉપર જ દુનિયા ટકી રહી છે. પણ એ સંપ અને સમન્વય એકબીજાથી ઊલટાં બળોની થતી એકતા ઉપર રચાયા છે. એક વર્ષમાં બારે માસ ગરમી હોય અગર બારે માસ દિવસ હોય તો ત્યાં આપણને રહેવું ફાવે નહિ. માણસ કાયમની જુવાની અને મોજમજાથી પણ કંટાળી જાય. માટે જ પ્રભુએ જગતમાં જોડકાં (દ્વન્દ્વો) પેદા કર્યા અને જોડકાંનો સમન્વય કરવા આપણને ફરમાવ્યું છે. માટે જ ગરમી પછી ઠંડી, દિવસ પછી રાત્રી, ભરતી પછી ઓટ, જુવાની પછી બુઢાપો આવ્યા વિના રહેતાં નથી અર્થશાસ્ત્રમાં જો માગણી અને ખપત ન હોય તો દુનિયામાં લેવડદેવડ ચાલી શકે નહીં. ઇતિહાસમાં જો ચડતીપડતી ન હોય તો ઇતિહાસનાં પાનાં કોરાં જ રહે સાહિત્યમાં જો માત્ર ઉલ્લાસ અને મસ્તી( romanticism )નાં દર્શન થાય અથવા ફક્ત સંયમ અને સ્વાસ્થ્ય (classicism) જ નજરે પડ્યા કરે તો વાચકની ધીરજ ખૂટ્યા વિના ન રહે અને વહેલેમોડે સાહિત્યમાંથી તેનું દિલ ઊઠી જાય કંઈક તીખાશ કે ખટાશ વિના માત્ર મીઠાઈનું ભોજન કરવા બેસીએ તો મોઢે ફીક ચડી આવે. જગતમાં અંકુશ વિનાની આઝાદી કોઈએ દેખી છે? અને દેખી હોય તો તે કામની શી? જીવન એક સંગ્રામ પણ છે, શાન્તિ પણ છે, કામ પણ છે, આરામ પણ છે; પ્રવૃત્તિ પણ છે, નિવૃત્તિ પણ. પાઈથાગોરસ નામના ગ્રીક ફિલસૂફે Philosophy of odd and even( એકીબેકીનાં જોડકાંના સિદ્ધાંત )ની શોધ કરી હતી નવા નામે આજે આપણે એને law of Compensation અથવા law of polarity (દ્વન્દ્વનો કાયદો) કહીએ છીએ. જેમ ધન અને ઋણ વિદ્યુતના તારો( Positive and negative electric wires )ના સંયોગ વિના વીજળી ઉત્પન્ન થઈ શકતી નથી, તેવી જ રીતે જન્મ અને મૃત્યુના મેળાપ વિના જિંદગીની શક્યતા જ ક્યાંથી હોય? જેમ માણસ એક પગે ચાલતો નથી, જેમ પંખી બે પાંખો વિના ઊડતું નથી, તેમ જીવનમાં જન્મ અને મરણ એ એકબીજાથી જુદાં બળોના આવશ્યકતા રહેલી જ છે આ કારણથી જન્મના જેટલું જ મોત જરૂરી અને કુદરતી છે. મૃત્યુ જીવનની પુરવણી કરે છે મોત વિના પરવરદિગારની રચના અધૂરી જ રહી જાત. મોત એ માલેકની મહેર છે, જોકે તે કહેરનું (ત્રાસ-ભયંકરતાનું) સ્વરૂપ ધારણ કરી આપણને ગભરાવે છે.

## દેખાયું

વાડા નહીં કરવાની વાતો કરનારાના વાડા જોયા,
એ વાડાના બંધબારણે થાતા કંઈક ભવાડા જોયા,
એ વાડાના મોવડીઓએ બાંધ્યા કંઈક સીમાડા જોયા,
એ સીમાડે મરી ગયા પણ પકડી બેઠા નાડાં જોયા:
વનરાજ કેસરીનું બચ્ચું ત્યાં બેં બેં કરતું સંભળાયું,
ઢળી પડી પાંપણ, આંખના બંધબારણે દેખાયું!

શ્રી કનૈયાલાલ દવે

# માનવતાનો મરજીવો

શ્રી પૃથ્વીસિંહ ઝાલા

વિલાયતમાં થઈ ગયેલા એક અજબ કંજૂસ માણસની આ સાચી જીવનકથા છે.

ઈ. સ. ૧૬૪૪માં એ જન્મ્યો અને એંશી વર્ષનું લાંબું જીવન તેણે ભોગવ્યું.

આ વ્યક્તિનું નામ ટોમસ ગાઈ. એ હતો ભારે કંજૂસ, પણ સાથે તેનામાં ભારોભાર માનવતાના સદ્‌ગુણો હતા.

ટોમસ ગાઈનો પિતા કોલસાનો નાનકડો વેપારી, જે બાળવયમાં જ તેને મૂકીને મરણ પામ્યો હતો તે પછી તેની વિધવા માતાએ બીજું લગ્ન કરીને પુત્રને સંગીન કેળવણી અપાવી.

પંદર સોળ વરસની ઉંમરે ટોમસ વતનનું ગામડું છોડીને જીવનનિર્વાહનાં સાધનોની શોધ માટે લંડન શહેરમાં આવીને વસ્યો અને એક પુસ્તક વેચનાર વેપારીની દુકાને ઉમેદવાર રહ્યો ત્યાં તેણે આઠ વરસ નોકરી કરી. તે દરમિયાન લંડનમાં બે ઐતિહાસિક ભયંકર બનાવો બની ગયા એક તો 'ગ્રેટ પ્લેગ'ના નામથી ઓળખાતા ચેપી રોગનો જુવાળ; તેની પછી ૧૩,૦૦૦ મકાનોને ભસ્મીભૂત કરી નાંખનાર; બે લાખ માણસોને ઘરબાર વગરના રખડતા કરી મૂકનાર લંડન શહેરની આગ. આ બન્ને આફતોમાંથી પણ ગાઈ સહીસલામત બચી ગયો, પણ આગમાં તેના શેઠની દુકાન બળી ગઈ.

આગ પછી આખું લંડન નગર નવેસરથી બાંધવામાં આવ્યું. તેમાં ગાઈના શેઠની દુકાન પણ ફરીથી બંધાઈ, ને તેની નોકરી ચાલુ થઈ. થોડો વખત નોકરી કર્યા પછી એ ધંધામાં ભાગીદાર થયો, અને પછી આખી દુકાન તેણે પોતાની કરી.

ગાઈ સાહસિક માણસ હતો અને ધંધામાં શરૂઆતથી જ તેણે સાહસ ખેડવા માંડ્યું. એ જમાનામાં ખ્રિસ્તીઓનું ધર્મપુસ્તક બાઈબલ ઇંગ્લંડમાં કેટલી કિંમતે વેચવું તેના પ્રશ્ન વિષે ઝઘડો ચાલ્યા કરતો હતો. હોલૅંડમાં સંખ્યાબંધ બાઈબલો અંગ્રેજી ભાષામાં છપાઈ ને છૂપી રીતે ઇંગ્લંડમાં દાખલ થઈ જતાં, અને એ રીતે આવતાં બાઈબલો વેચવાની રાજ્યની મનાઈ સામે જોખમ ખેડીને પણ ગાઈએ તેનું વેચાણ કરવા માંડ્યું અને તેમાંથી તેને ખૂબ પૈસો પણ મળવા લાગ્યો. ત્યાર પછી ઑક્સફર્ડ યુનિવર્સિટી જોડે તેણે બાઈબલ છાપવાનો અને વેચવાનો 'કૉન્ટ્રેક્ટ' કર્યો. અને બાર વરસ સુધી એ 'કૉન્ટ્રેક્ટ'માંથી તેને ધનની સારી પેદાશ થઈ. ત્યાર પછી બીજા હરીફને એ 'કૉન્ટ્રેક્ટ' મળવાથી એ દિશામાં તેની કમાણી બંધ થઈ.

તે જમાનામાં નૌકાસૈન્યમાં નોકરી કરતા ખલાસીઓને તેમના પગાર આપવાની એક વિચિત્ર પ્રથા ચાલતી હતી પગાર પેટે એ લોકોને રોકડ નાણું ન મળતું, પણ કાગળની નોટો મળતી. આ કાગળિયાં વટાવી તેનાં રોકડ નાણાં સરકારી તિજોરીમાંથી મેળવવામાં આ ખલાસીઓને અતિશય હાડમારી ભોગવવી પડતી. ખલાસીઓ સ્વભાવે લહેરીલાલા રહ્યા, એટલે એ બધી મુશ્કેલીઓ વેઠવા કરતાં, સામું આવીને કોઈ ઓછાં નાણાં આપી જાય તો એ કાગળિયાં વટાવી નાખતા. ગાઈ આ ધંધામાં પડ્યો અને તેમાં ઘણીવાર તો પચાસ, સાઠ કે સિત્તેર પાઉંડ રોકડા આપતાં તેને સો પાઉંડની કિંમતનો કાગળ મળી જતો, અને વખત આવ્યે તેના તે પૂરા પૈસા ઉપજાવી મોટો નફો પેદા કરી લેતો.

પણ ગાઈમાં ર એટલો હતો કે આ રીતે કમાયેલા બધા પૈસા તે હમેશાં ધર્માદામાં ખરચતો. તેની પહેલી જાહેર સખાવત પોતાની માતાના વતનમાં ગરીબગુરબાંઓ માટે અન્નક્ષેત્ર ખોલવાથી થઈ. એ વખતે ગાઈની ઉંમર માત્ર ત્રીસ વરસની હતી. કશી જાહેરાત કે કશો ઊહાપોહ કર્યા વગર ચૂપચાપ તેણે આ અન્નક્ષેત્ર ચાલુ કરી દીધું.

ધંધામાં ગાઈ ઉત્તરોત્તર વધારે ધન કમાતો ગયો, પણ તેની કમાણીમાંથી બહુ જ અલ્પ ભાગ તે પોતાની જાત પાછળ ખરચતો. લંડનના શેરીફ અને લૉર્ડ મેયરના હોદ્દાઓ સ્વીકારવા તેને લોકોએ ખૂબ આગ્રહ કર્યો; પણ એવો કોઈ હોદ્દો સ્વીકારવાથી તે હોદ્દાને છાજે તેવી ખરચાળ રીતે રહેવું પડે તે કારણથી તેણે એ બધાનો અસ્વીકાર કર્યો. તેના કરતાં ગરીબીમાં રહીને પોતાનાં બચતાં સૌ નાણાં

ગરીબો માટે વાપરવાનો માર્ગ તેને વધારે સારો દેખાયો. પોતાની બધી કમાણીના ગાઈ ત્રણ ભાગ પાડતો. નાનામાં નાનો ભાગ પોતાને માટે, સહુથી મોટો એક ભાગ સખાવત માટે અને એથી નાનો એક સાધારણ ભાગ ધંધામાં રોકવા માટે.

એ જમાનામાં 'સાઉથ સી કંપની' નામનું એક મોટું વેપારી તૂત ઊભું થયેલું. તેના શૅર શરૂઆતમાં તો બહુ સોંઘી કિંમતે વેચાતા, પણ વખત જતાં ૧૦૦ પાઉંડના શૅરની કિંમત વધીને ૩૦૦ થી ૬૦૦ પાઉંડ જેટલી થઈ ગયેલી. ગાઈએ આ શૅરો સસ્તી કિંમતે ખરીદ કરેલા ને ભાવ વધતાં એકદમ વેચી નાખ્યા.

તેમાંથી તેને ચોખ્ખો ૨૦ લાખ પાઉંડ જેટલો નફો થયો. પાછળથી આ કંપની દેવાળામાં જવાથી સંખ્યાબંધ કુટુંબો પાયમાલ થઈ ગયાં હતાં, પણ નસીબદાર ગાઈએ તો તેમાંથી અઢળક ધન પેદા કરી લીધું હતું

આ રીતે એક તરફથી દ્રવ્ય રળવાનો ને એકઠું કરવાનો લોભ, અને બીજી તરફથી તે દ્રવ્ય ગરીબો માટે ખર્ચવાની મગજમાં રમી રહેલી અનેક યોજનાઓ વચ્ચે ગાઈને બીજા કોમળ આવેશો માટે વખત બચતો નહોતો : છતાં એક વાર તેના જીવનમાં એક નાનકડો પ્રેમપ્રસંગ બની ગયો.

પોતાના ઘરમાં કામ કરતી ચાકરડી સાથે તે પ્રેમમાં પડયો, અને તેને પરણવાનું પોતે વચન આપ્યું. એક દિવસ પોતે ઘરની ફરસબંદીનું સમારકામ કરવા માટે મજૂરોને આવવા કહેલું. ઘેરથી બહાર જતી વખતે ચાકરડીને એ કહી ગયો કે માણસો કામ કરવા આવે તો તેને અમુક પથ્થર સુધી જ કામ કરવા દેજે, એથી આગળ નહિ. બાઈએ મજૂરો પાસેથી થોડું વધારે કામ લેવા ખાતર માલિકે બતાવેલા ઠેકાણા કરતાં એક જ પથ્થર વધારે કરવા દીધો. સાંજે ઘેર આવતાં આ બનાવ જોઈ ટામસ ગાઈએ પોતાની પ્રિયતમાને સંભળાવી દીધું કે "હું તને હવે પરણી શકીશ નહિ." બસ, આખા જીવનમાં આ એક કોમળ પ્રસંગ.

દેખાવ અને પહેરવેશમાં તે છેક કંગાલ રહેતો અને તેનો ચહેરો કાયમ વિષાદભર્યો લાગતો. એક દહાડો ટેમ્સ નદીના પુલ ઉપર એક કોઠામાં એ બેઠેલો. તે વખતે તેની કંગાલ આકૃતિ અને દીદાર જોઈને કોઈને જરૂર એમ લાગે કે, દુઃખથી કંટાળેલો કોઈ માણસ બિચારો આપઘાત કરવા બેઠો છે.

રસ્તે ચાલતા એક ભલા રાહદારીએ તેની પાસે આવી તેને દિલાસો આપ્યો અને દયા લાવી તેના હાથમાં એક અડધી ગીનીનો સિક્કો મૂકી ચાલવા માંડ્યું. ટામસે તેની પાછળ દોડી તે ભલા માણસનું નામ અને ઠેકાણું પૂછી લીધું. થોડાંક વરસ પછી એક વાર એ સજ્જનનું નામ નાદાર દેવાદારોની યાદીમાં ગાઈના વાંચવામાં આવ્યું. એકદમ ગાઈ તેની મદદે ગયો. તેના બધા લેણદારોને તેમનું લેણું ચૂકવી આપ્યું. પેલા માણસનો વેપારધંધો ચાલુ કરાવી દીધો અને તેના દુઃખી કુટુંબમાં સુખ વસાવી દીધું.

શહેરના લોકો જ્યારે તેને કંજૂસ, કંગાલ વગેરે કહી તેની નિંદા કરતા હતા, ત્યારે ગાઈ પોતાના વતનમાં ગરીબીમાં સડતાં પોતાનાં દૂરદૂરનાં સગાંઓને વર્ષાસનો બાંધી આપતો હતો. આ વર્ષાસનો ૫૦ પાઉન્ડથી માંડીને ૧૫૦ પાઉંડ સુધીનાં હતાં. કેટલાક બેકાર માણસોને બેથી અઢી હજાર પાઉંડ જેટલી રકમો આપીઆપીને તે વેપારધંધે વળગાડી દેતો. આબરૂદાર કુટુંબો કોઈ વાર નાણાભીડમાં આવી પડતાં ત્યારે કંજૂસ ગાઈ તેમની મદદે ધાતો—તેમનાં કરજ ચૂકવી આપતો, નાદારીને કારણે કેદ પડેલા આબરૂદાર માણસોને કેદમાંથી છોડાવતો અને તેમને ફરી ધંધારોજગાર શરૂ કરાવી દેતો. પરદેશથી રળી ખાવા આવનાર નિરાશ્રિતોને સૌ પહેલાં ગાઈ તરફથી સહાય મળવા માંડતી. રોગ અને માંદગીમાં ગરીબ કુટુંબો પાયમાલ થઈ રહ્યાં હોય તેવે વખતે ગાઈ પોતાને ખર્ચે તેમને ઇસ્પિતાલમાં મોકલી આપતો. ઘણીવાર આ એક જ ઇસ્પિતાલમાં બહુ માણસો સમાઈ શકતા નહિ, તેથી ગાઈએ કેવળ ગરીબ માણસોને માટે એક નવી જ મોટી ઇસ્પિતાલ બંધાવી દીધી.

આજે એ ઇસ્પિતાલ તેના ઉજ્જવળ સ્મારકરૂપે હજુ ઊભી છે. તે બાંધવાની શરૂ થઈ ત્યારે ગાઈની

ઉંમર છોતેર વરસની હતી મકાન તૈયાર થઈ ગયું ને માંદાઓની સારવારનું કામ પણ તેમાં બરાબર ચાલુ થઈ ગયું તે જોવા પણ એ જીવ્યો. મકાન પાછળ એક લાખ પાઉંડનો ખર્ચ થયો, અને ઇસ્પિતાલના કાયમી ખર્ચ માટે ગાઈએ દસ લાખ પાઉંડની રકમ અનામત રખાવી.

ઈ. સ. ૧૭૨૪ માં માનવતાના આ મરજીવાનું અવસાન થયું ત્યારે હજારો ગરીબો અને દુઃખિયાઓએ તેના નામ ઉપર આશીર્વાદ વરસાવ્યા હતા અને આજે પણ આ મહામાનવની માતબર સખાવતોનો લાભ લઈ રહેલા લાખો ગરીબો તેના અમર નામ ઉપર આશિષ વરસાવી રહ્યા છે.

# લોકશાહી સાથે વિસંગત

શ્રી પુ. ગ. માવલંકર

જગન્નાથપુરીના શ્રી શંકરાચાર્યજીની ઓચિંતી અટકાયતનું સરકારનું પગલું એકંદરે કૉંગ્રેસ સરકાર માટે આત્મઘાતક ન નીવડે તો નવાઈ. લોકશાહીમાં પ્રજાકીય આંદોલનો સ્વીકાર્ય છતાં એમનાં સ્વરૂપ અને મર્યાદાઓ અવશ્ય ચર્ચાસ્પદ રહે છે. દાખલા તરીકે ઉપવાસનું શસ્ત્ર વાજબી કે ગેરવાજબી એ સવાલ પ્રામાણિક મતભેદનો વિષય બની શકે, પણ શ્રી શંકરાચાર્યજીના આમરણાંત અગર સીમિત ઉપવાસને કારણે એમની ધરપકડ કરવી અને દિલ્હીને બીજે છેડે છેક નીચે દક્ષિણમાં એમની રવાનગી કરવી એ હકીકત લાખો ભારતીયોની નાજુક સંવેદનશીલતાને ખરાબ રીતે ધક્કો મારનારી છે... કેવળ કડકાઈ અને સખત દમનકારી નીતિ કદી રાજકીય શાણપણ બની શકતી નથી............ લાખો હિંદુધર્મપ્રેમીઓના હૈયામાં ઊંડાણથી એમને વાગે એ રીતે સરકારી દમનદોરનો મિજાજ બતાવવો એ નિંદ્ય છે. હિંદુઓ આ દેશમાં બહુમતીમાં છે એ એમનો ગુનો નથી! અને બહુમતીને ગમે ત્યારે અને ગમે તે રીતે દબડાવી શકાય એમ માનીને હકૂમત ચલાવવી એ નર્યું ઘમંડ છે. અન્ય લઘુમતીઓ સાથે સરકાર કેવી સહાનુભૂતિથી, નરમાશથી, મૃદુતાથી વર્તે છે! એવું ન વર્તવું જોઈએ એમ કોઈ કહેતું નથી. લઘુમતીઓના હક્કો અને વિચારોનું સદા સન્માન થવું ઘટે, અને એમને સલામતીની ખાતરી મળતી રહેવી ઘટે, પણ એનો અર્થ એ નથી કે બહુમતીને ગણકારવી જ નહીં! હિંદુઓ બધા આ દેશમાં ગમે તે સ્થિતિમાં રહેવાને સરજાયેલા છે એવી માન્યતાથી રાજ્ય ચલાવવું એ કોઈ રીતે સ્વસ્થ લોકશાહી સાથે સુસંગત નથી.

( સંદેશ : તા. ૨૬–૧૧–૬૬ )

## બીજાના કાજી થશો નહિ

કોઈનો ન્યાય તોળશો નહિ. એથી તમારો પણ ન્યાય નહિ તોળાય. જેવો ન્યાય તમે તોળશો, તેવો જ ન્યાય તમારો પણ તોળાશે. તમે જે માપે માપશો તે જ માપે તમને પણ માપી આપવામાં આવશે.

તું તારા ભાઈની આંખમાંની રજ શા માટે જુએ છે અને પોતાની આંખમાંની ભારટિયો કેમ જોતો નથી? તારી આંખમાં ભારટિયો હોય ત્યાં સુધી તું તારા ભાઈને શી રીતે કહી શકે, લાવ, તારી આંખમાંની રજ કાઢી આપું? હે દાંભિક! પહેલાં તારી પોતાની આંખમાંથી ભારટિયો કાઢી નાંખ, તો પછી તને તારા ભાઈની આંખમાંથી રજ કાઢતાં બરાબર સૂઝશે.

પવિત્ર વસ્તુ કૂતરાને નાંખશો નહિ અને ભૂંડ આગળ તમારાં મોતી વેરશો નહિ. રખે તેઓ તેને પગ તળે કચરી નાંખે અને સામાં થઈને તમને ફાડી ખાય.

# શોકના મહાસાગરની પાર !

શ્રી અંબાલાલ પુરાણી

"હે ભગવન્! મને બોધ આપો." એમ કહેતા એક વખત નારદ ઋષિ સનત્કુમાર પાસે ગયા.

સનત્કુમારે તેને કહ્યું : "તમે જે જાણતા હો તે લઈને મારી પાસે આવો; તેનાથી આગળ હું તમને શિક્ષણ આપીશ."

પછી નારદે તેમને કહ્યું : "ભગવન્! હું ચારે વેદો જાણું છું. ઇતિહાસ, પુરાણ, વ્યાકરણ, જ્યોતિષ, ગણિત, દેવવિદ્યા, ભૂતવિદ્યા, શસ્ત્રવિદ્યા, ખગોળવિદ્યા, નાગને વશ કરવાની વિદ્યા, તથા બીજી ઘણી વિદ્યાઓ હું જાણું છું. હે ભગવન્! હું મંત્રવેદ પણ છું, પરંતુ આત્માને જાણતો નથી. આપના જેવા જ્ઞાની પુરુષો પાસેથી સાંભળ્યું છે કે આત્માને જાણનાર માણસ શોકને તરી જાય છે. હે ભગવન્! હું એવો શોકગ્રસ્ત માનવ છું એટલે આપ મને શોકની પેલે પાર ઉતારો."

સનત્કુમારે એને કહ્યું : "હે નારદ! અત્યાર સુધી તું જે શીખ્યો છે તે સઘળું નામમાત્ર છે—બાહ્ય જગતનું જ્ઞાન છે. કારણ કે એ બધી વિદ્યાઓ પરમ સત્યનાં નામમાત્ર છે, અને નામની પણ માણસો ઉપાસના કરે છે. તે નામની જ્યાં સુધી ગતિ પહોંચે છે ત્યાં સુધીની તે અમર્યાદ મુક્તિ ભોગવે છે."

નારદે તેને પૂછ્યું : "હે ભગવન્! નામ કરતાં, બાહ્ય જગત કરતાં કાંઈ વિશેષ છે ખરું ?"

સનત્કુમારે ઉત્તર આપ્યો : 'જરૂર, નામ કરતાં ઘણું વધારે જાણવાનું છે."

નારદે કહ્યું : "ત્યારે ભગવન્! તે મને શીખવો."

ત્યાર પછી સનત્કુમારે નારદને જ્ઞાન આપ્યું કે વાણી, મન, સંકલ્પ, ચિત્ત, ધ્યાન, વિજ્ઞાન, બળ, અન્ન, જળ, તેજ, આકાશ, પ્રાણ વગેરે અનેક તત્ત્વો નામથી પેલી તરફ ઊર્ધ્વમાં રહેલાં છે.

તેમણે નારદને સમજાવ્યું કે પરમ સત્યનું શ્રવણ, મનન અને નિદિધ્યાસન કરવું જોઈએ. તેના પર ધ્યાન કરવું જોઈએ. એ બધા માટે શ્રદ્ધા અને ગુરુની સેવા, મન અને ઇન્દ્રિયો ઉપર સંયમ વગેરે આવશ્યક છે. એ પ્રમાણે જે કરે છે તે અનંત બ્રહ્માનંદ પ્રાપ્ત કરે છે. એ દિવ્ય અનંત પ્રભુમાં સાચી શાંતિ અને આનંદ મળી શકે. ક્ષુદ્ર અને નિર્જીવ વસ્તુઓમાં આનંદ નથી, સુખ નથી. વિશાળમાં, અનંતમાં આનંદ છે. જે માણસો આ દિવ્ય જ્ઞાન પ્રાપ્ત કરે છે, તે વિરાટ—પોતાના પર રાજ્ય કરનારો—થાય છે, તે સર્વકાંઈ જાણી શકે છે."

જ્યારે નારદે આ પ્રમાણે નિયમોનું પાલન કરીને ચિત્તશુદ્ધિ કરી ત્યારે તેઓ શોકના મહાસાગરની પાર પહોંચ્યા.

## થઈ બેઠા

લાયકાત વિણ નાલાયક, પંચાયતના નાયક થઈ બેઠા,
ગરબા–ગીત ઉછીનાં ગાનારાઓ કંઈ ગાયક થઈ બેઠા.
છંદ કરે, કો ફંદ કરે, કો મંદ મંદ આક્રંદ કરે;
જેની સહાય હતી જેના પર તે તેના સહાયક થઈ બેઠા.
તસ્કર પંથી લક્ષ્મી–અસ્તર ધીરે ધીરે ઊંચકાયું,
ઢળી પડી પાંપણ, આંખના બંધબારણે દેખાયું.

શ્રી કનૈયાલાલ દવે

# ગોરક્ષા માટે આપણે શું કરવું જોઈએ?

શ્રી 'મધ્યબિંદુ'

સરકાર કાયદાથી ગોવધબંધી કરે તોય એટલાથી કામ પૂરું થઈ જાય છે અને પછી આપણે કશું કરવાનું રહેતું નથી, એમ સમજવાનું નથી. કાયદાથી ગોવધબંધી થતાં જનતાની જવાબદારી અનેકગણી વધી જાય છે. આપણે જાણીએ છીએ કે ગોવધબંધી માટે બૂમો પાડનારા આપણામાંના મોટા ભાગના ગાયના દૂધને બદલે ભેંસનું દૂધ અને ભેંસનું ઘી ખાય છે, જ્યારે ગોરક્ષાની આપણા જેટલી હિમાયત ન કરનાર યુરોપમાં મોટે ભાગે ગાયનાં જ ઘી-દૂધ-માખણ વપરાય છે. આપણે ત્યાં દૂઝણી ગાયોને પણ પૂરતાં ખાણ–ચારો મળતાં નથી. આપણે જોઈશું તો ગામડાંમાં આપણું પૂજ્ય ગોધન દુર્બળ હાલતમાં જીવી રહેલું દેખાશે. શહેરોમાં પણ કેટલીક ગાયોને રખડતી છોડી દેવામાં આવે છે. કેટલીક ગાયો ખુલ્લી જમીનમાં ઊગતાં તણખલાંથી, કેટલીક ગાયો કાગળો અને રદ્દી કચરાના ડૂચા ચાવીને અને કેટલીક ગાયો પોળોમાં ફેંકવામાં આવતા એંઠવાડથી કે ધાર્મિક જનતાએ કાઢેલા ગોગ્રાસથી ચલાવતી હોય છે. આવી છૂટી ફરતી ગાયોને સાંજે તેમના રક્ષકો ઘેર હાંકી જાય છે અને તેમની પાસેથી બને તેટલું દૂધ દોહી લેવામાં આવે છે. ગામડાંમાં પણ સીમમાં ચરી આવેલી ગાયોનું બને તેટલું દૂધ દોહી લેવામાં આવે છે. એટલે સુધી કે તેમનાં વાછરડાં માટે પણ આંચળોમાં ખાસ દૂધ રહેવા દેવામાં આવતું નથી. વાછરડાંને આંચળ ચાટીને અથવા દોહનારે આંચળોમાં રહેવા દીધેલા નહીં જેવા દૂધથી મન મનાવવું પડે છે. અને ગાયમાતાની સ્થિતિ ભગવાને તેના આંચળોમાં દૂધ મૂક્યું છતાં બીજાં પ્રાણીઓની જેમ પોતાનાં વાછરડાંને તે સંતોષથી ધવડાવી પણ શકતી નથી તે માટે પસ્તાવો કરવાની થાય છે. ગાયો સગર્ભા થઈ હોય છતાં સારી રીતે તેમને દોહવામાં આવે છે અને એટલે સુધી કે તેમને સગર્ભાવસ્થાને લીધે ખારું દૂધ નીકળે છે તે પણ ઘણા લોકો દોહવાનું છોડતા નથી.

આથી ગર્ભમાં રહેલ વાછરડાને પણ ગાયના શરીરમાંથી પૂરતું પોષણ મળતું નથી. સગર્ભાવસ્થાને લીધે ગાય દૂધ આપતી બંધ થાય છે કે તરત તેને સારાં ઘાસચારો કે ખાણ આપવાનું બંધ કરી દેવામાં આવે છે. પછી ગાય વિયાય ત્યાં સુધી તેને અપૂરતા અને લૂખાસૂકા ઘાસચારા પર જિવાડવામાં આવે છે કે જે વખતે તેને સારાં ખાણ–પોષણ અને ઘાસચારો જરૂરી હોય છે.

આમ ગાયની ઓલાદને ગર્ભથી જ ઓછું પોષણ મળે છે. ગાય વિયાયા પછી પણ વાછરડાંને પૂરતું દૂધ ધાવવા માટે મળતું નથી. આથી પણ આપણી ગાયોની ઓલાદ દુર્બળ, નિર્બળ અને નાના શરીરવાળી બનતી ગઈ છે. ગાયોને ઓછામાં ઓછાં ઘાસ-ચારો-ખાણ-પોષણ આપીને તેમનામાંથી વધારેમાં વધારે દૂધ કાઢી લેવાનો પ્રયત્ન કરવામાં આવે છે. કેટલીક જગ્યાએ ગાય ઓછું દૂધ આપે તો તેના ઉપર જુલમ ગુજારવામાં પણ આવે છે.

આમ આપણે ત્યાં જે ગોપાલન થઈ રહ્યું છે તે ગોભક્તિથી થતું નથી. ગાયોને ભક્તિથી પાળવામાં અને દોહવામાં આવતી નથી, પણ લોભથી પળાય છે અને લોભથી દોહવામાં આવે છે. હાલમાં આપણને ગાયનું જે દૂધ મળે છે તે દૂધ ગાયની આપણે ઘેર થયેલી સેવા અથવા પાલનથી પ્રસન્ન થયેલી ગાયની પ્રસાદીરૂપ હોતું નથી, પરંતુ લોભરૂપી સેતાને વેચીને પૈસા કમાવા માટે ગાયનાં આંચળોમાંથી ખેંચી કાઢેલું (તે દૂધ) હોય છે.

પ્રશ્ન થશે કે મોટાં શહેરમાં સાંકડી પોળોમાં નાની રૂમોમાં રહેનાર સૌ કોઈ કુટુંબો ઘેર ઘેર ગાયોને શી રીતે પાળી શકે? આનો ઉકેલ એવો નીકળી શકે કે શહેરની જનતાએ જો ગાયનું દૂધ પીવું છે અને ગોપાલનનો પોતાનો ધર્મ સાચવવો છે તો શહેરોથી થોડેક દૂર વિશાળ જગ્યા રાખીને ગાયોના સામૂહિક પાલનની વ્યવસ્થા ઊભી કરવી જોઈએ. આપણે જગ્યા એકવાયર કરીને મોટા ઉદ્યોગો અને ઔદ્યોગિક વસાહતો ઊભી કરી શકીએ છીએ તેમ સારી જગ્યા રોકીને ગોપાલનનાં ક્ષેત્રો ઊભાં કરવાં જોઈએ અને શહેરમાં ગેરકાયદે ઝૂંપડાં બાંધીને પાંચ–દશ ગાયો (ઢોર) રાખીને ભૂંડે હાલે જીવતી રબારી કોમના લોકોને લઈ જઈ તે ક્ષેત્રોમાં પાકાં બાંધેલાં મકાનોમાં વસાવવા જોઈએ, અથવા બીજા પણ કામધંધો ન મેળવી શકતા બેકાર લોકોને લઈ જઈ ત્યાં વસાવવા જોઈએ અને

નિરીક્ષણપૂર્વક તેમની પાસે પદ્ધતિસર ગોપાલન કરાવવું જોઈએ. તેમાં પાળવામાં આવતી ગાયોથી આખા શહેરને દૂધ પૂરું પડી શકે તેવડું એ ક્ષેત્ર હોવું જોઈએ.

આપણે ત્યાં લાખોને ખર્ચે યાંત્રિક કતલખાનાં બંધાય છે, ગરીબ લોકોનાં બાળકોના મોંમાંથી દૂધ ખૂંચવી લઈને દૂધનું પેકિંગ કરનારી ડેરીઓ પણ લાખો કરોડોના ખર્ચે બંધાય છે, કરોડોના ખર્ચે રિફાઈનરીઓ બંધાય છે અને બીજા ઉદ્યોગો પણ સ્થપાય છે, પણ જ્યાંથી જીવનની પાયાની વસ્તુ–દૂધનું ઉત્પાદન થઈ શકે એવાં ગોપાલનનાં ક્ષેત્રો બિલકુલ બંધાતાં નથી એ જ કમનસીબીની વાત છે.

શ્રીમંતો અને વૈષ્ણવો પોતાના હિતને માટે મોટી મૂડી રોકીને ઉદ્યોગો સ્થાપે છે. પોતાની નામના-કીર્તિને માટે દાનધર્મમાં પણ સારી રકમો વાપરે છે. સામાન્ય જનતા પણ દાન–પુણ્ય કરે છે, પણ જેનાથી સૌ કોઈનું કાયમી હિત થાય, જેનાથી સૌ કોઈને બળ, વીર્ય, મેધા, આયુષ્ય અને આરોગ્ય પ્રાપ્ત થઈ શકે એવા દૂધને માટે જ્યાં પદ્ધતિસર ગોપાલન થતું હોય એવાં ગોપાલન-નાં ક્ષેત્રો ઊભાં કરવા તરફ કોઈનું લક્ષ્ય જતું નથી.

શહેરમાં રહેનાર જે લોકોને પોતાને ઘેર ગોપાલનની સગવડ નથી, જેમના જીવનમાં ગોપાલ-નની ફુરસદ કે અનુકૂળતા નથી; અને છતાં જેમને ગાયો પ્રત્યે ભક્તિ છે, ગોપાલનને જેઓ ધર્મ માને છે; એટલું જ નહીં, પણ જેઓ ગોપાલનને ધર્મ કે ભક્તિ માનતા નથી છતાં ઘી–દૂધ ખાય છે, તે સૌ કોઈ મનુષ્યોની ગોપાલનનાં ક્ષેત્રોની સ્થાપનામાં સહાયક બનવાની ફરજ છે.

ગાયોની સુરક્ષા માટે, પાલન–સંવર્ધન માટે અને ઉત્તમ પ્રકારનું દૂધ પ્રાપ્ત કરવા માટે ઉપર પ્રમાણે ગોપાલનનાં ક્ષેત્રો સ્થાપવાની શ્રીમંત અને સામાન્ય જનતાની ફરજ છે; એટલું જ નહીં, દેશમાં આવાં ક્ષેત્રો ઊભાં કરવાની સરકારની પણ ફરજ છે. અન્નની તંગીથી પીડાઈ રહેલા આ દેશમાં સારાં ઘી–દૂધ પણ સામાન્ય જનો માટે દુર્લભ બનતાં જઈ રહ્યાં છે. સરકાર કરોડો અને અબજો રૂપિયા પરદેશોથી અનાજ મેળવવા માટે ખર્ચે છે, પણ દેશમાં જો ગોપાલનને પદ્ધતિસર અને યોજનાપૂર્વક હાથ ધરવામાં આવે તો અનાજની ખરીદીમાં પરદેશોને આપવા પડતા પૈસા કરતાં ઘણા જ ઓછા ખર્ચે ગોપાલનનાં ક્ષેત્રો તૈયાર થઈ શકે, ઘણા બેકારોને કામધંધો મળી શકે અને દેશમાં દૂધ–ઘીની તંગી મટી શકે.

વિકેન્દ્રિત રીતે અથવા ઘરદીઠ જ્યાં ગોપાલન અનુકૂળ નથી એવાં શહેરો માટે ઉપર પ્રમાણે સામૂહિક ગોપાલનનાં ક્ષેત્રો ઊભાં કરવાં જોઈએ, જેથી ગાયોની સુરક્ષા–પાલનપોષણ થાય, શહેરની જનતાને દૂધ મળે અને પૈસાના જોરે ગામડાંમાંથી શહેરમાં ખેંચાઈ આવતું દૂધ ગ્રામજનતાના પોષણ માટે ગામડાંમાં જ રહી શકે.

વળી ગામડાંમાં પણ સૌ કોઈ ઘેર ગાયો રાખી શકે એ માટે ગામડાની સીમમાં અમુક ગોચર જમીન ફાજલ રાખવી જોઈએ કે જ્યાં ગામનાં બધાં ઢોરોને ગોવાળો ચરાવી શકે, અને એટલી જમીન ફાજલ રાખ્યા પછી જ બીજી જમીન ખેતી માટે આપવી જોઈએ. સરકાર જો મહેસૂલના લોભે બધી જ જમીન ખેતી માટે આપી દે તો ગોચર જમીન ન રહેવાથી ખેતીવાળાઓ સિવાય ગામની બીજી વસ્તી ઘેર ઘેર ઢોર રાખી શકે નહીં. અને ખેતીવાળાઓ પણ જો રોકડિયા પાકના લોભમાં પડી ખેતરોમાં તમાકુ, કપાસ, મગફળી વગેરેનું વાવેતર કરે તો ઘાસચારાના અભાવે તેઓ પોતે પણ ઘેર ઢોર રાખી શકે નહીં. હાલમાં આવાં જ કારણોને લીધે ઘણાં ગામડાંમાં લોકો ઢોર રાખી શકતા નથી અને એવી ગ્રામવસ્તીમાં પણ દૂધ-ઘીની કારમી તંગી પ્રવર્તતી હોય છે. સરકારે એ ધ્યાનમાં રાખવું જોઈએ કે દૂધ-ઘીનો પ્રશ્ન એ અનાજ જેટલો જ અગત્યનો છે અન્નની તંગીમાં દૂધ-ઘી એ સહાયક કે પૂરક બનનારી ચીજો છે. રોકડિયા પાકથી કદાચ હૂંડિયામણ કમાઈ શકાય, પરંતુ આપણે અનાજ માટે ઘણું જ મોટું હૂંડિયામણ ખરચીએ છીએ. અનાજ અને ઘી–દૂધ એ સૌથી પ્રથમ પાયાની વસ્તુ છે એથી અનાજના બદલે રોકડિયા પાકથી હૂંડિયા-મણ કમાવવામાં ખરેખર હૂંડિયામણ કમાવાતું નથી,

પણ ગુમાવાય છે. ગામડાંમાં ગોચર માટે ફાજલ રાખેલી જગ્યામાં જો ઘાસચારો ઓછો થઈ જાય અથવા સુકાઈ જાય તો ગામલોકો ભેગા મળીને ત્યાં કૂવા દ્વારા પાણીની સગવડ કરીને ઘાસચારો ઉગાડી શકે. અને કૂવા–પાણીની આવી સગવડ માટે સરકારે પણ ગામને સાથ આપવો જોઈએ

આપણે જો ગાયોને બચાવવી હોય તો શહેરોમાં અને ગામડાંમાં ગાયોનું પાલન-પોષણ–રક્ષણ થઈ શકે એવું તંત્ર, એવી વ્યવસ્થા ઊભાં કરવાં જોઈએ, એવી પરિસ્થિતિ નિર્માણ કરવી જોઈએ. માટે ગાયોને પાળવામાં, ગાયોની સુરક્ષામાં ગામો તથા શહેરોમાં જે પ્રતિકૂળતાઓ છે, તેનું પ્રથમ નિવારણ કરવું જોઈએ આપણે સૌએ ગાયનાં ઘી–દૂધ ખાનારા બનવું જોઈએ. મનુષ્યના શરીરમાં ગાયનાં ઘી–દૂધનું સાત્મ્ય જેટલું સહેલાઈથી અને સંપૂર્ણપણે થાય છે, તેટલું ભેંસનાં ઘી–દૂધનું થતું નથી. છતાં લોકો ગાયનું બળ-બુદ્ધિ–મેધાવર્ધક ગુણકારી દૂધ પીવાનું છોડીને વધુ પોષણના લોભે મેદ અને જડતા કરનારું ભેંસનું જાડું દૂધ પીએ છે અને ભેંસનું ઘી ખાય છે, અને મંદાગ્નિ, બ્લડપ્રેશર, હૃદયરોગ, વા, લકવો વગેરે દરદો શરીરમાં ઊભાં કરી રહ્યા છે.

આ બધી વાત ધર્મોપદેશકોએ, સમાજસેવકોએ અને ગોભક્તોએ જનતાને સમજાવવી જોઈએ. શ્રીમન્તો અને સરકારના સહકારથી શહેરો પાસે ગોપાલનનાં સામૂહિક ક્ષેત્રો અને ગામડાંમાં ગોપાલનની અનુકૂળ પરિસ્થિતિનું નિર્માણ કરવું જોઈએ ગાયનું પાલન જો લોભ વિના ધર્મપૂર્વક કરવામાં આવે, ગાયને જો સારાં ખાણ ને ચારો આપવામાં આવે, તેનાં વાછરડાંને જો પૂરતાં દૂધ–પોષણ આપવામાં આવે અને સગર્ભાવસ્થામાં જો ગાયને લૂખાસૂકા અલ્પ ઘાસ ઉપર ન રાખવામાં આવે તો ગાય પણ પુષ્કળ પ્રમાણમાં દૂધ આપે છે અને તેનું દૂધ પણ જાડું અને પૌષ્ટિક હોય છે. આ રીતે ગાયની ઓલાદ પણ સુધરે છે. ગાય વહેલી વહેલી વસૂકી જતી નથી અને જેમ આંબાનું વૃક્ષ સુકાઈ જતા અગાઉની વસંત સુધી મહોરે છે અને ફળે છે, તેમ ગાય પણ તેનાં છેવટનાં વર્ષો સુધી વિયાય છે અને દૂધ આપે છે. પણ તેનું પાલન લોભપૂર્વક નહીં પણ ધર્મપૂર્વક અને માનવતાપૂર્ણ રીતે થવું જોઈએ.

ઈશ્વરે માનવજાતિને ગાય નામનું પ્રાણી આપ્યું છે તે એ પ્રાણી દ્વારા માનવજાતિ માનવતાથી હીન થઈને પોતામાં લોભવૃત્તિને પોષે એટલા માટે નહીં, પણ એ પ્રાણીની માનવતાભરી રીતે સેવા કરીને પોતાની માનવતાની અભિવૃદ્ધિ કરીને એ પ્રાણીથી બળ, બુદ્ધિ, આયુષ્ય અને આરોગ્યના અનેક લાભો મેળવી શકે એ માટે આપ્યું છે.

ઈશ્વરે માનવજાતિને ગાય નામનું પ્રાણી આપ્યું છે અને પ્રાચીન મહાપુરુષોએ એનું પાલન કરવાનો જે ધર્મ બતાવ્યો છે, તે એનું પાલન કરીને માણસો આર્થિક રીતે કે બીજી રીતે નુકસાનમાં ઊતરે એટલા માટે નહીં, પણ એનું પાલન કરવાથી આર્થિક રીતે અને બીજી અનેક રીતે જે લાભો છે તેને પ્રાપ્ત કરે એટલા માટે છે.

ગાયનું જો સાચી રીતે–યોગ્ય રીતે પાલન કરવામાં આવે તો આર્થિક દૃષ્ટિએ પણ ભેંસ કરતાં ગાય વધુ ફાયદો આપનાર છે આથી જ યુરોપમાં ગાયનું પાલન પુષ્કળ પ્રમાણમાં થાય છે જ્યારે ભેંસનું પાલન જૂજ પ્રમાણમાં જ છે. ભેંસનું દૂધ ખાનારા કરતાં ગાયનું દૂધ ખાનારા ઓછા માંદા પડે છે એ પણ એક ફાયદો જ છે.

આથી દેશનાં શહેરોમાં અને ગામોમાં સૌના સહકારથી ગોપાલનનું વ્યવસ્થિત તંત્ર ઊભું થાય એ પ્રથમ જરૂરી છે. સૌએ એકત્રિત થઈને આ માટે પ્રયત્ન કરવો જોઈએ. ગોપાલન જો સાચી રીતે અને વ્યવસ્થિત રીતે થશે અને લોકો જો ગાયનાં ઘી–દૂધ ખાતા થશે તો ગાયોને કતલખાનામાં મોકલવાનો વખત જ નહીં આવે કાયદાથી ગોવધબંધી થાય પણ દેશમાં જો યોગ્ય રીતે ગોપાલનની વ્યવસ્થાનું નિર્માણ થાય નહી અને લોકો ગાયનાં ઘી-દૂધ ખાય નહીં તો ગાયો જીવી શી રીતે શકશે એ પણ વિચારવા જેવું છે આજે લોકો ભેંસનાં દૂધ–ઘી માગી રહ્યા છે. લૂખુંસૂકું થોડું ઘાસ નાખેલા ખૂંટા ઉપર ઊભેલી ગાય કપાસિયા અને મગફળીના ખોળનું ખાણ ખાતી અને લીલા ઘાસનું ભરપૂર નીરણ પામતી ભેંસની સામે દીનતાથી જોઈ રહી છે. ગાયના દૂધનું નામ ભેંસના પાણી ભેળવેલા પાતળા દૂધને વેચવા માટે ઉપયોગમાં લેવાઈ રહ્યું છે. આજે દૂધ આપતી ગાયોને પણ પૂરતો ઘાસચારો

મળતો નથી ત્યાં દૂધ આપતી બંધ થયેલી અથવા ફરી ન વિયાનારી ગાયોને જુવે ત્યાં સુધી ઘાસચારો કોણ નીરવાનું છે? અથવા નીરવાનું કોને પોષાશે? આવી ગાયો કાગળ-કચરાના ડૂચા ચાવીને ભૂખમરાની સ્થિતિમાં દિવસો કાઢશે અથવા આમરણાંત (આમરણ) ઉપવાસની સ્થિતિમાં મુકાઈ જશે તેનો પણ વિચાર કરવો જોઈએ.

ઉપરની સ્થિતિમાં રિબાતી ગાયોનો ત્વરિત નિકાલ થઈ જાય અથવા તેઓ જ્યાંત્યાં ફરતી અને લાકડીઓના ફટકા ખાતી ભૂખથી રિબાઈ રિબાઈને દુઃખી થઈ પ્રાણ છોડે આ બેમાંથી કઈ સ્થિતિ ગાયો માટે વધારે સુખકર અથવા હિતકર છે તેનો પણ આપણે વિચાર કરવો જોઈએ. કારણ કે જ્યાં સુધી આપણે ગાયોના પાલનની વ્યવસ્થાનું નિર્માણ નથી કર્યું, ત્યાં સુધી કાયદો થયો હોય કે ન થયો હોય તોપણ ઉપરની બે સ્થિતિમાંની એક તો ગાયોને માટે રહેવાની જ છે.

એથી દેશમાં ગોપાલનના વ્યવસ્થિત તંત્રનું નિર્માણ ન થાય અને લોકો જ્યાં સુધી ગાયનાં ઘી-દૂધ ખાતા ન થાય ત્યાં સુધી ગોવધબંધીનો કાયદો થાય તોપણ નથી એનાથી ગાયોને ફાયદો કે નથી પ્રજાને ફાયદો. માટે સમસ્ત ગોજાતિનો હાલની તેની હીન સ્થિતિમાંથી ઉદ્ધાર થાય એવો વ્યવસ્થિત અને રચનાત્મક પ્રયત્ન આખા સમાજ દ્વારા થવો જોઈએ. તો જ તેની હાલની સ્થિતિમાં ફેર પડી શકે અને તેની ખરેખરી સુરક્ષા થાય. ગોરક્ષા માટે મેદાને પડેલાઓ અને ગોરક્ષાના હિમાયતીઓ જો આ દિશામાં પ્રયત્ન ન કરે, ઉપર કહેલા પ્રકારની વ્યવસ્થા ઊભી કરવામાં સમાજને ન પ્રેરે, સમાજને તે માટે તૈયાર ન કરે તો ગોભક્ત તરીકે અથવા ધાર્મિક નેતા તરીકે પોતે આગળ આવવા માટે, પોતાની નામના અથવા ખ્યાતિ થવા માટે દીનહીન સ્થિતિમાં જીવતી ગોમાતાનો તેમણે કેવળ લાભ જ લીધો છે એમ કેમ ન કહી શકાય? માટે આપણે સૌએ સચ્ચાઈપૂર્વક ગોમાતાની સ્થિતિ, ગોમાતાની આખી જિંદગી સુધરે એવો વ્યવસ્થિત અને સક્રિય પ્રયત્ન કરવો જોઈએ.

★

## રજકણ

**સંકલન : "શિવશક્તિ"**

- જે મનુષ્ય શક્તિશાળી હોવા છતાં પણ પોતાની શક્તિને પ્રગટ કરતો નથી તે જગતમાં તિરસ્કાર પામે છે.
- જે કાર્ય બળથી સિદ્ધ થતું નથી તે કાર્ય બુદ્ધિથી સાધી શકાય છે.
- જે મનુષ્ય સંકટસમયે અથવા તો હર્ષનો પ્રસંગ આવી પડતાં વિચાર કરીને પગલું ભરે છે અને ઉતાવળથી કામ કરતો નથી, તેને કદી પસ્તાવાનો વખત આવતો નથી.
- જે પોતાની તથા શત્રુની શક્તિ જાણ્યા વિના ઉત્સુક બની દુશ્મનની સામે થાય છે, તે દીપકમાં પડેલા પતંગિયાની જેમ નાશ પામે છે.
- જેના સ્વભાવની ખબર ન હોય તેને આશ્રય આપતા પહેલાં શાણો મનુષ્ય વિચાર કરે છે.
- સંપની મહત્તા વધુ છે. સંપ અને સંગઠનથી ગમે તેટલાં અઘરાં કાર્યો સિદ્ધ થાય છે, જ્યારે કુસંપથી સહેલાં કાર્યો પણ અઘરાં બની જાય છે. કુસંપથી ક્લેશ થાય છે અને તન-મન ઉપર ખરાબ અસર થાય છે. માટે જ જ્યાં સંપ છે ત્યાં લક્ષ્મી છે, સુખ છે અને શાંતિ છે.
- દુષ્ટજનોની સઘળી ઇચ્છા ફળતી નથી તેથી જ આ જગત ચાલે છે. જો તેઓની સઘળી ઇચ્છા ફળતી હોત તો જગતનો ક્યારનોય નાશ થઈ ગયો હોત.
- સંકટસમયે ધૈર્ય ધારણ કરવું અને ગભરાઈ જવું નહીં. આપત્તિના સમયમાં બુદ્ધિશાળી મનુષ્યો આપત્તિમાંથી ઊગરવા માટેના બધા જ પ્રયત્નો કરે છે.
- સંકટસમયે સાથે રહે અને સાથ આપે તેને મિત્ર જાણવો, માતાપિતાની ભક્તિ કરતો હોય તેને પુત્ર જાણવો, અને જેની પાસે રહેવાથી આનંદ અને શાંતિ મળે તેને સ્ત્રી જાણવી.

**ઝેરને પચાવી જાણનાર જ અમૃતને પામી શકે છે**

# સમુદ્રમંથન

**શ્રી ડોંગરે મહારાજ**

## ૧

દૈત્યોથી હારેલા દેવો ભગવાનને શરણે ગયા અને પ્રાર્થના તરી કે અમને અમારું રાજ્ય પાછું મળે તેવું કરો. ભગવાને કહ્યું તમે સમદ્રમંથન કરો. તેમાંથી જે અમૃત નીકળશે તે હું તમને પિવડાવીશ. તમે અમર થશો.

જેને જ્ઞાન-ભક્તિરૂપી અમૃત મળે છે તે અમર બને છે. પરંતુ આ મોટું કામ છે. ભગવાને કહ્યું, આ કામમાં તમારા શત્રુઓનો સાથ લેજો. નહીં તો શત્રુઓ તમારા કાર્યમાં વિઘ્ન કરશે. તમે દૈત્યો સાથે મૈત્રી કરો. દૈત્યો અભિમાની છે. તેમનાં વખાણ કરજો એટલે તેમની સાથે મૈત્રી થશે. અભિમાની વખાણથી જલદી ખુશ થઈ જાય છે.

દેવો અને દૈત્યો અમૃત મેળવવા સમુદ્રનું મંથન કરવા લાગ્યા. મંદરાચળ પર્વતને રવઈયો બનાવવામાં આવ્યો અને વાસુકિ નાગનું દોરડું બનાવ્યું.

સંસાર એ જ સમુદ્ર છે. તમારા જીવનનું મંથન કરો. સમુદ્રમંથન એ જીવનનું મંથન છે. જીવનમાં મંથન કરવાનું છે. સંસારસમુદ્રનું મંથન કરી જ્ઞાનરૂપી અને ભક્તિરૂપી અમૃત મેળવવાનું છે. જે જ્ઞાન અને ભક્તિરૂપી અમૃતનું પાન કરે છે તે અમર બને છે.

મંદરાચળ પર્વત એટલે મનને પર્વત જેવું સ્થિર કરવું તે, અને વાસુકિ નાગ એટલે પ્રેમની દોરી. સોળમું વર્ષ થાય એટલે મનની અંદર મંથન શરૂ થાય છે. શિવપુરાણમાં કથા છે : શિવજીએ કામને આજ્ઞા કરી છે કે તું વૃદ્ધાવસ્થા અને બાલ્યાવસ્થા છોડી મનુષ્યોને ત્રાસ આપજે. યુવાવસ્થામાં પૂર્વજન્મના સંસ્કાર ધીમે ધીમે જાગૃત થાય છે. તે વખતે મંદરાચળની રવઈ બનાવજો. તમારા મનને મંદરાચળ જેવું સ્થિર કરો. મન ચંચળ ન બને તે માટે રોજ અમુક સમય સારાં કાર્યોના પરિશ્રમમાં ગૂંથાયેલા રહો.

પણ આ મંદરાચળ પર્વત સમુદ્રમાં ડૂબવા લાગ્યો ત્યારે કૂર્માવતાર ભગવાને તેને પોતાની પીઠ ઉપર રાખ્યો છે. કૂર્મ એટલે કાચબો જેમ પોતાનાં બહાર નીકળેલાં અંગોને પોતાની અંદર ખેંચી લે છે તેમ બહાર ભટકતી ઇંદ્રિયોને વિષયોમાંથી ખેંચી લઈ અંતર્મુખ કરવાની છે અને ભગવાનના ચિંતનમાં જોડવાની છે. નિરાધાર મન સંસારમાં ડૂબે છે. મનરૂપી મંદરાચળ આધાર વગર સ્થિર રહી શકતો નથી. તેને ભગવત્સ્વરૂપનો-ભગવન્નામનો આધાર જોઈએ. તેને આધાર મળે તો તે સંસારસમુદ્રમાં ડૂબશે નહીં.

સમુદ્રમાં અનેક ઔષધિઓ પધરાવી મંથન કરવામાં આવ્યું છે. ઔષધિ એટલે દવા અને બીજો અર્થ થાય છે અન્ન. જળ અને અન્ન ઔષધિ છે. શરીરને આવશ્યક હોય એટલું આપજો. ભૂખ અને તરસને રોગ માનજો. તેમને સહન કરવાની ટેવ પાડો. રોગનિવૃત્તિ માટે જે પ્રમાણમાં દવા ખવાય છે તે પ્રમાણે અન્ન-જળનું સેવન કરજો. શરીર હલકું હશે તો સેવા-ભજનમાં આનંદ આવશે. સમુદ્રમાંથી પ્રથમ ઝેર નીકળ્યું. મનને સ્થિર રાખી પ્રભુનાં કાર્યો (પારમાર્થિક કાર્યો) કરશો એટલે ભગવાન પહેલું ઝેર આપશે. ઝેર સહન કરશો એટલે અમૃત મળશે. મહાપુરુષોએ ઝેર પચાવ્યું—દુઃખ સહન કર્યું એટલે તેમને અમૃત મળ્યું છે.

જીવનમંથન શરૂ થાય એટલે પ્રથમ વિષ મળશે. યુવાનીમાંથી મંથન શરૂ થાય છે. પહેલાં વિષયો મળશે. વિષયો વિષ જેવા છે. નિંદા અને કર્કશ વાણી એ પણ ઝેર છે. નિંદા અને નરક એક છે. નિંદારૂપી ઝેર સહન કરશો તો અમૃત મળશે. પ્રતિકૂળ પરિસ્થિતિ એ પણ ઝેર છે. દુઃખ એ પણ ઝેર છે.

ઝેરની વાસ દૈત્યો અને દેવોથી સહન થતી નથી. પ્રભુએ કહ્યું કે શંકરને ઝેર પચશે, માટે તેમને બોલાવો. જેને માથે જ્ઞાનગંગા હોય તેને ઝેર પચે છે. આ સંસારનું ઝેર બધાને બાળે છે, પરંતુ જેના માથા ઉપર જ્ઞાનગંગા હોય તેને ઝેર બાળતું નથી. શંકર ભગવાનની જેમ જ્ઞાનગંગાને માથે રાખશો તો ઝેર સહન થશે.

દેવોએ શિવજીને ઝેર પીવા પ્રાર્થના કરી. શિવજીએ પાર્વતીની આજ્ઞા માગી : 'દેવી, હું ઝેર પી

જાઉં ?' પાર્વતી કહે : 'આ લોકો સ્વાર્થી છે. તેમને તમારી કંઈ પડી નથી. ઝેર પીવાથી તમને કંઈ થાય તો ?'

શિવજી બોલ્યા : 'બીજાનું કલ્યાણ થતું હોય તો ભલે મને દુઃખ થાય.'

બીજાને સુખી કરવા પોતે દુઃખ સહન કરે તે શિવ, પોતાને સુખી કરવા બીજાને દુઃખી કરે તે જીવ. બીજાનું સુધારવા જે પોતાનું બગાડે એ શિવ, પોતાનું સુધારવા જે બીજાનું બગાડે એ જીવ.

લોકહિતની ભાવનાથી શિવજી ઝેર પી ગયા. ઝેર ગળામાં રાખવાનું હોય, પેટમાં ઉતારાય નહીં. કોઈને કડવા શબ્દો કહેવાની ઇચ્છા થાય એટલે ગળા સુધી આવતા શબ્દોને ત્યાં જ અટકાવી દેવાના. ઝેરને બહાર ન કઢાય તેમ ઝેરને પેટમાં પણ ન ઉતારાય. નિંદાને દિલમાં લાવવી નહીં, કોઈએ દ્વેષ કર્યો હોય એને યાદ રાખવો નહીં, પેટમાં સંઘરી રાખવો નહીં.

કોઈ દિવસ ઝેરને પેટમાં ઊતરવા દેશો નહીં. કર્કશ વાણી એ ઝેર છે. શિવજીએ ઝેર કંઠમાં રાખ્યું છે.

એક મહાત્મા કહેતા હતા ( જોકે ભાગવતમાં લખ્યું નથી) કે શિવજી ઝેર પીતા હતા ત્યારે થોડું ઝેર નીચે પડ્યું તે કેટલાંકની આંખમાં ગયું અને કેટલાંકના પેટમાં ગયું.

ઝેર બહુ બાળે તો ભગવાનના નામનું કીર્તન કરજો, ભગવાનના સ્વભાવનું ચિંતન કરજો. આથી ઝેર અમૃત બને છે. સંસારમાં ઝેર પણ છે અને અમૃત પણ છે. ઝેરને પચાવે છે તેને અમૃત મળે છે. ભગવાનના ગુણોનું સ્મરણ એ અમૃત છે.

સોળમા વર્ષથી જીવનમાં મંથન શરૂ થાય છે. મનમાં વાસનાનું ઝેર ઉત્પન્ન થાય છે. તે વખતે મનને મંદરાચળ જેવું સ્થિર કરો. તો તે મંથનમાંથી–સંસારમાંથી જીવનની ભવ્યતારૂપી, જ્ઞાન ભક્તિરૂપી, સદાચારરૂપી, પુણ્ય-પવિત્રતા–દયારૂપી, સદ્‌ભાવનારૂપી અમૃત નીકળશે. તે પીવાથી પછી મનુષ્ય મરતો નથી, મૃત્યુરૂપી સંસારમાં ડૂબતો નથી. તે અમર બને છે, તેને પરમાત્માનું અમર સ્વરૂપ પ્રાપ્ત થાય છે. તુકારામ, શંકરાચાર્ય, વલ્લભાચાર્ય, મીરાંબાઈ હજુ અમર છે; તેમને કોઈ ભૂલી શકતું નથી તેઓ અમરતાને પામ્યાં છે. તેમનાં નામ સૌ યાદ કરે છે.

ભગવાન ઝેર પહેલાં આપે છે અને પછી અમૃત આપે છે. ભગવાન પહેલાં કસોટી કરે છે. તેમાં મંદરાચળ જેવો જે અડગ રહે છે તેને અમૃત આપે છે.

જગતના ભલા માટે શંકર ઝેર પી ગયા. સાધુપુરુષનું વર્તન એવું જ હોય છે. સજ્જન પોતાના પ્રાણનું બલિદાન આપીને પણ પ્રાણીઓના પ્રાણનું રક્ષણ કરે છે. ત્યારે સંસારનાં પ્રાણીઓ મોહમાયાથી મોહિત થઈ પરસ્પર વેર રાખી રહ્યાં છે.

પરોપકારી સજ્જન પ્રજાનું દુઃખ ટાળવા માટે પોતે દુઃખ સહન કરે છે. સાધુપુરુષો બીજા લોકોનાં દુઃખથી દુઃખી થાય છે, પરંતુ ખરી રીતે આ દુઃખ એ દુઃખ જ નથી. આ તો સર્વના હૃદયમાં વિરાજી રહેલા પરમાત્માનું પરમ આરાધન છે.

સાધુપુરુષો કેવા હોય તે તુલસીદાસની વાણીમાં જોઈએ.

संतहृदय नवनीत समाना । कया कहिय पै कहु न जाना ।।
निज परिताप द्रवे नवनीता । परदुख द्रवै सुसंत पुनीता ।।

परहित सरिस धर्म नहि भाई ।
परपीडा सम नहि अधमाई ।।

" સંતોનું હૃદય નવનીત અર્થાત્ માખણ જેવું છે. અરે, માખણ જેવું કહેવું એ પણ બરાબર નથી. તેને કોના જેવું કહેવું એ જ મને સમજાતું નથી. માખણ તો પોતાને તાપ લાગવાથી જ ઓગળે છે, જ્યારે પવિત્ર સંતહૃદય તો બીજાના તાપ–દુઃખથી જ દ્રવીભૂત થઈ જાય છે.

હે ભાઈ, આ જગતમાં બીજાનું હિત કરવું એના જેવો કોઈ ધર્મ નથી, અને બીજાને પીડા કરવી એના જેવું કોઈ પાપ–અધમતા નથી."

# વિશ્વવિચિત્રતાનું રહસ્ય

પં. શ્રી ભાનુવિજયજી ગણિવર્ય

વિરાટ વિશ્વની વિચિત્ર ઘટનાઓ શી રીતે બની રહી છે, એનું રહસ્ય શોધી કાઢવા જગતના ચિંતકોએ ઘણી મહેનત કરી છે.

'By chance—અકસ્માત જ' આ બધું બને છે, એમ કહેનાર તો વિશ્વના સનાતન નિયમ 'Cause and Effect'—કાર્યકારણભાવને જ ભૂલી જાય છે, જ્યારે બીજા કેટલાકો કાર્યકારણનો નિયમ લક્ષમાં રાખીને વિચિત્ર ઘટનાઓ પાછળ ઈશ્વરની માયા, ઈશ્વરીય શક્તિ અગર ઈશ્વરીય સામ્રાજ્યને જવાબદાર ગણે છે.

એની સામે પ્રશ્ન એ ઊઠે છે કે 'ઈશ્વર તો પરમ દયાળુ ગણાય છે, તો એ દુઃખદ સર્જનો કેમ કરે? ઘાતક શસ્ત્રાદિ અને નિર્દય ઘટનાઓ કેમ બનાવે? અને સર્વશક્તિમાન ગણાય છે તો હલકાં, અધૂરાં તેમ જ નિષ્ફળ સર્જનો કેમ કરે?' એના સમાધાનમાં તેઓ કહે છે કે 'જીવોના ભાગ્યાનુસાર ઈશ્વર ન્યાયી રીતે વિચિત્ર સર્જનો કરે છે, વિચિત્ર ઘટનાઓ બનાવે છે.'

આની સામે ચિંતકોના એક વર્ગની દલીલ છે કે 'જો વિચિત્ર સર્જનોમાં ઈશ્વરને ભાગ્યની અનિવાર્યતા જ છે, તો ભાગ્યથી જ વૈચિત્ર્યનો જવાબ મળી જાય છે; માટે ભાગ્યને જ આ વૈચિત્ર્યનું કારણ માનો; ઈશ્વરને સર્જનહાર માનવાની શી જરૂર?'

ગમે તે હો, ઈશ્વરીય તત્ત્વની દરમિયાનગીરી હો યા નહિ, પણ ચિંતકવર્ગે જગતના વિચિત્ર સર્જન અને ઘટનાઓ પાછળ જુદા જુદા નામે જીવોનાં તેવાં તેવાં ભાગ્ય, વાસના, અદૃષ્ટ વગેરેને જવાબદાર ગણ્યાં જ છે—અવશ્ય માન્ય રાખ્યાં છે.

આ માનવું આવશ્યક પણ છે; કારણ કે જીવને ધારણા કે ઇચ્છા વિના કેટલાય પદાર્થ અને પ્રસંગોના યોગમાં આવવું પડે છે તે એના ભાગ્યના હિસાબે જ ઘટે. પૂર્વજન્મસ્મરણાદિથી એ સિદ્ધ હકીકત છે કે આત્મા જન્મજન્માંતરોમાં નવાં નવાં શરીર ધારણ કરતો અને મૃત્યુ વખતે એ શરીરને મૂકીને જતો એક સ્વતંત્ર પદાર્થ છે, શરીરથી નિરાળી વ્યક્તિ છે. પણ આ જન્મની કાયા એ જ આત્મા નથી.

આજે અનેક દાખલા મળે છે કે જેમાં નાની ઉંમરના બાળકને પોતાના પૂર્વજન્મના અનુભવોનું સ્મરણ થાય છે. ને એ દૂર દેશ, દૂર કાળ અને અપરિચિત કુટુંબ સાથેની પોતાની અનુભવેલી પૂર્વજન્મની વિગતો, નામઠામ અને સમયના નિર્દેશ સાથે કહે છે; અને ત્યાં જઈ તપાસ કરતાં બરાબર એ જ પ્રમાણે મળી આવે છે. પૂર્વજન્મમાંથી નીકળી અહીં આવી જન્મ પામનાર એક સ્વતંત્ર આત્મદ્રવ્ય—જીવપદાર્થને માન્યા વિના પૂર્વજન્મની બાબતોનું સ્મરણ અહીંવાળાને થયું હોવાનું શી રીતે સંગત કરી શકાય? એવો એક નિયમ છે કે 'જે અનુભવ કરે તેને જ પાછળથી સ્મરણ થાય.' જુદા જુદા પ્રવાસે ફરી આવેલા ભાઈઓ પોતપોતાના પ્રવાસનાં જે સંસ્મરણો કહે છે એ એમની તે તે પ્રદેશમાં જઈ, તે તે અનુભવ કરી આવ્યા છે એની સાબિતી છે, એમ જીવ પણ જે પોતાના અમુક ગામ-સ્થાન-નામ આદિના પૂર્વઅનુભવો કહે છે એ એની ત્યાંથી અહીં આવ્યાની વસ્તુસ્થિતિ સૂચવે છે.

બીજું એ પણ છે કે એક જ માતાપિતાથી જન્મ પામવા છતાં એક પહેલવાન, બીજો દૂબળો; એક બુદ્ધિમાન, બીજો જડબુદ્ધિ; એક રૂપવાન, ગુણિયલ, નીરોગી તો બીજો સામાન્ય રૂપવાળો, દોષથી ભરેલો, રોગિષ્ઠ દેખાય છે. વળી ખાનપાન અને બીજા વર્તનવ્યવહારમાં એમની ભિન્ન ભિન્ન પ્રકારની રુચિ હોય છે. એ સૂચવે છે કે એ જીવો પૂર્વજન્મમાં ભિન્ન ભિન્ન કર્મ અને અનુભવ કરીને આવેલા છે માટે અહીં આ બધા ભેદ પડે છે. નહિતર તો— પૂર્વજન્મ અને ત્યાં ઉપાર્જેલાં કર્મ તેમ જ અનુભવો વિના જ આ બધું આકસ્મિક બની આવ્યું, એમ માનવા જતાં તો—કાર્યકારણના નિયમનો ભંગ થાય! એટલે જ આજના પાશ્ચાત્ય દેશના મહાન ચિંતકો સર ઓલિવર લોજ, લૉર્ડ કેલવિન, હર્મન જેકોબી, બર્નાર્ડ શૉ વગેરેએ જગતમાં જડતત્ત્વ ઉપરાંત ચેતનતત્ત્વની હયાતી સ્વીકારી છે.

આમ આત્મા એક સ્વતંત્ર દ્રવ્ય સિદ્ધ થયા પછી અને તે પણ જો શાશ્વત-સનાતન દ્રવ્ય છે તો પછી એ સવાલ થાય છે કે (૧) કોઈ જીવ ભેજાબાજ—મોટા

વિજ્ઞાની બને છે તો કોઈ કાળા અક્ષરને કૂટી મારે તેવો નિરક્ષર ભટ્ટાચાર્ય રહે છે, એવું શાથી? (૨) એક માઈક્રોસ્કોપ, દૂરબીન કે ચશ્માં વગેરે સાધનો વગર દૂર દૂર જોઈ શકે છે ત્યારે બીજો જન્મથી અંધ હોય છે અથવા જોવા માટે અનેક સાધનોની અપેક્ષા રાખે છે, એમ કેમ? (૩) એક સુખશય્યામાં મહાલતો હોય છે, બીજાને રાતદિવસ દુઃખ-રોગની હારમાળા લાગેલી હોય છે, એ શું? (૪) એક શાંત, ક્ષમાશીલ, નમ્ર, સરલ, સંતોષી અને સત્યનો પ્રેમી-આગ્રહી હોય છે, બીજો ક્રોધથી ધમધમતો, અભિમાનથી અક્કડ, આંટીઘૂંટીમાં રમનારો, ધનવૈભવની પ્રાપ્તિ માટે રાતદિવસ મથનારો અને સત્યનો અપલાપ કરનારો, એવું કેમ હોય છે? (૫) એક દીર્ઘાયુ ભોગવનાર હોય છે ત્યારે બીજો ગર્ભમાં કે જન્મતાં જ કેમ યમધામ પહોંચી જાય છે? (૬) એક તાડ જેવો ઊંચો હોય છે તો બીજો સાવ બટકો, ઠિંગુજી જેવો હોય છે. એકની કીર્તિ ચોમેર વ્યાપી જાય છે, બીજાની સર્વત્ર અપકીર્તિ થતી હોય છે. એકનો પડતો બોલ ઝિલાય છે, બીજો ઘાંટા પાડે તોય એનું સાંભળવા કોઈ તૈયાર નથી, આવો તફાવત કેમ? (૭) કોઈ ઉત્તમ કુળમાં જન્મ પામે છે, તો કોઈ હલકા કુળમાં કેમ અવતરે છે? (૮) કોઈ દીન-દુઃખિયાને તન-મન-ધનથી મદદ કરવાના વ્યસનવાળો હોય છે, તો કોઈ મહાકૃપણ એક દમડી પણ છોડવા તૈયાર નથી હોતો. એક ધનકુબેર બની જાય છે ત્યાં બીજો દરિદ્રનારાયણ રહે છે. એક લાખો કમાય છે, બીજો એ જ બજારમાં સોના સાઠ કરીને રોતો રોતો ઘેર આવે છે. શું હશે સંસારની આ વિચિત્રતાનું કારણ? એકની એક વ્યક્તિને પણ જુદે જુદે સમયે આવા વિરોધી અનુભવો થાય છે એ શાથી?

આર્યદેશના દર્શનકારો એના સમાધાનમાં કહે છે, કે જીવના પૂર્વોપાર્જિત તેવા તેવા શુભાશુભ ભાગ્યને જુદા જુદા નામથી સંબોધે છે. ન્યાયવૈશેષિક દર્શનવાળા 'અદૃષ્ટ' કહે છે. મીમાંસકો 'અપૂર્વ' કહે છે. સાંખ્યયોગ દર્શનકારો 'આશય' કહે છે. વેદાંતદર્શનમાં 'માયા, વિદ્યા, પ્રકૃતિ' શબ્દો બોલાય છે. બૌદ્ધો એને 'વાસના' કહે છે. અને પાશ્ચાત્ય ફિલસૂફો ગુડ-બેડ (Good luck-Bad luck) વગેરે શબ્દોથી ભાગ્યતત્ત્વને માન્ય રાખે છે. જૈનદર્શન એને 'કર્મ' કહે છે.

❋

# સ્વદોષદર્શન

મો સમ કૌન કુટિલ-ખલ-કામી?
જિન તનુ દિયો તાહિ બિસરાયો,
ઐસો નિમકહરામી.
ભર ભર ઉદર વિષય પ્રતિ ધાયો,
જૈસે સૂકર ગામી;
હરિજન છાંડી હરિવિમુખનકી,
નિશદિન કરત ગુલામી.
પાપી કૌન બડો હૈ મોતેં,
સબ પતિતનમેં નામી,
સૂર પતિતકી ઠૌર કહાં હૈ?
સુનિયે શ્રીપતિ સ્વામી!

**સૂરદાસ**

## દરદો અટકાવનારા ઇલાજો

શ્રી "હૃદયયોગી"

૧. પરેજી પાળતા રોગીને ઔષધથી શું કામ?
પરેજી નહીં પાળે તો ઔષધ કરે શું કામ?

૨. હેતે હરડે વાપરો, ટાળે રોગો તમામ,
સુખ-શાંતિ ઊપજે સદા, કેમ ન સુધરે કામ?

૩. બીજ બદામમાં બળ બિસ્માર, ખીર કરી જો ખાય.
બળ બુદ્ધિ વધે તેના મસ્તકરોગો જાય.

૪. ફુદીનો ફક્કડ ફાંકડો, ઊલટી જીતે મહાન,
કરમ કરચલી ગૅસનો, નાશ કરે બળવાન.

૫. શંખાવલી સાથે સાત મરી, નાકના રોગો જાય.
નક્કી ઇલાજ ચશ્માંનો માત્ર એક, નાકે પાણી પીતાં શીખ.

૬. જીરું ગોળ મેળવી, પૈસાભાર નીત ખાય.
વાયુ વેદના તાવરોગ તુર્ત વિદાય હો જાય.

૭. મધ આદુરસ મેળવી, ચાટે પરમ ચતુર;
શ્વાસ શરદી વેદના, ચોક્કસ નાસે દૂર.

૮. અનાજ મણ એકથી, લોહી તો શેર જ થાય,
ઊતરે વીર્ય સવા તોલો, બદનમાં ફેલાય.

૯. ત્રિફલાં, મોથ ને સૂંઠ લે, અને મોરપીંછ ભસ્મ,
ગરમ દૂધમાં પાય મટે હેડકી મરણતોલ,
શ્વાસ કાસ સહુ જાય.

૧૦. ગળો, ગોખરુ, આમળાં ઘી સાથે જો ખાય,
ઘડપણ આવે જ નહીં, સદા રહે જુવાન.

૧૧. દવા દેખી વાપરો રાખી પૂર્ણ વિશ્વાસ,
દર્દો દરેક દફે થશે, સુખમાં રહેશો ખાસ.

૧૨. ઓકી દાતણ જે કરે, નરણા હરડે ખાય.
દૂધે વાળુ જે કરે તે ઘર વૈદ ન જાય.

૧૩. રાતે વહેલા જે સૂઈ, વહેલા ઊઠે વીર,
બળ, બુદ્ધિ, બહુ ધન વધે, સુખમાં રહે શરીર.

૧૪. મીઠા સબ ખાતા હય, કડવા નહીં કોઈ ખાય;
નીમ પાન જો ખાવે તો સબ રોગો મટી જાય.

૧૫. માપસર જમો. ફળ, તરકારી સાત્ત્વિક ખોરાક છે, મીઠાં ફળો વીર્યવર્ધક છે. દૂધ, છાસ, ઘઉંની રોટલી આયુષ્યવર્ધક છે.

૧૬. ઉત્તમ નાસ્તો--ખજૂર, કોપરું, દૂધ, ઘઉં, સાકર, ઘી, ટામેટાં, કેળાં, આંબળાં વગેરે છે.

૧૭. ઊનું ખાઈએ ને સૂએ, તેની નાડ વૈદ્ય ન જુએ.

૧૮. શક્તિ વધવાનો કીમિયો—કસરત, પ્રાણાયામ અને સારો ખોરાક.

૧૯. કજિયાતું મૂળ હાંસી, રોગનું મૂળ ખાંસી.

૨૦. સબ રોગોં કે બીચમેં દવા બડી ઉપવાસ,
જબતક ગટર સફા નહિ, ભોજન હૈ બડી ત્રાસ.

૨૧. ખાધો સૂંઠ ને શીરો, પેટે જણ્યો હીરો.

૨૨. આરોગ્યની પરીક્ષા શું? માથું ઠંડું, પગ ગરમ, પેટ સાફ.

૨૩. લાંબું ચાલનારો, ઊંડા શ્વાસ લેવાની ટેવવાળો,
ઓછું જમનારો, નિયમસર રહેનારો, લાંબું જીવે.

૨૪. સાચું સુખ સંસારમેં દેહ નીરોગી હોય,
કરોડપતિ શું કામનો, દુઃખનો ડુંગર જોય.

૨૫. આયુષ્યવાન અને બળવાન થવા માટે દરરોજ આંબળાનો રસ પીઓ. લસણ-કાંદા રોજ ખાઓ. લસણ ખાનારને ક્ષય (ટી.બી.) થતો નથી. લસણમાં દૈવી ગુણો ઘણા છે.

★

## સુખિયા મિલા ન કોઈ

મૈં સારી દુનિયા ઢૂંઢ ફિરા, સુખિયા મિલા ન કોઈ
જિસકે આગે મૈં ગયા, (વો) પહેલેસે પડે રોય;
મૈંને કહા મેરા એક દુઃખ, ઉસને કહા એકવીસ
મૈં મેરા એક સહ ન શકા, કહાં રખું દૂજા બીસ.

એક પ્રશ્નોત્તર

# ઈશ્વરી તત્ત્વનો અનુભવ

શ્રી "મધ્યબિંદુ"

**પ્રશ્ન :** ઈશ્વરનું તત્ત્વ ગૂઢ અને દુર્ગમ કેમ ગણાય છે?

**ઉત્તર :** ઈશ્વરનું તત્ત્વ ગૂઢ બિલકુલ નથી. આખા વિશ્વમાં સૌથી સરળ અને સુગમ તત્ત્વ હોય તો તે ઈશ્વરી તત્ત્વ છે, પરંતુ જેમનાં જીવન કપટી છે, જેમનામાં કુટિલતા છે, ભેદભાવ છે, વિષમતા છે, રાગદ્વેષ છે, તેમને જ પોતાના એવા કુટિલ સ્વભાવને લીધે જ ઈશ્વરી તત્ત્વ ગૂઢ, જટિલ અથવા દુર્ગમ બને છે. પવિત્ર અને સરળ સ્વભાવવાળાઓ માટે ઈશ્વરનું તત્ત્વ સહજપ્રાપ્ત છે. કપટી અને કુટિલ સ્વભાવવાળાઓ માટે તેમના એવા સ્વભાવને લીધે જ ઈશ્વરનું તત્ત્વ ગૂઢ અને દુર્ગમ છે.

માણસ જેમ જેમ સરળ અને નિષ્કપટ બનતો જાય છે અને સર્વ પ્રાણીઓમાં પોતાને જ ગણી તેમની સાથે સત્યથી, ભક્તિભાવથી, આત્મભાવથી વર્તતો થાય છે અને સત્યથી વર્તતાં સુખ-દુઃખ જે કંઈ આવી પડે તેમાં સમતાથી રહે છે, જગતમાં પોતાને પ્રાપ્ત થતી દરેક પરિસ્થિતિ અથવા સંજોગને ઈશ્વરે પોતાને જાગ્રત કરવા માટે કરેલી યોજના તરીકે સ્વીકારે છે, તે મનુષ્યને ક્રમે ક્રમે આખા વિશ્વના તંત્રમાં પ્રવર્તી રહેલ સત્ય અને ઋતના નિયમોનું યથાર્થ દર્શન થાય છે. સત્ય અને ઋતના નિયમોનું વાસ્તવદર્શન એ જ ઈશ્વરના સાકાર સ્વરૂપનું દર્શન છે. સત્યનું આચરણ કરનાર સત્યશીલ મનુષ્યને તે સ્વાભાવિક રીતે જ— સરળતાથી જ પ્રાપ્ત થાય છે. જે મનુષ્ય સત્યશીલ, સરળ, સમદર્શી અને સર્વત્ર આત્મતુલ્ય પ્રેમ કરનાર ન હોય તે મનુષ્ય ગમે તેટલું જ્ઞાન મેળવે, ગમે તેટલી કહેવાતી ભક્તિ કરે અથવા ગમે તેટલું કર્મ-પ્રયત્ન કરે પણ તેને ઈશ્વરના વાસ્તવિક સ્વરૂપનો અનુભવ થતો નથી.


## જ્યાં શ્રમ ત્યાં ધન, કામ કરો રોજી મેળવો

જેટલી 'જનતા ઉદ્યોગ'માંથી ખરીદી કરશો,
તેટલી મધ્યમ વર્ગની બહેનોને વધુ રોજી મળશે.

**ક્યાંથી ખરીદશો ?**

| | | |
|---|---|---|
| ખાખરા | સમોસા | મોહનથાળ |
| પાપડ | કચોરી | બરફી |
| થેપલાં | ખમણ | કોપરાપાક |
| વડાં | ઢોકળાં | શીખંડ |
| | કાજુચેવડો | |

**જનતા ઉદ્યોગ**
૧૦, માનવ મંદિર રોડ,
મલબાર હિલ, મુંબઈ-૬.

# માનવમંદિર : વિચારક્રાંતિનું નૂતન શિખર

**સંસ્થાપક : પં. શ્રી દેવેન્દ્રવિજય 'જય ભગવાન'**

**સ્થાપના**

વીસમી સદીમાં કૂદકે ને ભૂસકે આગળ વધી રહેલી યાંત્રિક સંસ્કૃતિના જુવાળમાં પ્રકૃતિના પરમ સર્જન જેવો માનવી ઉપેક્ષિત બન્યો છે. આવી પરિસ્થિતિમાં માનવીમાત્રનાં ઉત્કર્ષ અને કલ્યાણની વ્યાપક ભાવનાથી નવા યુગને પ્રેરક એવી અપૂર્વ વિચારસરણીથી ૧૯૫૬માં માનવ મંદિરની સ્થાપના કીર્તનાચાર્ય લેકસંત શ્રી દેવેન્દ્રવિજયે (જય ભગવાને) મુંબઈમાં કરી. મલબાર હિલ પરના એના ભવનમાં આજે માનવકલ્યાણને લક્ષ્યમાં લઈને વિવિધ પ્રવૃત્તિઓ ચાલી રહી છે.

આ જ વિચારતંતુની એક વિકાસરેખા અમદાવાદ સુધી ખેંચાઈ અને સન ૧૯૬૨માં અમદાવાદમાં માનવ મંદિરની સ્થાપના થઈ.

સંનિષ્ઠ રાષ્ટ્રસંત અને સેવક પૂ. શ્રી રવિશંકર મહારાજે માનવ મંદિરના ભવનનું ખાતમુહૂર્ત કર્યું હતું એ એક આનંદદાયી અને સૂચક ઘટના છે. ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાં થલતેજ જતા માર્ગમાં માનવ મંદિરનું વિશાળ ભવન તૈયાર થઈ ગયું. ૧૯૬૫ના ફેબ્રુઆરી – માર્ચ માસમાં માનવ મંદિરની જમીન પર અને એના ભવનમાં પંચમહાયજ્ઞના સાંસ્કૃતિક અને માનવસેવાના સાપ્તાહિક કાર્યક્રમથી પ્રવૃત્તિનો શુભ આરંભ થયો. એ સમયે શ્રીમદ્ ભાગવત–પ્રવચન અને અષ્ટોતરશતપારાયણ દ્વારા પાવનકારી વાતાવરણ સર્જાયું. પ્રજામાં ધર્મભાવનાને આથી ખૂબ જ પોષણ મળ્યું. લાખો માણસોએ એ કથાનું નિયમિત શ્રવણ કરી આત્મતૃપ્તિ અનુભવી. ઉપરાંત સમૂહયજ્ઞોપવીતથી આપણી પુરાણપરંપરાને નૂતન સામાજિક અને આર્થિક માળખાના સંદર્ભમાં પુરસ્કૃત કરવામાં આવી. આ રીતે આધ્યાત્મિક પૃષ્ઠભૂમિકા પર સમાજને એકત્ર કરવાનો પ્રશસ્ય પ્રયત્ન થયો. દંતયજ્ઞ અને નેત્રયજ્ઞ યોજીને બન્ને પ્રકારના વ્યાધિથી પીડાતા દર્દીઓને શસ્ત્રક્રિયા દ્વારા સારવાર અપાઈ તેમ જ ચશ્માં વગેરે અપાયાં હતાં.

આ પંચમહાયજ્ઞની પ્રવૃત્તિએ માનવ મંદિરના પાયામાં રહેલી માનવકલ્યાણની ભાવનાને યત્કિંચિત્ પ્રકટ કરી અને એ આદર્શ સુમનોની સુવાસ જોતજોતામાં ચોમેર પ્રસરી ગઈ. ગુજરાત રાજ્યના તે સમયના માનનીય ગૃહપ્રધાન શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈએ આ સમારોહનું ઉદ્‌ઘાટન કર્યું હતું. તેની વિદ્વતસભાપ્રસંગે ગુજરાત રાજ્યના આરોગ્યપ્રધાન માનનીય શ્રી મોહનભાઈ વ્યાસે હાજર રહી પોતાના પ્રવચનનો લાભ આપ્યો હતો. ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ રાજ્યપાલ શ્રી મહેંદીનાવાઝજંગે આ સમારોહના પૂર્ણાહુતિસમારંભમાં હાજરી આપી માનવમંદિરના આ પુનિત કાર્યને પોતાની શુભેચ્છાઓ પ્રકટ કરી નવાજ્યું હતું.

માનવ મંદિરની આ ઉચ્ચ ભાવનાના પુષ્પની એક વધુ સુવાસિત પાંખડી ઊઘડી તે જ એની વિજ્ઞાન કૉલેજ. આમ માનવ મંદિર સક્રિય પ્રવૃત્તિની દિશામાં એક આશાસ્પદ કદમ આગળ ભરે છે.

માનવ મંદિરની ભાવના અને એના સાકાર સ્વરૂપનો પ્રથમ ખ્યાલ પંડિત શ્રી દેવેન્દ્રવિજયજીએ આપ્યો હતો. આજના પરિવર્તન પામી રહેલા વૈજ્ઞાનિક યુગમાં માનવસેવા દ્વારા પ્રભુસેવાની ભાવનાને પ્રજાની આધ્યાત્મિક સંસ્કારિતાના સંવર્ધનથી અને લોકકલ્યાણને લક્ષમાં રાખી મૂર્તિમંત કરવાની વિચારક્રાન્તિનું સ્તુત્ય નક્કર પગલું તે જ માનવ મંદિર.

આવી સંસ્થાના સંસ્કારવડલાનું બીજારોપણ કરનાર પંડિત દેવેન્દ્રવિજયજીનો પરિચય યથાસ્થાને ગણાશે. તેઓશ્રીને મધુર કંઠ અને હરિકીર્તનનો વારસો એમના પિતાજી કીર્તનાચાર્ય શ્રી વિજયશંકર મહારાજ પાસેથી મળેલો. આમ ધર્મસંસ્કાર એમને ગળથૂથીમાંથી જ મળેલા છે. વળી શાસ્ત્રીય સંગીતવાદન અને ગાનના ખ્યાતનામ કલાકાર તરીકે એમણે ભારતભરમાં પ્રીતિ મેળવેલી જ છે, પરંતુ ઉપરોક્ત વિચારે એમણે દુનિયાનો પ્રવાસ આરંભ્યો અને ભારતીય સંગીતથી લોકોને મુગ્ધ કરી માનવહૈયાંની એકતા સાધી. બાર વર્ષ સુધી દુનિયાના એકવીસ દેશોનો સંસ્કારપ્રવાસ ખેડી એમણે માનવ મંદિરની પરમોચ્ચ કલ્પનાને સાકાર કરી.

સંગીત અને સંકીર્તન દ્વારા એમણે ભારતીય સંસ્કાર અને સંસ્કૃતિનો દેશવિદેશમાં પ્રચાર કર્યો. માનવ મંદિરની મુંબઈમાં સ્થાપના કર્યા પછી એમણે ભારતભરમાં કલ્યાણયાત્રાનો આરંભ કર્યો. પ્રજામાંથી પ્રમાદ, શૈથિલ્ય, અંધશ્રદ્ધા, વ્યસનો વગેરેની નાબૂદી એમણે સંકીર્તન દ્વારા કરી. ભારતના ગામડાની અક્ષરજ્ઞાન વિનાની પ્રજાને વર્તમાનપત્રો કે પ્રવચનો જેટલી અસર પહોંચાડી શકયાં નથી એટલી અસર પંડિત દેવેન્દ્રવિજયજીએ પોતાના શ્રુતિમધુર સંકીર્તન દ્વારા પહોંચાડી અને એમનામાં વહેતા ધાર્મિક સંસ્કારોને પ્રબળ બનાવ્યા. આ રીતે એમણે માનવ-સેવાની પુનિત યાત્રા પ્રારંભી.

**માનવ મંદિરના ઉદ્દેશો :**

૧ શિક્ષણનો ફેલાવો કરવો અને ઉત્તેજન આપવું.
૨ સંગીતવાદન, નૃત્ય તેમ જ અન્ય લલિત કલાઓને ઉત્તેજન આપવું.
૩ વૈદ્યકીય તથા તબીબી રાહત આપવી
૪ યોગ્ય ગરીબ વિદ્યાર્થીઓ માટે રહેવાની, ભણવાની, પુસ્તકોની વગેરે વ્યવસ્થા કરવી

**આશીર્વાદ માટે......**

**આટલું તો જરૂર કરો!**

* 'આશીર્વાદ'ના ગ્રાહક બની ચારિત્ર્ય, નીતિ, માનવતા અને રાષ્ટ્રીયતાના ઘડતરમાં તમારો સહયોગ આપો.

* 'આશીર્વાદ'ના ગ્રાહક બનવા બીજાને પ્રેરણા આપો.

* 'આશીર્વાદ'ના સેવાભાવી પ્રતિનિધિ બની ભારતીય સંસ્કૃતિના પ્રચારમાં તમારો ફાળો આપો.

* યાદ રાખો 'આશીર્વાદ' એટલે શ્રદ્ધા, ભક્તિ, અને સત્સંગનો ત્રિવેણી સંગમ.

# મહામૂલાં મોતી

ન ઘર છોડો ન દર છોડો
(ઔર) કર્મ કરતે રહો જિંદગાનીમેં;
રહો સંસારમેં યૂં જૈસે (કિ)
કમલ રહતા હૈ પાનીમેં.

*

ફિકર ન કર મુસાફીર
મઝધાર હો યા કિનારે;
ચલતી હૈ નૈયા સબકી
ભગવાન કે સહારે.

*

જિંદગી દી હૈ ખુદાને
હમકો કરને બંદગી;
બિન બંદગી, યહ જિંદગી
હોગી બડી શરમિંદગી.

*

રામનામ કી લૂંટ હૈ
લૂંટ શકે તો લૂંટ;
પીછેસે પસ્તાયેગા
(જબ) પ્રાન જાયેગા છૂટ.

*

જીવન જગમેં જીવન પાકર
જીવન કયોં નિર્જીવન હો;
જીવનહીન હુઆ હૈ જીવન
સો નાથ આપ સજીવન હો.

—"જય ભગવાન"

# માનવતા

**શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રી**

[શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજીના માનવતાવિષયક પ્રવચન ઉપરથી]

ગુણવૃદ્ધિ, ગુણશુદ્ધિ, ગુણબુદ્ધિ ત્રણનો સંગમ એટલે માનવતા. ગુણવૃદ્ધિ, ગુણશુદ્ધિ ને ગુણબુદ્ધિની આકૃતિ એ ઈશ્વરની પ્રતિમા છે. ત્રણનો વ્યવહાર એ ઈશ્વરનો વ્યવહાર, ત્રણની પ્રતિષ્ઠા એ પરમધામ, ત્રણનો પરિચય એ જીવનનો સંચય, ત્રણમાં નિષ્ઠા એ સર્વકાર્યની પ્રતિષ્ઠા. ગુણવૃદ્ધિ પ્રથમ, ગુણશુદ્ધિ દ્વિતીય ને ગુણબુદ્ધિ તૃતીય. વિશ્વરચના ગુણદોષની વિષમતાથી બને વિષમતાને જન્મવાનો મોહ નહોતો. વસ્તુને જોઈને શોખ થયો. માનવતા સંહારથી અટકાવનારી શક્તિ છે, તે ઉપસંહાર કરે પણ સંહાર ન કરે. વ્યક્તિ અને વસ્તુ બન્ને વિષમતાથી બનેલાં છે. ગુલાબના પુષ્પની પાછળ છે—એક કાંટા ને બીજું કોમળતા. વસ્તુમાં બે ધર્મો સાથે વસ્યા છે, વ્યક્તિમાં પણ બે ધર્મો સાથે વસ્યા છે. જે તપસ્વી છે એને બારણે ઉગ્રતા છે. ઐશ્વર્યને બારણે અતડાપણું છે. ઐશ્વર્યને કોઈ ઓળખે તે ગમતું નથી—અભિમાન હોત તો સારું પણ અતડાપણું છે તે ન સારું. બે દોષોએ દુનિયાને હેરાન કરી—અતડાપણાએ અને અડિયલપણાએ. ઐશ્વર્ય આવ્યું ત્યાં સૌંદર્ય, સત્તા, શક્તિ, સામર્થ્ય આવ્યાં, પણ સાથે પ્રમાદ આવ્યો. અતડાપણું ને અડિયલપણું આ બધાં તત્ત્વો અતડાં બનીને એકલવાયાં થયાં ને પછી આત્માભિમાની થયાં ને સ્વયં નિરુપયોગી બન્યાં. અડિયલપણું આવ્યું ત્યારે સમાજનું પરિવર્તન કરવાની ઇચ્છા થઈ. અવગુણો વિનાની ઓછી પણ 'ગુણોની કેળવણી, મેળવણી ને જાળવણી' આ ત્રણ કરનારી ચાળણી હોય તો તે કેવળ 'માનવતા'.

વધુ અવગુણોમાંથી મુક્ત થવાની કોશિશ—સતત ઉપાસના એ વિષમ દૃષ્ટિનું અવલોકન નથી પણ આત્મદૃષ્ટિનું અવલોકન છે. પ્રથમ પગથિયે ગુણવૃદ્ધિ, બીજે પગથિએ એક એક ગુણમાં જે એક એક અવગુણ હોય તેની ઓળખાણ કરે. જેટલા અંશમાં જે ગુણ કેળવાયો તેટલા અંશમાં તે ગુણપાન કરે. ત્યારે તેને આત્મજ્ઞાન ખૂબ જ નાનું લાગે. માનવતાના ખોળામાં આત્મજ્ઞાન ખેલવા માટે સતત આવે એટલે માનવતા માતા છે ને આત્મજ્ઞાન વત્સ છે. પણ એ માનવતા ત્યાગના પાયા ઉપર ઊભી છે. ઇમારતનો પાયો જેટલો દૃઢ તેટલી ઇમારત મજબૂત. ઇમારત નાની કરવી પણ પાયો ખૂબ મજબૂત કરવો. હૃદય કોમળ ન બને તો કોઈને માટે ઉપયોગી થતું નથી. ઉદય હૃદયથી થાય છે. બુદ્ધિ ઉપર યોગ ને શાસ્ત્ર પ્રયોગ કરીને થાકયાં, પણ એના પરિણામે બુદ્ધિ ઉદાર ન બની અને સરળ ન બની. ઉદારતા ને સરલતા વિનાનું બુદ્ધિને બધું જ આવડયું. ઉદારતા અને સરળતા તો ઈશ્વરની અનુકમ્પાથી મળ્યાં. ખેર, માનવ નહીં માને તો સમય જ માનવને ઉદાર બનાવશે.

શાસ્ત્રે નિસાસો નાખ્યો, શાસ્ત્રે જગતને સંસ્કૃત બનાવવા કોશિશ કરી પણ બુદ્ધિ ઉપર વિજય ન મેળવ્યો. માનવતાએ જીવવાની શરૂઆત કરી. તુલસીએ માનવતા બતાવી. આમ્રવૃક્ષે ફળ આપ્યું. દરેકે દરેક વૃક્ષે ફળ આપ્યું. કોઈમાં ઉમેરણ, કોઈમાં સુધારણ, કોઈમાં સંમિશ્રણ. સંશોધન સંવર્ધન સહકાર સંસ્કારણ માગતું ને મેળવતું ને પછી તે ઉપયોગમાં જતું. પણ જેને ફળ ન હતું, સ્વયં ફળ હતું તે એક જ તુલસીદલ, જેણે સમર્પણનું ભાન કરાવ્યું અને માનવતાને પ્રોત્સાહન આપ્યું.

તે તુલસીપત્ર સ્વયં જન્મ્યું. એને ચરણ પાસે, ઘ્રાણેન્દ્રિય પાસે, નજર સામે, કરકમલે કે મુખે બધે જ જવાની છૂટ. એને તો જ્યારે માનવનો વિલય થાય ત્યારે પણ જવાની છૂટ, માનવ સાથે નનામીમાં પણ જવાની છૂટ. ચિતા, ભસ્મ અને ઉત્તરક્રિયાઓ ચાલે ત્યારે પણ તેને ત્યાં જવાનું. તેના વિના તે અધૂરી રહે. સમર્પણની સામગ્રીમાં પણ તેની જ જરૂર. સામગ્રીમાં તેને ન પધરાવાય તો તે સામગ્રીને ઈશ્વર ન અપનાવે.

માનવતા એ તો તુલસી છે. ખૂબ નાની પણ હૈયાસૂની નહિ. ઓછી સુગંધ પણ ખૂબ જ સતેજ. ઘેરાવો (કદ) ઓછો પણ સુગંધ સભર. રત્નોભરી ભેટ લાવી ચરણમાં મૂકે પણ તુલસીદલ ન મૂકે તો ભગવાન કોઈ ભેટને ન ભેટે. તુલસીના એક જ સહારે પૃથ્વીના જે દેશમાં જવું હશે ત્યાં જવાશે. એ જ માનવતા. તુલસી વિના ક્રિયા વંધ્યા છે. લોખંડ મહાશક્તિ છે ને પુષ્પો ભક્તિ છે. પણ એ બધાંને વાસ્તવિક રીતે વાપરવાની જે વૃત્તિ તે તુલસીજી. તે

જ અનાસક્તિ છે. માનવતા એટલે સર્વથા અનાસક્તિ, માનવતા એટલે સર્વથા સતત ભક્તિ. માનવતાના શ્વાસને વિરામ ખપે નહિ, ને તેની નજરમાંથી આંસુ સુકાય નહિ. વળી એની આંખમાં દુઃખ દેખાય નહિ. જ્યારે ઓળખો ત્યારે જૂની છે એમ જણાય. પરિચયે જૂની પણ પ્રેમે ને સૌંદર્યે નવી. પરિચયે જૂની, સ્વરૂપે સદ્યોજાત (તરતની જન્મેલી).

માનવતા એટલે નભાવી લેવાની ટેવ. ચલાવી લેવું એ ચાલાકી છે. એની આંખમાંથી કોઈ દિવસ દુશ્મનની મૂર્તિ નહીં મળે. આંખ પ્રતિબિંબ છે ને દિલ બિંબ છે. દિલમાં રહેલા ધર્મોને જોવાને માટે તો આંખ છે. દિલના ધર્મોની સ્પષ્ટતાનું ભાન કેવળ આંખમાંથી થાય છે. આંખમાં થાક ન લાગે ને જે આંખ શાપ ન આપે તે માનવતા. દાનવતા થાય ત્યારે પાપ અને શાપ બેઉ આવે. તપ ભેગું કરે તો શાપ આપે. જ્ઞાન ભેગું કરે તો શાપ આપે. માનવતાને કોઈને અન્યાય કરતાં ડર લાગે. મેળવે બધું પણ ભોગવે કશું નહિ. ત્યાગના મૂળમાંથી શરૂ થયેલી ને ગુણાનુરાગના શિખર ઉપર પહોંચેલી એક માનવતાની શિખામણ એ કે તે શિખામણ કોઈને ન આપે પણ શિખામણ સહુ કોઈની સાંભળે. દયા માનવતાની વિદ્યાપીઠ. જ્યાં બેસે ત્યાંથી સદ્‌ગુણ લઈને ઊભી થાય ને સુગંધ મૂકીને ચાલી જાય એ માનવતા. એની સુવાસમાંથી શાંતિ જડે ને શ્વાસમાંથી સમાનતા મળે. પળવાર એ બેસે તોપણ યુગયુગનું ફળ આપે. પળવાર પણ મળે તોપણ એ કદી ઓળખાણને ન વીસરે. ઈશ્વરની સમસ્ત કલાની સામગ્રીના શિખરનો કલશ એ માનવતા છે. એને ત્યાં એક ધ્વજ છે. એ ધ્વજ ઉપર બે મંત્રો લખ્યાં છે: સુલેહ કરજે પણ કલહ કરીશ નહીં. કલહ ન ખપે ને સુલેહ શોધે, માનવ સિવાય કશેથી ન મળે એ માનવતા. માનવતા માટી સાથે સરખાવાય છે. એ સર્વંસહા છે. અનેક કર્તવ્યનું પાલન કરતાં કાળજાની કોરને કર્તવ્ય કોરી નાંખે તો કોરાવા દે પણ કાળજું કોરું ન રહેવા દે. કાળજું ભીનું ને સતત કોમળ રહેવા દે તે માનવતા.

માનવતાનો સંદેશો પણ માનવતાને લેતાં આવડે છે. તેનો કોઈ વ્યવહાર વિનય વિનાનો નથી ને વ્યવહારમાં ને વહીવટમાં અભિનય નથી ને અનુનય વિનાનું વર્તન નથી તે માનવતા.

માનવતા અભિનય નથી પરંતુ વિનય છે.

માનવતા રંગભૂમિ ઉપર નથી ઊભી રહેતી પણ રણભૂમિ ઉપર ઊભી રહે છે. 'રંગભૂમિએ જતાં વાર લાગે છે; કારણ સાજ સજવાના છે, પણ રણભૂમિએ જતાં વાર નથી લાગતી. રંગભૂમિ પોતાનું મુખ જુએ છે ને રણભૂમિ દુઃખિયાનું મુખ જુએ છે—પોતે સામાને કેટલા ઉપયોગી છે. એકના કે અનેકના ખપખપ્પરમાં ખપી જવું એ ખાનદાની છે. રણભૂમિની માનવતા ખૂબી જુએ છે પણ ખુદાની, દુશ્મનની નહિ. કદી જુએ છે તો પોતાની માનવતા એટલે નિશાળે જતી વિદ્યાર્થિની. ઉપયોગમાં આવતાં રૂપ લેતાં જેને કદી કદરૂપાપણું ન લાગે એ માનવતા. જે દિ કોઈના પણ ઉપયોગમાં ન આવે તે દિ દરિદ્ર લાગે. આ સતત યજ્ઞ છે. બધાં જ રૂપ લે પણ મૂળ રૂપમાંથી ન ખસે એટલે મૂળ રૂપ તે કૌમાર્ય ને તારુણ્ય. કૌમાર્ય એટલે કોઈ નોય સંગ નહિ, દુઃસંગ નહિ. એના જીવનમાં દુર્ગંધ નહિ ને નશો નજરમાં કદી નહિ. કૌમાર્ય ખૂટે તો વાર્ધક્ય થાય. તારુણ્ય એટલે જ્યારે માંગો ત્યારે કામ આપવા માટે તત્પર. તારુણ્યને ટકાવનારી તાકાતનું નામ કૌમાર્ય. કૌમાર્ય એટલે જેનાં બધાં જ પત્ર, પાત્ર, પદાર્થમાં બેસે તોપણ અનાસક્તિ. તે કોઈ પણ વસ્તુનો ઉપભોગ નહીં કરે. ત્યાગથી કૌમાર્ય મળ્યું. સહિષ્ણુતાની વેદી ઉપર માનવતાના મહેલની રચના શરૂ થઈને ત્યાગના પાયા ઉપર, પણ સમાનતાના શિખર ઉપર, ત્યાગમાંથી જન્મી સહિષ્ણુતામાં આવીને એ વિકસી ને સમાનતામાં આવી એ વિચરી. અધ્યયન અર્થ માટે નથી પણ ત્યાગ માટે છે. એ જ માનવતા. સહુકોઈની માનવતા ખબર લે પણ એની કોઈ પણ ખબર ન લે તોયે નાખુશ ના રહે એ માનવતા. ક્રિયાનો અંત જે ઉદ્દેશથી શરૂ થયો હોય તેનાથી વધુ ફળ આવે પણ ત્યાગને ગળણે ગાળ્યો હોય તો. વિના તિતિક્ષાએ કોઈ દીક્ષા નથી.

સમાનતા સિવાયની દીક્ષા નથી. જગતમાં કોઈની પાસેથી કોઈ પણ વસ્તુ લેવાની જેના જીવનમાં ઇચ્છા નથી ને લાયકાત ને લાગણી તપાસવા માટે કોઈ પણ વ્યક્તિ પરીક્ષા લેવા આવે તેને પાસ-

નાપાસનો ઉમંગ કે શોક નહીં. કારણ કે તે ત્યાગમાંથી આરંભી છે. ત્યાગના મૂળમાંથી જે જિંદગી આરંભાય છે તેને આઘાત, આગ્રહ, આશા નથી. સભ્ય તરીકે ઊભા રહેવા છતાં સત્યતા, સમાનતા ન છોડે. જેને કોઈને આધીન થવાનું નથી પણ જેણે સદાય આધીન રહેવાનું છે તેને આગ્રહ શો ? પરાધીનતા એટલે પરિણામ-પ્રતિષ્ઠા સાથે, પ્રશંસા સાથે મતલબ. પદાર્થ સાથે મતલબ છે તેને પરાધીનતા છે. નિયમ–પરાધીનતા સાચી સ્વતંત્રતા છે. નિયંતાની પરાધીનતા સાચી સ્વતંત્રતા છે. ક્રિયા ઉપયોગી ભલે ન થાય તો પણ કોઈને નુકસાન કરનારી ન થાય. અને આ જેની શાન છે તે માનવતાનું નિશાન છે અને આ જ ક્રિયા એ સાચો યજ્ઞ છે.

ત્યાગના મૂળમાંથી સર્જાયેલી માનવતા સંધ્યાકાળે પ્રકાશે છે. જગતના સંધ્યાકાળમાં ઘૃતદીપક તરીકે માનવતા ઊભી રહે છે. એનો પ્રકાશ કોઈને આંજતો નથી ને કોઈને તેજ દેતો નથી, પણ તેજ મેળવે છે. એનું નામ માનવતા. ફળ મળવાનો અવસર આવે ત્યાંથી સરી જતી સરિતા છે. તે નિર્જનમાં વહે છે. દુર્જન માટે ઘટે છે તો સુજન માટે સહે છે એમાં નવાઈ શી ? સહુના ખપમાં આવવા માટે સર્વ સ્વાંગ સજ્યા પણ રૂપ એટલે કૌમાર્ય ને તારુણ્ય ન ત્યજ્યું.

ત્યાગ છતાં કઠોર નથી. ત્યાગ તિરસ્કારપૂર્વક નથી પણ સંસ્કારપૂર્વક છે. માનવતા સમાનદષ્ટિથી જુએ છે; જ્યારે પદાર્થ વહેંચવાનો આવે ત્યારે પક્ષપાત ન કરે. માનવતાની કાયાને પક્ષપાતનો પક્ષાઘાત નથી. તે સમાનતાની ને દીનતાની પાંખોથી સદા ઊડનારી ને સ્નેહ-સમાધાન રૂપી બે પાંખોથી જોનારી ને ક્રિયા ચલાવનારી ઈશ્વરની આકૃતિ છે, એ જીવનભર કૃતિ કરનારી છે અને કૃતિમાં વિકૃતિ ન આવે તે જોનારી છે. અભિનય વાણીમાં રહે છે ને અનુનય હૃદયમાં રહે છે. માનવતામાં અભિનય માલૂમ પડતો નથી. મીઠું એટલે માનવતા. હૃદયનું ખાતું અંદર રાખવા માટે છે, કાઢી નાખવા માટે નથી એક માનવતા હૃદયના ખાનામાં રહેલી છે. આવા મનુષ્યના હૃદયના ખાનામાં જ્ઞાન છલોછલ હોય છે. પ્રેમ ગંભીર રૂપે ભરેલો હોય છે. છતાં તે વાણીમાં છલકાતો નથી પણ ક્રિયામાં છલકાયા વિના રહેતો નથી. વણઉત્તરે મળે છે તે પ્રેમ છે. માનવતાને કદી ખોટું નથી લાગતું. પ્રેમમાં કદી તુલનામાં જવું નહિ. માનવતા–પ્રેમ અતુલિત છે. માનવતા એટલે કોઈના પર વજન નથી, પણ એના વિના કોઈ વસ્તુની વજૂદ નથી. માનવતા સેવાના સલિલથી સિંચાય છે. અભિનય મળે નહીં અને અનુનય ખૂટે નહીં તે માનવતા. માનવતા મીઠું, કુમારી, માતા, માટી તુલસીના જેવી છે. માનવતા વિશ્વંભરા ઋતંભરા છે. વાણી એ વિશ્વંભરા અને રહેણી તે ઋતંભરા છે, વિશ્વને ભરનારી તે વિશ્વંભરા અને ઋતંભરા પણ તે સીતા ને રામ, રાધા ને કૃષ્ણ. અનુનય એટલે સૌને પ્રસન્ન કરવાની રીત. આદર વિનાની કોઈ ક્રિયા નથી. પ્રજ્ઞા ઋતંભરા છે. જો પ્રજ્ઞા ઋતંભરા હશે તો જ વિશ્વંભરા થશે.

**સંગ્રાહિકા : શ્રી ઉષા ભૂખણવાળા, બી. એ.**

**परदुःखं समाकर्ण्य स्वभावादधमो नरः ।**
**दुःखिते प्रतिघातार्थं सहसाभ्युपतिष्ठति ॥**

બીજાનું દુઃખ સાંભળીને અધમ સ્વભાવવાળો માણસ તે દુઃખીને વિશેષ આઘાત પહોંચાડવાની તક જોઈને જલદી તેની પાસે પહોંચી જાય છે.

**परदुःखं समाकर्ण्य स्वभावसरलो जनः ।**
**उपकारासमर्थत्वात् प्राप्नोति हृदये व्यथाम् ॥**

બીજાનું દુઃખ સાંભળીને સરલ સ્વભાવવાળો સજ્જન પોતે તેના પ્રત્યે કંઈ ઉપકાર કરવા અસમર્થ હોય તો હૃદયમાં ખૂબ વ્યથિત થાય છે.

# સંતતિનિયમન

શ્રી મંગળદાસ જે. ગોરધનદાસ

ઉત્તમ સંતતિ પ્રાપ્ત કરવાના નિયમોના શાસ્ત્રને "સંતતિશાસ્ત્ર" અથવા "પ્રજનનવિદ્યા" કહેવામાં આવે છે. અંગ્રેજી ભાષામાં તે શબ્દનો અર્થ "યુજેનિકસ" છે. સંતતિનો વિસ્તાર અટકાવવા માટે જે રીત વાપરવામાં આવે છે તેને "સંતતિનિયમન" કહેવામાં આવે છે. બ્રહ્મચર્યથી પણ સંતતિનિયમન થઈ શકે છે. મહાત્મા ગાંધી "સંતતિનિયમન" માટે બ્રહ્મચર્યની તરફેણ કરે છે. બ્રહ્મચર્યમાં ઇન્દ્રિયનો નિગ્રહ આવશ્યક છે. ઇન્દ્રિયના નિગ્રહ વિના માત્ર સાધનો દ્વારા સંતતિ થતી કે વધતી અટકાવવી તેને આપણે "સંતતિનિયમન" ગણીશું. આ પ્રકારનું સંતતિનિયમન આપણા દેશને આવશ્યક અને આવકારદાયક છે કે નહિ? ભારત સરકારે, લોકસેવકોએ અને નેતાઓએ "સંતતિનિયમન"ને આવશ્યક ગણ્યું છે. છતાં પણ લોકો "સંતતિનિયમન"નો વિરોધ કરે છે, અને ભીખ માંગીને બાળકોનું પોષણ કરવાનું કબૂલ કરે છે, પોતે જન્માવેલાં બાળકોને ભૂખે મરવા દેવાની પરિસ્થિતિથી ચિંતા વહોરી લેવાને કબૂલ થાય છે, પરંતુ "સંતતિનિયમન" તરફ વિરોધ દર્શાવે છે. ધાર્મિક પ્રવચનો દ્વારા "સંતતિનિયમન" ધર્મની કે નીતિની કે શાસ્ત્રોની ઉપેક્ષા નથી કરતું એવું કોઈ પ્રવચનકાર, શાસ્ત્રી, કે પંડિત કહેતા નથી. ધાર્મિક પ્રવચનો દ્વારા જો સંતતિનિયમનનો પ્રચાર થાય તો તે વધુ અસરકારક નીવડવાનો સંભવ છે.

જે વસ્તુનો નિષેધ અશક્ય કે અવ્યવહારુ હોવા સંભવ હોય ત્યાં નિયંત્રણ અથવા નિયમન માણસનું કર્તવ્ય બની રહે છે. આજે જ્યારે દુનિયાની વસતિ અને ખાસ કરીને ભારતની વસતિ વધી રહી છે, અને જ્યારે અન્નનું સંકટ આપણે માથે ઝઝૂમી રહ્યું છે ત્યારે સંતતિનિયમન દ્વારા ભારતની વસતિ ઉપર અંકુશ રાખવો એ સરકારની માત્ર નહિ પરંતુ ધર્મોપદેશકોની અને દરેક વ્યક્તિની પણ ફરજ છે. આજે વિશ્વની વસતિ ત્રણ અબજ અઠ્ઠાવીસ કરોડ જેટલી છે. આ જ પ્રકારે જો વસતિ વધતી રહેશે તો સને ૨૦૦૦માં તે વસતિ સાડાસાત અબજ ઉપર પહોંચશે. આપણે તો આજે પણ બીજા દેશો પાસે અન્નની ભીખ માગી રહ્યા છીએ. દરેક વર્ષે લગભગ દુષ્કાળની સ્થિતિ અનુભવતા આવ્યા છીએ. આપણે રોજ રોજ નિરનિરાળાં બહારનાં બંધનોનો સ્વીકાર કરી રહ્યા છીએ, સરકારનાં નિયંત્રણો કમને પણ વેઠીએ છીએ પણ જ્યારે વ્યક્તિગત નિયંત્રણની વાત આવે છે ત્યારે આપણે મોળા પડીએ છીએ. એટલું ખરું કે ધર્મના નિયમોનું અને કર્મકાંડના નિયમોનું ઉલ્લંઘન કરતાં આપણે ડરીને ચાલીએ છીએ. જ્યાં આપણે આત્માનું કલ્યાણ જોઈએ છીએ ત્યાં નિયમનનો કડક અમલ કરીએ છીએ, પરંતુ જે નિયંત્રણથી કે નિયમનથી આપણે આપણા કુટુંબનો, સમાજનો અને દેશનો ઉદ્ધાર થઈ શકે એમ છે, તે નિયંત્રણની આપણે ઉપેક્ષા કરીએ છીએ. આપણાં શાસ્ત્રોમાં અને ધર્મમાં નિયંત્રણને ઊંચું સ્થાન આપવામાં આવ્યું છે આપણે ઓછું ખાઈ શકીએ છીએ પણ ઓછી સંતતિ પેદા કરી શકતા નથી. પરમેશ્વરે આપણને પેદા કર્યા છે, અને જે એક સુંદર વસ્તુ આપણને બક્ષી છે તે બુદ્ધિ છે. તે બુદ્ધિનો જો આપણે ઉપયોગ નહિ કરીએ તો આપણે વ્યક્તિ તરીકે અને પ્રજા તરીકે પણ નિસ્તેજ બની જઈશું. આપણા ધર્મોપદેશકો ઘણાં નિયંત્રણો ઉપર ભાર દઈને બોલે છે અને શ્રોતાજનોને મુગ્ધ કરે છે. સંતતિનિયંત્રણ ઉપર પણ તેટલું જ વજન આપી ઉપદેશ આપશે તો તે સમાજની વધુ સેવા બજાવશે એવું મારું માનવું છે. સંતતિનિયંત્રણ પણ એક પ્રકારનું બંધન છે, અને પોતે સ્વીકારી લીધેલું બંધન અર્થાત્ વ્રત બની રહે છે. નિયમ બહારની બધી વસ્તુઓ અધાર્મિક ગણાવી જોઈએ. તેથી તો મર્યાદામાં રહીને પોતાનું કર્તવ્ય બજાવનાર સજ્જન ગણાય છે. સંતતિ બાબતમાં પણ મર્યાદા રાખવી, તેને પણ વ્રતનું પાલન સમજવું. તે આપણા અને ભારતના ભાગ્યોદયને માટે જરૂરી છે. ધર્મની બાબતમાં, નીતિની બાબતમાં કે કોઈ પણ ક્ષેત્રે આપણું લક્ષ્યબિંદુ સિદ્ધ નહિ થઈ શકે એવું કે તેની સિદ્ધિને અર્થે જે નિયમો જરૂરના હોય તેનું પાલન નહિ થઈ શકે એવું હોવું જોઈએ નહિ.

★

## શ્રી હરિ:

# શ્રી ભાગવત વિદ્યાપીઠ

શ્રીહરિનો એક મંગલ મનોરથ છે કે "ભારતીય પંચશીલ"ના પ્રચાર, પ્રસાર અને પ્રસાધન માટે એક શ્રીમદ્ ભાગવત વિદ્યાપીઠનું નિર્માણ કરવું અને એની અનેક સ્થાનોએ અનેક શાખાઓ સ્થાપવી.

આ મંગલ સંકલ્પને વંદનીય સમસ્ત આચાર્યો, સમર્થ વિદ્વાનો, પરમ ઉદાર મહામંડલેશ્વરો, પુણ્યશીલ સંતો, આદરણીય રાજપુરુષો અને ભારતીય સમાજનો, ઉદ્યોગસંચાલક પુરુષોનો આશીર્વાદ અને ટેકો છે. આ વિદ્યાપીઠમાં નીચે દર્શાવેલ કાર્યક્ષેત્રો રહેશે:

### ૧. શ્રીમદ્ ભાગવત પ્રાસાદ નિર્માણ : પ્રારંભિક ખર્ચ ૧૫ લાખ રૂપિયા

શ્રીમદ્ ભાગવતનાં દર્શન, શ્રવણ, કીર્તન, ધ્યાન વગેરે સર્વનું કલ્યાણ કરે છે, પરંતુ સમયના અભાવે સર્વ કોઈ સંપૂર્ણ શ્લોકાનાં શ્રવણ, કીર્તન, પઠન ન કરી શકે તેઓ એ આનંદથી વંચિત રહે છે.

તેમને જો ૧૮,૦૦૦ શ્લોકોનું દર્શન મળે તો તેનો આનંદ સચવાય. ઉપરાંત પ્રત્યેકને સાત્વિક ભાવના, પ્રેરણા અને ભક્તિ પણ મળે. તે આશયથી એક પ્રાસાદનું નિર્માણ કરવું યોગ્ય લાગ્યું છે. તેની રચનાની સામાન્ય રૂપરેખા નીચે પ્રમાણે છે.

એક દિવ્ય પ્રાસાદની રચના કરવી. તેમાં શ્રીમદ્ ભાગવતના બાર સ્કંધોની ભાવનાનાં બાર દ્વાર મૂકવાં. તેના ઉપર દરેક સ્કંધનું નામ મૂકવું. ઉપરાંત એક તેરમું મંગળ દ્વાર પણ મૂકવું. આ પ્રાસાદમાં ૧૮,૦૦૦ શ્લોક આરસની તકતીઓમાં કોતરાવીને મૂકવા.

### ૨. શ્રી પીયૂષતીર્થ : પ્રારંભિક ખર્ચ ૧૦ લાખ રૂપિયા

શ્રીમદ્ ભાગવત ધામની ચારે તરફ ફરતું પીયૂષ-તીર્થ જલાશયના આકારે રચવું. તેમાં સર્વ તીર્થોનું અવતરણ કરવું. તે તીર્થની ચારે તરફ ઉપનિષદો, વેદ-દર્શન, દર્શનકારો, આદ્ય આચાર્યો, ઋષિવરો, વ્યાસાદિ વક્તાઓ, શ્રોતાઓ અને પુણ્યશ્લોકોની આરસની પ્રતિમાઓ સ્થાપવી. તદુપરાંત આ તીર્થની ચારે દિશામાં શ્રી રામેશ્વર, દ્વારિકાનાથ, શ્રી જગન્નાથ અને શ્રી બદરીનાથના સ્થાપત્યની રચના કરવી.

ઉપરાંત સઘન વનરાજિથી વૃન્દાવનનું દિવ્ય સ્વરૂપ આપવું કે જેના દર્શનથી પ્રત્યેક પ્રાણી ચિત્તની શુદ્ધિ અને શાંતિ મેળવી ઈશ્વરાભિમુખ થાય.

### ૩. આદર્શ વિદ્યાલય, બાલમંદિર, સંગીત વિદ્યાલય, છાત્રાલય અને પુસ્તકાલય : પ્રારંભિક ખર્ચ ૧૫ લાખ રૂપિયા

વિદ્યાપીઠની ભાવનાનું પોષક એક આદર્શ વિદ્યાલય બનાવવું, જેમાં વિશેષ કરીને પ્રાચીન તેમ જ અર્વાચીન વિદ્યાનું અધ્યયન કરાવવું. તેમાંથી બનેલા સ્નાતકોને પંચશીલનો બોધ આપવા વિશ્વભરમાં મોકલવા. તેઓ પોતાની કૃતિથી અને વિદ્યાથી સર્વને તેનો બોધ આપે.

વિદ્યાલયને અંગે છાત્રાલય તેમ જ ભોજનાલય રાખવું, જેમાં વિદ્યાર્થીઓને વિના વેતને ભોજન અને જ્ઞાન વગેરે આપવું.

તે અંગે પુસ્તકાલય રાખવું, જેમાં વેદથી લઈ સાહિત્ય અને પુરાણ સુધીના સમગ્ર સાહિત્યનું તલસ્પર્શી સંશોધન (Research) થાય.

### ૪. ઋષિનિવાસ–સંતનિવાસ : પ્રારંભિક ખર્ચ ૨ લાખ રૂપિયા

અનેક સંતપુરુષો અતિથિરૂપે વિચરતા પધારે તેમના નિવાસ માટે એક 'ઋષિનિકેતન' રચવું. તેમાં પધારતા સંતજનો પોતાનાં અનુભવ, તપ, જ્ઞાન, શીલનો સર્વને લાભ આપે.

### ૫. પુણ્યનિકેતન–અતિથિનિવાસ : પ્રારંભિક ખર્ચ ૫ લાખ રૂપયા

કોઈ પણ વ્યક્તિ થોડો સમય શાંતિ મેળવવા, પ્રેરણા મેળવવા, સ્વાધ્યાય કરવા ચાહે અને ત્યાં આવી વસે. તેમના નિવાસ માટે એક પુણ્યનિકેતન

રચવું, જ્યાં વસીને જીવનનું મંગળ ભાથું મેળવી શકે.

૬. આરોગ્યનિકેતન :

**પ્રારંભિક ખર્ચ ૫ લાખ રૂપિયા**

નિસર્ગઉપચારો અને ઔષધોથી પ્રાણીમાત્રને આરોગ્ય આપવા માટે એક વિદ્યાલય અને આરોગ્યપ્રદ ઔષધાલય રચવું.

૭. અન્નપૂર્ણા : પ્રારંભિક ખર્ચ ૨ લાખ રૂપિયા

અનેક ક્ષુધાર્તો માટે, સંત, ઋષિ, આગન્તુકો અને વિદ્યાર્થીઓ માટે એક અન્નપૂર્ણા રચવી.

આવાં અનેક કાર્યોને સિદ્ધ કરવા માટે એક "શ્રીમદ્ ભાગવત વિદ્યાપીઠ ટ્રસ્ટ"ની રચના કરી છે. આ ટ્રસ્ટ સહૃદય દાતારો પાસેથી મેળવેલ સહાય દ્વારા ઉપરના ધ્યેયને સિદ્ધ કરવાનો પ્રયત્ન કરશે, તેના વ્યવસ્થાકાર્યનું સંચાલન કરશે.

### આવશ્યકતાઓ

સો એકરથી વધુ જમીન, લોખંડ, ઈંટો, સિમેન્ટ, રેતી, ઇમારતી લાકડું, પથ્થર, લાદી, ટાઇલ્સ, આરસ, તાર, ઍંગલ્સ, શ્રમદાન, અન્ન વગેરે.

### સહાયકોનો આદર

ઉપર દર્શાવેલી સંસ્થાઓમાંથી કોઈ પણ સંસ્થાના પ્રારંભિક ખર્ચની અડધી રકમ જે સહૃદય દાતાર આપશે તેનું નામ તે સંસ્થાને જોડાશે.

### એક લાખની ભેટ

જે સહૃદય દાતારની એક લાખ કે વધુ ભેટ હશે તેમનું નામ ભાગવતપ્રાસાદનાં બાર દ્વારમાંથી એક દ્વારને આપવામાં આવશે.

૫૧૦૦૦ એકાવન હજારની ભેટ જેમની આવશે તેમનું નામ ભાગવતપ્રાસાદના અંદરના દ્વારમાં મુકાશે.

૨૫૦૦૦ પચીસ હજારની ભેટ આવશે તેમનું નામ એક બ્લોકની સાથે જોડાશે.

૧૧૦૦૦ અગિયાર હજારની ભેટ હશે તેમનું નામ એક ખંડ સાથે જોડાશે.

૫૦૦૦ પાંચ હજારની ભેટ હશે તેમની ૧૦૦ શ્લોકની સેવા ગણાશે.

૨૫૦૦ પચીસસોની ભેટ હશે તેમની ૫૦ શ્લોકની સેવા ગણાશે.

૧૦૦૦ એક હજારની ભેટ હશે તેમની ૨૫ શ્લોકની સેવા ગણાશે.

૫૦૦ પાંચસોની ભેટ હશે તેમની ૧૦ શ્લોકની સેવા ગણાશે.

૨૫૦ અઢીસોની ભેટ હશે તેમની ૫ શ્લોકની સેવા ગણાશે.

૧૨૫ સવાસોની ભેટ હશે તેમની ૨ શ્લોકની સેવા ગણાશે.

૫૧ એકાવનની ભેટ હશે તેમની ૧ શ્લોકની સેવા ગણાશે.

૨૫ પચીસની ભેટ હશે તેમની અડધા શ્લોકની સેવા ગણાશે.

પ્રત્યેક દાતારનાં નામ તકતીમાં આવશે.

### નિવેદન

સર્વ જનતાને નમ્ર નિવેદન છે કે તે આ કાર્યને પોતાનું જ ગણશે અને એને પોતાની સેવાથી મૂર્તિમંત બનાવશે.

સંપર્ક :

**કૃષ્ણશંકર શાસ્ત્રી :** ડાકોર રોડ, **નડિયાદ**

**: પંડિત દેવેન્દ્રવિજયજી** માનવ મંદિર રોડ, **મુંબઈ–૬**

ક્ષમા, ધીરજ, ચતુરાઈ, સમદૃષ્ટિ, અહિંસા, અભય અને જ્ઞાનનો જન્મ સદાચારરૂપી માતાની કૂખેથી જ થાય છે.

# લવાજમ ભરવા માટે નીચેના સેવાભાવી પ્રતિનિધિઓનો સંપર્ક સાધો :

## સ્થાનિક પ્રતિનિધિઓ

**અમદાવાદ**

શ્રી લક્ષ્મીનારાયણ સત્સંગ મંડળ
C/o મોહનલાલ પ્રાણુલાલ મહેતા
મહાલક્ષ્મી ઘી ભંડાર
વાડીગામ, દરિયાપુર

શ્રી પુષ્પરાય અંબાલાલ ભટ્ટ
અંબાજી માતાનું મંદિર
દિલ્હી દરવાજા બહાર,
જૂના માધુપુરા

શ્રી ચીમનલાલ ધનેશ્વર મહેતા
સદ્દમાતાની પોળ, શાહપુર

શ્રી બાલગોવિન્દ છગનલાલ
ગરનાળાની પોળ, શાહપુર

શ્રી ચંદુભાઈ પરસોતમદાસ પટેલ
કીડીપાડાની પોળ, શાહપુર

શ્રી પરસોતમદાસ સી. મોદી
C/o મોદીબ્રધર્સ, દિલ્હી ચકલા

શ્રી મધુ ટી ડીપો
દિલ્હી ચકલા

શ્રી હીરાલાલ સોમનાથ પટેલ
૫૫૧, મોટી હમામ, ઘીકાંટા

શ્રી શંકરલાલ મોહનલાલ પટેલ
દૂધવાળી પોળ, ઘીકાંટા

શ્રી બળદેવદાસ મણિલાલ પટેલ
છીપાપોળ, સ્વામીનારાયણના
મંદિર પાસે, કાલુપુર

શ્રી દેવીપ્રસાદ છોટાલાલ જાની
C/o જાની એન્ડ કું.,
ટીંબાપોળ, કાળુપુર

શ્રી મફતલાલ જેસીંગભાઈ પટેલ
દૂધવાળી પોળ, ઘીકાંટા

શ્રી શ્રી શિવાનંદ એમ્પોરિયમ
જળોવાળી પોળના નાકે,
રાયપુર ચકલા

શ્રી વીરેન્દ્ર માણેકલાલ ભાવસાર
૨૨૭, પાંચહાટડીની પોળ,
રાયપુર

શ્રી ભાનુપ્રસાદ નર્મદાશંકર આચાર્ય
પિનાકિન કો. ઓ. હા. સો.,
પાલડી

શ્રી સુરેશભાઈ ચીમનલાલ પટેલ
જેઠાભાઈની પોળ, ખાડિયા

શ્રી ભોગીલાલભાઈ
C/o પુનિત સ્ટોર્સ, હવેલી પાસે
રાયપુર

શ્રી ચન્દ્રકાંતભાઈ
C/o વિભૂતિ સ્ટોર્સ
શામળાની પોળ

શ્રી જયંતીલાલ મણિલાલ રાવળ
સદ્દમાતાની પોળ, સાંકડી શેરી,
માણેકચોક

શ્રી શાન્તિલાલ ત્રિવેદી
સ્વસ્તિક ટાઈલ્સ, ગાંધી રોડ

શ્રી મુકુન્દલાલ પૂંજાલાલ શાહ
સોનીનો ખાંચો, ધનાસુતારની
પોળના નાકે, રીલીફ રોડ

શ્રી જે. ટી. ત્રિવેદી
આરબ મંજિલ, ઝકરિયા મસ્જિદ
પાસે, રીલીફરોડ

શ્રી ગોપાળ ભજન મંડળ
ટોકરશાની પોળ, જમાલપુર

શ્રી ભાલચંદ્ર દશરથલાલ બારોટ
૩૦૨, હરિપુરા, જૂના અસારવા

શ્રી રમણલાલ શકરાભાઈ પટેલ
પગીવાસ, જૂના અસારવા

શ્રી રમેશચંદ્ર અંબાલાલ પટેલ
૮૨૦, વેણીદાસનો મહોલ્લો
જૂના અસારવા

શ્રી મદનમોહન પોપટલાલ
હરિપુર, અસારવા

શ્રી નરેશચંદ્ર રામચંદ્ર ત્રિવેદી
ગુજરાત હાઉસિંગ કોલોની
બ્લોક ૩૯, ન્યુમેન્ટલ પાસે

શ્રી શ્યામશંકર પંડ્યા
સારંગપુર, દોલતખાના

શ્રી જીવણલાલ મદનગોપાળ દામાણી
૧૦૬, બાલકુંજનો ખાંચા
પોલીસ ચોકી સામે, મણિનગર

શ્રી રમણલાલ દયાશંકર જાની
દક્ષિણી કોલોની, મણિનગર

શ્રી કેશવલાલ ભોગીલાલ પટેલ
નાની સાળવીવાડ, સરસપુર

શ્રી દરબાર નવલસિંહ ગોબરસિંહ
લીંબોદરાવાળા
શાન્તિલાલ હીરાલાલ ઝવેરીની
ચાલી, ધનુષધારી માતાજીના
મંદિર પાસે, સૈજપુર બોઘા

શ્રી લોકમાન્ય એન્જિનિયરિંગ વર્કસ
ભરતખંડ કોટન મિલ
નરોડા રોડ

શ્રી ગોવિંદલાલ ભોગીલાલ
છીંકણીવાળા
છીંકણીવાળા એસ્ટેટ, ગોમતીપુર

શ્રી હરિવદન ભટ્ટ
રાઈ શેરી, ખોખરા મહેમદાવાદ

શ્રી પૂનમચંદ જેઠાલાલ પટેલ
ગોકુળનગર, ઉસ્માનપુરા, આશ્રમ
રોડ,

શ્રી પુરુસોત્તમદાસ પી. વ્યાસ
શ્રીનગર સોસાયટી, સ્ટેડિયમ સામે
નવરંગપુરા

શ્રી રસિકલાલ ભટ્ટ
સીટી સિવિલ કોર્ટ, ભદ્ર

શ્રી શિવાભાઈ ગોકળભાઈ પટેલ
જૂના પીપળાહોલ, માણેકચોક

શ્રી મુકુન્દરાય જે. જાની
સાબરમતી પાવર હાઉસ,
સાબરમતી

## બહારગામના પ્રતિનિધિઓ

**આણંદ**

શ્રી બિપિનચંદ્ર ભટ્ટ
વ્યાસ ફળિયા

**કપડવંજ**

શેઠ બાબુલાલ દલસુખરામ
બજારમાં

**કઠલાલ**
ડૉકટર ગણપતલાલ
**ખેડબ્રહ્મા**
શ્રી ભાઈશંકર ત્રિવેદી
માતાજીનું મંદિર
**જંબુસર**
શ્રી જયંતીભાઈ
હસીખુશી સ્ટોર્સ
**ડભોઈ**
શ્રી વીપીનચન્દ્ર ગોવિંદલાલ
વસાઈવાળા જીન
**ધનસુરા**
શ્રી વાડીભાઈ શાહ
**નડિયાદ**
શ્રી રજનીકાન્ત ચોકસી
સિંદુશીપોળ
શ્રી ચન્દ્રવદન મણિલાલ ઠાકર
કંસારા બજાર
શ્રી પ્રાણલાલ માણેકલાલ શાહ
લલ્લુ જોષીની પોળ
**નવસારી**
શ્રી ધનજીભાઈ કાલિદાસ ચોકસી
મોટા બજાર, પોલીસચોકી સામે
**પાટણ**
શ્રી જયંતીલાલ વિશ્વામિત્ર વૈદ્ય
ખેજડાનો વાડો, ગીમટો
**મહેમદાવાદ**
શ્રી નટવરલાલ વાડીલાલ શાહ
દેસાઈની પોળ
**ભુજ**
શ્રી મોતીલાલ ગોપાળજી
દવાની દુકાન
શ્રી જમનાદાસ વ્હોરા
કચ્છમિત્ર
**ભરૂચ**
શેઠ શ્રી કંચનલાલ કાનસુપડા
નવા દહેરા પાસે

**રાજકોટ**
શ્રી રમણલાલ મફતલાલ શાહ
ભરતકુમાર એન્ડ કું.
પરા બજાર
**વટવા**
શ્રી વિઠ્ઠલભાઈ સોમાભાઈ પટેલ
**વડોદરા**
શ્રી ધર્મિષ્ઠલાલ ચુનીલાલ વ્યાસ
સુલતાનપુરા
શ્રી દ્વારકાદાસ નવનીતલાલ ઝવેરી
ઝવેરી બીલ્ડિંગ, સુલતાનપુરા
શ્રી ઈશ્વરલાલ જીવણલાલ
જીવણ વસ્તુ ભંડાર, કેમ્પ
**વલસાડ**
શાહપુરજી માંજરા
તીથલ રોડ
**સુરત**
શ્રી મોહનલાલ મગનલાલ જરીવાલા
ઘીયા શેરી, મહીધરપુરા
શ્રી મનુભાઈ જી. યાજ્ઞિક
ડાંગીશેરી, દિલ્હીગેટ
શ્રી પોથાભાઈ રાશીવાલા
શ્રીકૃપા, ખેતરપાળની શેરી,
ગોપીપુરા
શ્રી નિરંજનલાલ શેઠ
c/o નિરંજન મિલ્સ
શ્રી ધનસુખલાલ નગીનદાસ
મોટી શેરી, ગલેમંડી
શ્રી રણછોડદાસ બરફીવાળા
બરાનપુરી ભાગોળ
શ્રી સનમુખરામ મંછારામ પોઠલા
બેગમપુરા, ખાંગડ શેરી
**મરોલીગામ**
શ્રી શાન્તિલાલ આર. પટેલ
આમરીવાલા કુંભારફળિયું

**માલપુર-સાબરકાંઠા**
શ્રી ભાલચંદ્ર ગૌરીશંકર પંડ્યા
શ્રી કૃષ્ણ ઓઈલ મિલ, માલપુર
**હિંમતનગર**
શ્રી સોમનાથભાઈ વકીલ
**સિદ્ધપુર**
શ્રી કાશીશંકર પ્રાણશંકર શુકલ
ઉત્તરગુજરાત રૈ. ભા. પ્રાસ.
ભંડી બજાર
**હાલોલ (પંચમહાલ)**
શ્રી વિઠ્ઠલદાસ બેચરદાસ પટેલ
પટેલ રેડિયો ઇલેકટ્રિકલ્સ
તળાવરોડ
**મુંબઈ-પ્રતિનિધિ**
શ્રી વસનજી ભવાનજીની કું.
૨૧૬, કાલબાદેવી રોડ
શ્રી મોહનલાલ મગનલાલ
ડૉ. વિદ્યા સ્ટ્રીટ, કાલબાદેવી
શ્રી કુંવરજી રણસી
જવાહર મેડિકલ સ્ટોર્સ
મસ્જિદબંદર રોડ,
શ્રી સોમનાથ મોતીરામ વ્યાસ
કાજી સૈયદ સ્ટ્રીટ, પ્રેમજીવન
મસ્જિદબંદર રોડ
ડૉ. ત્રિભોવનદાસ નાળિયેરવાળા
કુંભારટુકડા-ભૂલેશ્વર
શ્રી કાન્તિલાલ શાહ
પાર્લનગર, સ્ટેશન સામે
બોરીવલી
શ્રી ધારસીભાઈ રામદાસ
જોષી લેન, ઘાટકોપર
શ્રી પુરુષોત્તમ ખેરાજ
મુલુન્દ
શ્રી મીઠુભાઈ શાહ
સહસ્રકિરણ સ્ટોર્સ
રાનડે રોડ, દાદર
શ્રી ત્રિભોવનદાસ નેમચંદ
બજારગેટ સ્ટ્રીટ, ફોર્ટ

આશીર્વાદ પ્રકાશન વતી પ્રકાશક : શ્રી દેવેન્દ્રવિજય વિજયશંકર દવે, રાયપુર, ભાઉની પોળની બારી પાસે, અમદાવાદ.
મુંબઈ કાર્યાલય : માનવમંદિર, માનવમંદિર રોડ, મલબારહિલ, મુંબઈ-૬.
મુદ્રક : શ્રી જગદીશચંદ્ર અંબાલાલ પટેલ, એન. એમ. પ્રિન્ટિંગ પ્રેસ, દરિયાપુર ડબગરવાડ, અમદાવાદ.

મહાગુજરાતનું અગ્રગણ્ય
સંસ્કારપૂર્ણ સામાયિક.

"આશીર્વાદ" ને

અમારા અંતરની શુભેચ્છા પાઠવીએ છીએ.

**સોમનાથ મોતીરામ વ્યાસ જે. પી.**
મેવાવાળા
"પ્રેમજીવન" કાજી સૈયદ સ્ટ્રીટ,
મુંબઈ.

